વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૫૦મું
ડિસેમ્બર : ૨૦૨૫
અંક : ૫૭૧
મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૪૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માળખાગત કૌશલ્ય વિકાસ
ટેકનોલોજીકલ નવીનતા સાથે
આત્મનિર્ભરતા તરફ આગળ વધતાં
નવા વર્ષના સ્વાગતની તૈયારી કરીએ



મેરી ક્રીસમસ

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- ૧૫૦૦થી વધુ શાખા અને ૬૦થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે ૩.૨ મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- ૨૫૦૦થી વધુ જીપીએસયુક્ત વાહનો
- ૨ મિલિયન ટન અને ૯૦ મિલિયન આર્ટિકલ્સ
- ૪૦૦૦થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- એક લાખથી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

તંત્રી લેખ

# સામાજિક સંસ્થાઓની કાર્યશૈલી

અશોક મહેતા

ભારતભરમાં સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી અનેક સંસ્થાઓ રહેવા પામેલ છે કે જે વિવિધ પ્રકારે રચાયેલી હોય છે. મુખ્યત્વે આ સંસ્થાઓના નીચે મુજબ ભાગ પાડી શકાય :

- ★ કોઈ પણ પ્રકારના જ્ઞાતિના ભેદભાવ વગર રચાયેલી સામાજિક સંસ્થાઓ.
- ★ જ્ઞાતિના ધોરણે રચાયેલી સામાજિક સંસ્થાઓ.
- ★ સોસાયટી કે મહોલ્લા કે વિસ્તારના થોડા ભાગ સ્વરૂપે રચાયેલી સામાજિક સંસ્થાઓ.

આજે આપણે જ્ઞાતિના ધોરણે રચાયેલી સામાજિક સંસ્થાઓની ચર્ચા કરીશું.

અમદાવાદ, કચ્છ, ગુજરાત કે ભારતભરમાં આજે લાખોની સંખ્યામાં જ્ઞાતિના ધોરણે કામ કરતી સંસ્થાઓ સામાજિક કાર્યો કરતી આવે છે અને આ દરેક સંસ્થા પોતાની જ્ઞાતિના પરિવારો વચ્ચે એક રાગ જાળવી બધા પરિવારને એક તાંતણે બાંધી રાખે છે. જ્ઞાતિના દરેક પરિવારને વિવિધ સ્વરૂપે સહકાર અને મદદ કરતી રહે છે. જ્ઞાતિના પરિવારના દરેક સભ્યને એકરૂપ બનાવી રાખે છે. માત્ર અમદાવાદમાં જ આ પ્રકારની અંદાજિત ૫૦૦૦ જેટલી સંસ્થાઓ કાર્યરત રહેતી હોવાનો અંદાજ છે. ભારતભરની ગણનાએ આ પ્રકારની સંસ્થાઓ લાખોની સંખ્યામાં કાર્યરત રહેવા પામેલ હશે.

જ્ઞાતિના ધોરણે કામ કરતી ઉપરોક્ત લાખોની સંખ્યાની સંસ્થાની કામગીરીમાં જેને અજોડ અને બેનમૂન કહી શકાય તેવી સંસ્થાઓ પ્રમાણમાં જૂજ જ રહેવા પામેલ હશે. આ પ્રકારની અજોડ અને બેનમૂન સંસ્થાની આપણે વાત કરીએ તો આપણે ગર્વ સાથે કહી શકીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આ પ્રકારમાંની એક સંસ્થા છે કે જેના કાર્યની નોંધ અવારનવાર અનેક સ્થળે લેવાય છે અને ભવિષ્યમાં લેવાતી પણ રહેશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કે જેના અમદાવાદ - ગાંધીનગરના પરિવારોની સંખ્યા અંદાજિત ૧૨૦૦ની રહેવા પામેલ છે, તે પોતાના પરિવારો માટે તો વિવિધ સ્વરૂપે કાર્યરત રહેવા પામેલ છે પરંતુ સાથે સાથે તે કોઈ પણ પ્રકારના જ્ઞાતિના ભેદભાવ વગર અમદાવાદ, ગુજરાત કે ભારતભરના પરિવારો માટે સામાજિક કાર્યો કરતી આવે છે અને દરેક પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવા પ્રયાસ કરતી રહે છે. અમદાવાદના કોઈ પણ નાગરિકને પોતાના કાર્યક્ષેત્ર દ્વારા મદદરૂપ થવા તે હંમેશાં કાર્યરત રહે છે.

આ સંસ્થાના કાર્યક્ષેત્રોની નીચે પ્રમાણે નોંધ લઈ શકાય.

૧. અમદાવાદમાં ૪ સ્થળે ખૂબ જ કિફાયતી દરે ચાલતા મેડિકલ સેન્ટર.

૨. અમદાવાદમાં ૩ સ્થળે ખૂબ જ કિફાયતી દરે ચાલતા ડાયાલિસિસ સેન્ટર.

૩. અમદાવાદમાં ૩ સ્થળે ચાલતા અતિથિ ભવન.

૪. વિના મૂલ્યે ચાલતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર.

૫. વિના મૂલ્યે ચાલતા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર.

૬. સાંસ્કૃતિક કેન્દ્ર કે જ્યાંના હોલમાં કોઈ પણ વ્યક્તિ પોતાના પ્રોગ્રામ યોજી શકે.

૭. ફિઝીયોથેરાપી સેન્ટર કે જેનો લાભ કોઈ પણ વ્યક્તિ લઈ શકે.

૮. કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ કે જે અમદાવાદમાં એક અજોડ સેન્ટર છે.

૯. અમદાવાદમાં બે સ્થળે કોઈ પણ વ્યક્તિ માટે કિફાયતી દરે ચાલતી ભોજનશાળા અથવા કેન્ટીન.

૧૦. અમદાવાદમાં બહેરામપુરા વિસ્તારમાં આવાસ યોજના કાર્યરત કરેલ છે.

૧૧. કચ્છમાં નર્મદા નદીના ખેતીના પાણી શક્ય ત્વરાએ પહોંચે તેવા પ્રયત્નો આ સંસ્થાએ કરેલ છે.

૧૨. બાયોડીઝલ માટે કચ્છમાં જેટ્રોફાની ખેતી થાય તેવા કચ્છના બધા જ ૧૦ તાલુકામાં પ્રયાસ કરેલ છે.

૧૩. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં વધુ પ્રમાણમાં ઉદ્યોગો આવે તે માટે અમદાવાદ, ગાંધીધામ અને મુંબઈમાં સેમિનાર યોજેલ છે.

૧૪. અંદાજિત છેલ્લા ૫૦ વર્ષથી સંસ્થાનું માસિક મુખપત્ર "મંગલ મંદિર" પ્રકાશિત કરવામાં આવે છે કે જેના દ્વારા સામાન્ય જનતાનું જ્ઞાન વધે તેવા પ્રયાસ કરવામાં આવે છે.

૧૫. બ્લડ ડોનેશન, અંગદાન વગેરે પ્રકારના કાર્યોમાં પણ આ સંસ્થા વર્ષભર કાર્યરત રહેવા પામેલ છે.

૧૬. પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પર અદ્યતન પુસ્તકોથી સજ્જ લાઈબ્રેરી ચલાવે છે.

ઉપરોક્ત કાર્યોના અમલીકરણ તેની વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. સંસ્થાની કારોબારી સમિતિના નેજા હેઠળ અંદાજિત ૨૫ સમિતિઓ અને ટ્રસ્ટ મંડળના નેજા હેઠળ અંદાજિત ૫ સમિતિઓ વર્ષભર પોતાના કાર્યક્ષેત્રમાં ગળાડૂબ રહે છે અને પોતાની સમિતિને સોંપવામાં આવેલ કાર્યો સકારાત્મક રીતે પાર પડે તેવા પ્રયત્નો કરતી રહે છે.

ઉપરોક્ત દરેક સમિતિમાં લગભગ ૫ ની આજુબાજુના સભ્યો કાર્યરત રહેતા હોવાથી અંદાજિત ૧૦૦ની આસપાસની સંખ્યાના કાર્યકરો દ્વારા આ સંસ્થા બારે બાર મહિના કાર્યરત રહેવા પામે છે અને ભારતના લોકોનું જીવનધોરણ સુધારવા પોતાનાથી બનતા અથાગ પ્રયાસો કરે છે.

આપણે ઈચ્છીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો દાખલો લઈ અમદાવાદની અન્ય સંસ્થાઓ પણ આ પ્રકારના કાર્યો હાથમાં લે તો તે સમગ્ર પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયાસ સમાન ઉચ્ચ પ્રકારની કામગીરીની ગણનામાં નોંધાઈ શકશે.

અત્રે તેની પણ એક વિશેષ નોંધ લઈએ કે જે સંસ્થા ઉચ્ચ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ હાથમાં લેતી આવેલ છે તેને નાણાંકીય મદદ કરનાર સમાજમાંથી જ સખી દાતાઓ પ્રાપ્ત થતા રહે છે. સમાજના સખી દાતાઓ પણ આ પ્રકારની કામગીરીમાં પોતાનો સાથ પુરાવવા હંમેશાં તત્પર રહે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાની સેવાની પાંખ હજુ પણ વધુ વિસ્તૃત સ્વરૂપે ફેલાવતી રહે તેવી શુભેચ્છા સાથે અહીં વિરમિએ....

૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય** મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## તંત્રી લેખ


- સામાજિક સંસ્થાઓની કાર્યશૈલી ........ **અશોક મહેતા** ....... ૩
- રવિવાર, તા. ૨-૧૧-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીનો અહેવાલ ........ ૭
- રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીનો અહેવાલ ........ ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : જાહેર આમંત્રણ (ધ્વજવંદન કાર્યક્રમ : સોમવાર, તા. ૨૬-૧-૨૦૨૬) ........ ૯
- સરનામા ફેરફાર, અવસાન નોંધ, સાભાર સ્વિકાર ● મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ ........ ૧૦
- સકારાત્મક અભિગમ દાખવતા વડીલની વિદાય ........ ૧૧
- સુખરૂપ સમાધાનથી છુટાછેડાની નોંધ લેવા બાબતે – દિનેશ લખમશી શાહ (મૈશેરી) ........ ૧૧
- સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના ........ ૧૧
- ઉડતી નજરે ........ ૧૨
- અતીતના ઓવારેથી : મણકો-૨૮ ........ ૧૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩૨ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૧૮
- શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત 'સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર' ........ ૨૦
- કાઉન્સેલિંગ અને માર્ગદર્શનના કારણે એક કંપનીમાં જનરલ મેનેજરના પદ સુધી પહોંચી શક્યો ........ ૨૦
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર સ્વપ્નોને સાકાર બનાવતી હેતલ રેવારની પ્રેરણાદાયી યાત્રા ........ ૨૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૨૨
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૨૫
- *Nano Nine* શબ્દ રમત-૨૨૫ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૭
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૮૩) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૯
- આંજો કાગર ........ ૩૦
- પ્રતિભાવ ........ ૩૨


## ભાગ-૨


- કચ્છડો લીલોછમ્મ ........ ('ગુજરાત સમાચાર'માંથી સાભાર) ..... ૩૩
- શીળો છાંયડો આપતા વડીલો સાથે વૃક્ષોની થતી ઉમદા સેવાને સલામ!.... **જગદીશચંદ્ર છાયા** ..... ૩૪
- 'પંજાબ કેસરી' તરીકે જાણીતા જૈન આચાર્યનું જન્મ સ્થળ વડોદરા છે ........ **મનીષ જોશી 'મૌન'** ..... ૩૫


## તીર્થ દર્શન



- દર્શન-૯૦ : શ્રી કામ્પિલ્યપુર તીર્થ (શ્રી વિમલનાથ ભગવાન)
  દર્શન-૯૧ : શ્રી બનારસ તીર્થ (શ્રી પાર્શ્વનાથ ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૩૬


## તંદુરસ્તી


- પિત્તાશય તથા પથરી : સવાલ અને જવાબ ........ **ડૉ. તપન શાહ** ..... ૩૭
- ફિટ – વાઈ – એપિલેપ્સી ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક** .....
- છાતીમાં દુઃખાવો : હૃદયરોગ કે ભ્રમણા ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૪૧
- તો રામ રાજ્યની કલ્પના જરૂરથી સાકાર થાત ........ **પ્રભુલાલ એમ. સંઘવી** ..... ૪૨
- યુવા પેઢીને શીખ ........ **તરુલતા નરેન્દ્ર શાહ** ..... ૪૩
- "ગામનો ઓટલો" ........ **દિનકર ખીમજી ગડા** ..... ૪૪

## જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો

લે. જીના શેઠ ❙ કિં. 750




જૂની રંગભૂમિના દરેક નાટકમાં એની કથાને અનુરૂપ પ્રેરક અથવા રમૂજી ગીતો રજૂ થતાં અને એ ગીતો નાટક જેટલું જ, ક્યારેક નાટક કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવતાં હતાં. ક્યારેક તો ગીતને કારણે જ પ્રેક્ષકો નાટક જોવા જતા!

આ પુસ્તકમાં રજૂ થયેલાં જૂની રંગભૂમિનાં કુલ 48 ગીતો એના વિરલ આસ્વાદ અને વિશિષ્ટ સંદર્ભ સાથે મૂકવાનો લેખિકાનો પ્રયત્ન પ્રશસ્ય છે. કોઈ ખાસ ભૂમિકા સાથે, આસ્વાદ સહિત ગીત માણવાનું હોય ત્યારે એમાં તરબોળ થવાનું સહજ બને. આ પુસ્તક કાવ્યરસિકો માટે તો મોંઘેરું ઘરેણું છે જ, સાથે-સાથે આપણી પ્રાચીન રંગભૂમિની વિરાસતનો વૈભવ પણ છે. ગુજરાતી સાહિત્યમાં એનું વિશેષ સ્થાન બની રહેશે.

## હૃદયરત્નો

લે. રોહિત શાહ ❙ કિં. 400




કેટલીક પ્રતિભાઓને સરકાર ‘ભારતરત્ન’થી સન્માને છે, તો કેટલીક પ્રતિભાઓને સમાજ ‘સમાજરત્ન’થી બિરદાવે છે.

આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રની 17 પ્રતિભાઓને ‘હૃદયરત્ન’થી સન્માની છે. જેમકે સ્વામી સચ્ચિદાનંદ, ડૉ. કુમારપાળ દેસાઈ, વાઘજીભાઈ વોરા (આસોપાલવ), જીવદયાપ્રેમી કુમારપાળ વી. શાહ અને કલ્પેશ વી. શાહ, એડવોકેટ રશ્મિન જાની, લીલાવતીબહેન શાહ, આ.શ્રી રાજશેખરસૂરિજી મ. વગેરે

## સંતો/આધ્યાત્મિક પ્રતિભાઓનાં જીવનચરિત્રો

**સંતચરિત્રો અને ચિંતન**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 400

**મહર્ષિ દયાનંદ સરસ્વતી**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 225

**સ્વામી ચિન્મયાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 200

**સ્વામી વિવેકાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 350

**મહાયોગી આનંદઘન**
લે. કુમારપાળ દેસાઈ
રૂ. 150

**જે. કૃષ્ણમૂર્તિ : જીવનચરિત્ર**
લે. પુપુલ જયકર, અનુ. હર્ષદ દવે
રૂ. 650

**પપાસ્વામી રામદાસ (ખંડ 1થી 4 સંયુક્ત)**
લે. રમણલાલ સોની
રૂ. 600

**રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ**
લે. સ્મિતા ભાગવત
રૂ. 130

**આદ્ય શંકરાચાર્ય**
લે. કૃપાશંકર મો. જાની
રૂ. 45

**મહર્ષિ અરવિંદ**
લે. હરેશ ધોળકિયા
રૂ. 125



### ધીરુબહેન પટેલની જન્મશતાબ્દી પ્રસંગે...

ગુજરાતી મહિલા-લેખકોમાં આદરપાત્ર અને અત્યારે એમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે, તે સાહિત્યકાર ધીરુબહેન પટેલે બાળકિશોર સાહિત્યથી લઈને નવલકથાઓ અને નાટકોના વ્યાપક સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ અને સુગંધિત કર્યું છે. એમના સાહિત્યમાં માનવીય સંબંધો તથા સંવેદનાનો વિશેષ ધબકાર છે. એમનાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો મેળવવા માટે સંપર્ક કરો :


**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## રવિવાર, તા. ૨-૧૧-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૨૫-૨૬ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ રવિવાર, તા. ૨-૧૧-૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી કે જેમાં લગભગ ૨૨ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગનું પ્રમુખ સ્થાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે સંભાળેલ હતું.

આ મીટિંગમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

**૧.** ગત તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ હતું અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

**૨.** ચર્ચા વિચારણાને અંતે વર્ષ ૨૦૨૫-૨૬ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| *પ્રથમ ઉપપ્રમુખ* | : | શ્રી શાંતિલાલ મુળજી સાવલા |
| *દ્વિતીય ઉપપ્રમુખ* | : | શ્રી હિરેન કુંવરજી શાહ |
| *માનદ્ મંત્રી* | : | શ્રી રજનીકાંત ધરમશી પારેખ |
| *સહમંત્રી* | : | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ |
| *ખજાનચી* | : | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ |
| *સહ ખજાનચી* | : | શ્રી દેવેશ દિલીપ દંડ |

**3.** વર્ષ ૨૦૨૫-૨૬ માટે નીચે મુજબના બે કો-ઓપ્ટ સભ્યો લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

(૧) શ્રી પ્રિયેશ પ્રભુલાલ સંઘવી.

(૨) શ્રી વિશાલ મહેન્દ્ર ચમનલાલ શાહ

**૪.** સંસ્થાની કારોબારી સમિતિના નેજા હેઠળ આવતી વર્ષ ૨૦૨૫-૨૬ની વિવિધ સમિતિઓના કન્વીનર અને સહ-કન્વીનરની નીચે મુજબ વરણી કરવામાં આવેલ હતી.

| | | | |
|---|---|---|---|
| **(૧) ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ** | (૧) | શ્રી હિરેન કુંવરજી શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | – સહ કન્વીનર |
| **(૨) સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સમિતિ** | (૧) | શ્રી હિરેન કુંવરજી શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | – સહ કન્વીનર |
| **(૩) આઈ.ટી. તથા વસ્તીપત્રક સમિતિ** | (૧) | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | – કન્વીનર |
| | (૨) | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | – સહ કન્વીનર |
| **(૪) સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ** | (૧) | શ્રી મનીષ આણંદજી વીરા | – કન્વીનર |
| | (૨) | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | – સહ કન્વીનર |
| **(૫) શૈક્ષણિક લોન (સહાય) સમિતિ** | (૧) | શ્રી મનીષ આણંદજી વીરા | – કન્વીનર |
| | (૨) | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | – સહ કન્વીનર |
| **(૬) યુવા વિકાસ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ** | (૧) | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી ચૈતન્ય દામજી રાંભિયા | – સહ કન્વીનર |

| | | | |
|---|---|---|---|
| (૭) ભવન સમિતિ – શાહીબાગ | (૧) | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | – સહ કન્વીનર |
| (૮) તબીબી સેવા સમિતિ - બોપલ અને ચાંગોદર | (૧) | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | – કન્વીનર |
| તથા ડાયાલિસિસ સેન્ટર સમિતિ - બોપલ | (૨) | શ્રી હિરેન કુંવરજી શાહ | – સહ કન્વીનર |
| (૯) તબીબી સેવા સમિતિ - જશોદાનગર | (૧) | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી હિરેન કુંવરજી શાહ | – સહ કન્વીનર |
| (૧૦) તબીબી સેવા સમિતિ - પાલડી તથા | (૧) | શ્રી અશ્વિન હીરજી સાવલા | – કન્વીનર |
| ડાયાલિસિસ સેન્ટર સમિતિ - ગીતા મંદિર અને શાહીબાગ | (૨) | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | – સહ કન્વીનર |
| (૧૧) ભવન સમિતિ - પાલડી અને ગીતા મંદિર | (૧) | શ્રી કે.ડી. શાહ | – કન્વીનર |
| તથા કેન્ટીન સમિતિ – પાલડી | (૨) | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | – સહ કન્વીનર |
| (૧૨) વયસ્ક સમિતિ | (૧) | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | – કન્વીનર |
| | (૨) | શ્રી દિલીપ કુંવરજી દંડ | – સહ કન્વીનર |
| (૧૩) રીનોવેશન સમિતિ | (૧) | શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી | – કન્વીનર |
| | (૨) | શ્રી હિરેન કુંવરજી શાહ | – સહ કન્વીનર |
| (૧૪) ખરીદ સમિતિ (ટેકનિકલ) | (૧) | શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી | – કન્વીનર |
| | (૨) | શ્રી હિરેન કુંવરજી શાહ | – સહ કન્વીનર |
| (૧૫) નવનીત આવાસ સમિતિ | (૧) | શ્રી જશવંત જયંતીલાલ કોઠારી | – કન્વીનર |
| | (૨) | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | – સહ કન્વીનર |
| (૧૬) વૈયાવચ્ચ તથા સાધર્મિક સહાય સમિતિ | (૧) | શ્રી જશવંત જયંતીલાલ કોઠારી | – કન્વીનર |
| | (૨) | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | – સહ કન્વીનર |
| (૧૭) સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ | (૧) | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી | – કન્વીનર |
| | (૨) | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | – સહ કન્વીનર |
| (૧૮) મહિલા ઉત્કર્ષ સમિતિ | (૧) | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રીમતી સંગીતા મનીષ વીરા | – સહ કન્વીનર |
| (૧૯) તબીબી સહાય અને બાલ કલ્યાણ સમિતિ | (૧) | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | – કન્વીનર |
| | (૨) | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી | – સહ કન્વીનર |
| (૨૦) લાઈબ્રેરી સમિતિ | (૧) | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | – કન્વીનર |
| | (૨) | શ્રીમતી અમીબેન નીતિન શાહ | – સહ કન્વીનર |
| (૨૧) મેરેજ બ્યુરો સમિતિ | (૧) | શ્રી ચેતન દામજી ધરોડ | – કન્વીનર |
| | (૨) | શ્રીમતી વીણા દિલીપ સંઘવી | – સહ કન્વીનર |
| (૨૨) દવા વિતરણ સમિતિ | (૧) | શ્રી કમલેશ મનુભાઈ શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | – સહ કન્વીનર |
| (૨૩) કચ્છ આર્ટ ગેલેરી સમિતિ | (૧) | શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ | – કન્વીનર |
| | (૨) | શ્રી હિરેન કુંવરજી શાહ | – સહ કન્વીનર |

(૨૪) અંગદાન સમિતિ (૧) શ્રી કમલેશ બાબુભાઈ શાહ – કન્વીનર
(૨) શ્રી પ્રફુલ્લ ભવાનજી શાહ – સહ કન્વીનર

(૨૫) 'મંગલ મંદિર' તંત્રી મંડળ (૧) શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા– મુખ્યતંત્રી

નોંધ : દરેક સમિતિના કન્વીનરશ્રીને તેમની સમિતિની સંપૂર્ણ રચના કરી શક્ય ત્વરાએ સંપૂર્ણ સમિતિની વિગત પાલડી ભવન પર મોકલી આપવા અપીલ કરવામાં આવેલ હતી.

**૫.** યુવા વિકાસ સમિતિની જરૂરિયાત અનુસાર તેમની આગામી પાઈલોટ ટુરના ખર્ચ સામે રૂા. ૧૦,૦૦૦/- સુધીના ખર્ચની મંજૂરી આપવામાં આવેલ હતી.

આ બાદ અન્ય કોઈ કાર્યવાહી બાકી ના રહેતા આજની સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવી હતી અને રાષ્ટ્રગીત ગાઈને સહુ છૂટા પડ્યા હતા.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૩-૧૧-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

તા. ૨૩-૧૧-૨૦૨૫ને રવિવારે કારોબારી સમિતિની એક મીટિંગ સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં હોદ્દેદારો, કારોબારી સમિતિની હેઠળની સમિતિના કન્વીનરો / સહ કન્વીનરો તેમજ સમાજના સભ્યો હાજર રહેલ હતા. આ મીટિંગમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ હતી.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### જાહેર આમંત્રણ



### સોમવાર, તા. ૨૬-૦૧-૨૦૨૬ : ધ્વજ વંદન કાર્યક્રમ

*રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિન નિમિત્તે સોમવાર, તા. ૨૬-૦૧-૨૦૨૬ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવશે.*

*સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સરનામા ફેરફાર

- **પ્રતાપ નારાણજી દંડ**
  ૬, શેઠ એપાર્ટમેન્ટ, સુવાસ કોલોની,
  રેડ ક્રોસ ઓફિસની સામે, નવરંગ સર્કલ પાસે,
  નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯
- **દીપ રસીકલાલ પ્રેમચંદ સંઘવી**
  એ-૭૦૨, રાજયશ સહજ સોલેરિયમ-૨,
  જી.બી. શાહ કોલેજની પાછળ,
  સ્વામિનારાયણ પાર્કની બાજુમાં,
  ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૬૪૪૬ ૫૧૩૧૪, ૬૩૫૫૦ ૮૬૫૨૩

## અવસાન નોંધ

- **શનિવાર, તા. ૧-૧૧-૨૦૨૫**
  **જયાલક્ષ્મીબેન દામજી વીરજી ધરોડ** (અમદાવાદના શ્રી ચેતનભાઈ ધરોડના માતુશ્રી) (મુંબઈ – પત્રી) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરૂવાર, તા. ૬-૧૧-૨૦૨૫**
  **કસ્તુરબેન માવજી લખમશી ગડા** (અમદાવાદના શ્વેતલબેન આનંદ વોરાના માતુશ્રી (કોડાય - ટુંડા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરૂવાર, તા. ૧૩-૧૧-૨૦૨૫**
  **વિમળાબેન વાડીલાલ શાહ** (ઉં.વ. ૯૬) (ગાંધીનગર - દરશડી) (ગાંધીનગરના અશોક વી. શાહના માતુશ્રી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **શનિવાર, તા. ૧૫-૧૧-૨૦૨૫**
  **લલીતભાઈ (અનિલભાઈ) સોમચંદ છેડા** (ઉં.વ. ૬૦) (અમદાવાદ - જસાપર) (ચક્ષુદાતા) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરૂવાર, તા. ૨૦-૧૧-૨૦૨૫**
  **મનહરલાલ વિશનજી મોનજી દેઢિયા** (ઉં.વ. ૭૮) (અમદાવાદ - નવાવાસ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

*વૃત્તિ શ્રેષ્ઠ હોય તો કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ થવાની.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ સમિતિ

રૂા. ૫૧,૦૦૦/- નવા ગામ જૈન મિત્ર મંડળ - પાલનપુર

રૂા. ૫૧,૦૦૦/- વલ્લભદાસ દલસુખદાસ ભાવસાર પરિવાર તરફથી
હસ્તે કલ્પનાબેન પ્રકાશચંદ્ર ભાવસાર, ધરણેન્દ્ર પ્રકાશચંદ્ર ભાવસાર, વૈશાલીબેન ધરણેન્દ્ર ભાવસાર તથા વિરપીબેન ધરણેન્દ્ર ભાવસાર - ખેડા (અમદાવાદ)

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૧,૧૦૦/- શ્રી હર્ષદકુમાર મગનલાલ પટેલ - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૧,૦૦૦/- શ્રી મહેન્દ્ર કે. શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*હીરાને પારખવા માટે અંધારાની જ જરૂર પડે છે.*
*ધોળે દિવસે તો કાચના ટુકડા પણ ચમકતા હોય છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૬-૧૦-૨૦૨૫થી તા. ૧૮-૧૧-૨૦૨૫ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | નીલ ધીરજ લાલજીભાઈ સાવલા | અમદાવાદ | ૨૮-૧૦-૨૫ |
| ૨. | સુરેશ (સૂર્યકાંત) ચંદુલાલ મહેતા | સુરત | ૦૭-૧૧-૨૫ |
| ૩. | વિજય અમરશીભાઈ વોરા | જામનગર | ૧૩-૧૧-૨૫ |
| ૪. | ભાવેશ મુકેશચંદ્ર દંડ | જામનગર | ૧૩-૧૧-૨૫ |
| ૫. | મગનભાઈ ભોજરાજભાઈ પાસડ | મુંબઈ | ૧૪-૧૧-૨૫ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ડૉ. હસમુખ વિનોદરાય દિવાન | અમદાવાદ | ૦૩-૧૧-૨૫ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ભારતી ભરત લોડાયા | અમદાવાદ | ૧૮-૧૦-૨૫ |

## સકારાત્મક અભિગમ દાખવતા વડીલની વિદાય

### ચક્ષુદાતા



**શ્રી ખીમજી દેવજી છેડા**

*અવસાન તારીખ : તા. ૨૬-૧૦-૨૦૨૫*

ખીમજીભાઇ વયે ૮૭ વર્ષના હોવા છતાં, હંમેશાં દિલથી યુવાન! જીવનમાં જે પણ પરિસ્થિતિ આવી, તેને હંમેશાં યુવાન જેવી હિંમતથી, હાસ્યથી અને સકારાત્મક વિચારથી સ્વીકારી. કોઈપણ મુશ્કેલીમાં ખુશ કેવી રીતે રહેવું એ પણ એક કળા છે એવું એ કહેતા અને અપનાવતા અને એ કળા તેમણે કુટુંબની દરેક વ્યક્તિના જીવનમાં ઉતારી દીધેલી.

તેમનો સ્વભાવ એટલો મિલનસાર અને હળવો હતો કે, બાળક સાથે બાળક જેવા, યુવાન સાથે યુવાન જેવા, વડીલો સાથે વડીલો જેવા! બાળકો- યુવાનો માટે તો એ ફક્ત દાદા જ નહીં, પણ એક મિત્ર પણ હતા.

તેમના માટે પરિવાર જ સર્વસ્વ હતો, એટલે તેઓ એ જ ઈચ્છતા કે આખો પરિવાર એકતામાં રહે – સૌ સાથે રહે, હસે-કુદે આનંદમાં રહે અને એટલે જ તો છેડા પરિવારના સભ્યોને માળાના મણકાની જેમ એમણે એક દોરીમાં બાંધી રાખ્યો. એ જ એમની સૌથી મોટી શક્તિ હતી.

કચ્છી હતા એટલે સ્વાભાવિક જ કચ્છ માટે પણ એટલો જ લગાવ. કચ્છમાં રહેતા, ત્યાં પણ સવાર સાંજ Walk પર જવાનું જેથી ડોક્ટર પાસે જવું ન પડે. ડૉક્ટર નહોતા પણ BP machine, Oximeter etc બધી વસ્તુ સાથે રાખે. જેમને જરૂર પડે એ એમની પાસે ચેક કરાવવા પહોંચી જતા અને એ બધાની દિલથી મદદ કરે પણ ખરા. બીજાને મદદ કરવી એ એમણે જીવનમાં વણી લીધેલું અને એટલે જ તો મર્યા પછી પણ બીજાને કેવી રીતે મદદ કરી શકાય? માટે જ તો **છેલ્લે એમણે કરેલું મહાદાન.............. ચક્ષુદાન.**

**કમલેશભાઈ બાબુભાઈ શાહ (સમ્રાટ)**
કન્વીનર - અંગદાન સમિતિ
મો. ૯૮૯૮૭ ૪૨૬૨૪

## સુખરૂપ સમાધાનથી છૂટાછેડાની નોંધ લેવા બાબતે

મારા સુપુત્ર ચિ. ધનંજય દિનેશભાઈ શાહ (મૈશેરી) કચ્છ ગામ મોટી સિંધોડી, હાલે અમદાવાદના લગ્ન ચિ. અંજલી શિવકુમાર કનોજિયા - લોનાવલા સાથે તા. ૧૧-૧૨-૨૦૨૨ના રોજે આદિપુર મુકામે થયેલ. ઉપરોક્ત બંને માણસોનો મનમેળ ન થતાં તા. ૧૨-૧૧-૨૦૨૫ના બંને પરિવારો સાથે બેઠક કરી સુખરૂપ સમાધાનથી છુટાછેડા થયેલા છે, જે બાબતે હું આપશ્રીને લેખિત જાણ કરું છું. આ બાબતની નોંધ 'મંગલ મંદિર'માં લેવા વિનંતી.

**દિનેશ લખમશી શાહ (મૈશેરી)**
નવનીત ભવન, બહેરામપુરા, અમદાવાદ
મો. ૯૨૨૮૩ ૫૬૨૬૬

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના

*સમાજના સભ્યોને ખાસ વિનંતી કે વર્ષ ૨૦૨૫-૨૬ માટેની બોડી ચેક-અપની સ્કીમ મુજબ જે સભ્યોને બોડી ચેક-અપ કરાવવાનું બાકી હોય તેઓને ફેબ્રુઆરી-૨૦૨૬ સુધીમાં બોડી ચેક-અપ કરાવી લેવા વિનંતી કરવામાં આવે છે. જેથી માર્ચ-૨૦૨૬ના માસમાં બોડી ચેક-અપ કરાવનારાઓની સંખ્યામાં વધારો ન થાય અને બાકી રહેલ સભ્યોને તકલીફ પડે નહીં અને અન્ય સંસ્થા / સરકારી કર્મચારીઓ પણ ઉપરોક્ત સ્કીમનો લાભ લઈ શકે.*

*સહકાર બદલ આભાર...*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ઉડતી નજરે.... માસ ઑક્ટોબર-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... **૫૧૫**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... **૫૯**<br>● બોડી ચેક-અપ .... **૧૮૩**<br>● સોનોગ્રાફી .... **૭૭૩**<br>● ટી.એમ.ટી. .... **૧૯**<br>● ઑપરેશન .... **૭**<br>● ઈકો .... **૧૫૨**<br>● અન્ય .... **૫,૫૬૪** | **૭,૨૭૨** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ....<br>*જેમાંથી –* ● પુરુષો .... **૩૪૪**<br>● સ્ત્રીઓ .... **૨૩૮**<br>● બાળકો .... **૪૬**<br>● કેન્ટીન .... **૩,૪૫૦** | **૪,૦૭૮** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ....<br>*જેમાંથી –* ● પુરુષો .... **૭૧**<br>● સ્ત્રીઓ .... **૨૭**<br>● બાળકો .... **૦૨** | **૧૦૦** |
| ૪. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .... **૨,૧૭૧**<br>● મ્યુઝિયમ .... **૧,૦૭૫**<br>● કેન્ટીન .... **૩,૪૧૦**<br>● જલારામ અન્નક્ષેત્ર .... **૩૧૫**<br>● ડિસ્પેન્સરી .... **૭૦** | **૭,૦૪૧** |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** .... | **૬૦૫** |
| ૬. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા*<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ....<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ .... **૧૮૮**<br>● સોનોગ્રાફી .... **૨૭૬**<br>● ઑપરેશન .... **૫**<br>● ફિઝિયોથેરાપી .... **૧,૩૩૭**<br>● અન્ય .... **૪,૨૨૮** | **૬,૦૩૪** |

| | | |
|---|---|---|
| ૭. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૩૨૨ |
| ૮. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ ૧૩૦<br>● સોનોગ્રાફી ........ ૪૦<br>● બોડી ચેક-અપ ........ ૧૯૬<br>● ઈકો ........ ૧<br>● અન્ય ........ ૧,૦૬૦ | ૧,૪૨૭ |
| ૯. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ ૨૭૨<br>● સોનોગ્રાફી ........ ૧૨૧<br>● ફિઝિયોથેરાપી ........ ૫૩૯<br>● બોડી ચેક-અપ ........ ૩૮<br>● 2-D ઈકો ........ ૧૬<br>● ટી.એમ.ટી. ........ ૨૧<br>● ઑપરેશન ........ ૧<br>● અન્ય ........ ૧,૧૪૪ | ૨,૧૫૨ |
| | *માસ ઓક્ટોબર – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ........ | ૨૯,૦૩૧ |

## પગે લાગવાથી ખરેખર શું થાય છે...? આજની જનરેશનનો આ બાબતે શું અભિપ્રાય છે....?

આપના આ પગે લાગવા એટલે કે પ્રણામ કરવાથી ખરેખર શું થઈ શકે, તે સવાલનો જવાબ કૃષ્ણલીલામાંથી જ મેળવીએ.

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું. એક દિવસ દુર્યોધનના કટાક્ષથી દુઃખી થઈને ભીષ્મ પિતામહ જાહેર કરે છે કે, હું કાલે પાંડવોને મારી નાંખીશ. તેની જાહેરાતની જાણ થતાં જ પાંડવોની છાવણીમાં બેચેની વધી ગઈ. દરેક યોદ્ધો ભીષ્મની ક્ષમતાઓ વિશે જાણતો હતો. તેથી દરેક યોદ્ધા ભયથી પરેશાન થઈ ગયા. પછી શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું કે, હવે મારી સાથે આવો. શ્રીકૃષ્ણ દ્રૌપદીને સીધા ભીષ્મ પિતામહની છાવણીમાં લઈ ગયા. શિબિરની બહાર ઉભા રહીને તેમણે દ્રૌપદીને કહ્યું કે, અંદર જાવ અને પિતામહને પ્રણામ કરો. જ્યારે દ્રૌપદી અંદર ગયા અને ભીષ્મ પિતામહને પ્રણામ કર્યા, ત્યારે તેમણે 'અખંડ સૌભાગ્યવતી ભવ' આશીર્વાદ દીધા.

પછી તેમણે દ્રૌપદીને પૂછ્યું કે, 'વત્સ, તમે આટલી રાત્રે અહીં એકલા કેવી રીતે આવ્યા? શ્રીકૃષ્ણ તમને અહીં લાવ્યા છે?' ત્યારે દ્રૌપદીએ કહ્યું કે, 'હા અને તેઓ રૂમની બહાર ઊભા છે.' પછી ભીષ્મ પણ રૂમની બહાર આવ્યા અને બંનેએ એકબીજાને પ્રણામ કર્યા. ભીષ્મે કહ્યું, 'મારા એક શબ્દને મારા બીજા શબ્દોથી કાપવાનું કામ (લીલા) ફક્ત શ્રીકૃષ્ણ જ કરી શકે છે.' શિબિરમાંથી પાછા ફરતી વખતે શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું કે, 'એકવાર ભીષ્મ પિતામહને પ્રણામ કરીને તમે તમારા પતિઓ માટે જીવતદાન મેળવ્યું છે.'

'જો તમે દરરોજ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય વગેરેને કાયમ પ્રણામ કરતા હોત અને દુર્યોધન - દુશાસન વગેરેની પત્નીઓ પણ પાંડવોને કાયમ પ્રણામ કરતા હોત તો કદાચ આ યુદ્ધ ન થયું હોત.

તાત્પર્ય : આજની જનરેશનને આ બાબતે અનુરોધ કરવાનો કે અત્યારે આપણા ઘરોમાં ગણી બધી સમસ્યાઓનું મૂળ કારણ એ છે કે – 'જાણી જોઈને કે અજાણતા જ ઘરના વડીલોની ઉપેક્ષા કરવામાં આવે છે. જો ઘરના બાળકો અને પુત્રવધૂઓ દરરોજ ઘરના તમામ વડીલોને નમન કરે અને તેમના આશીર્વાદ લે તો કોઈ પણ ઘરમાં ક્યારેય કોઈ મુશ્કેલી ન આવી શકે.' વડીલોએ આપેલા આશીર્વાદ વેક્સિન – બખ્તરની જેમ કાર્ય કરે છે. કોઈ વાઈરસ હથિયાર તેમને ભેદી શકતું નથી.

★ પ્રણામ પ્રેમ છે. ★ પ્રણામ એ શિસ્ત છે. ★ પ્રણામ શીતળતા છે. ★ પ્રણામ આદર શીખવે છે. ★ સારા વિચારો પ્રણામથી આવે છે. ★ પ્રણામ નમવું શીખવે છે. ★ પ્રણામ ક્રોધ દૂર કરે છે. ★ પ્રણામ આંસુ ધોઈ નાંખે છે. ★ પ્રણામ અહંકારનો નાશ કરે છે.

***પ્રેષક : અમરીષ સંઘવી***

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૮

*(૧) 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૨૫ના અંકની 'અતીતના ઓવારેથી...' કોલમના મણકા નં.-૨૬માં આપણે 'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ'ની તા. ૪-૮-૧૯૬૮ની સામાન્ય સભાથી તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભાની મિનિટ્સ પર નજર ફેરવી લીધી.*

*તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભા સવિશેષ એટલા માટે રહી કે આ સભામાં સંસ્થાનું નામ 'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ'થી બદલીને 'શ્રી કચ્છી જૈન સમાજ' રાખવામાં આવ્યું. આ સભામાં વીસા ઓસવાળ મહાનુભાવોએ વિશાળ દૃષ્ટિ અપનાવી, કચ્છના દરેક જ્ઞાતિના જૈન ભાઈઓને પોતાની સંસ્થામાં સમાવી લેવાનું નક્કી કર્યું.*

*ત્યારબાદ શ્રી કચ્છી જૈન સમાજની પ્રથમ સામાન્ય સભા કે જે તા. ૨૦-૧૨-૧૯૭૦ના રોજ યોજવામાં આવેલ અને દ્વિતીય સામાન્ય સભા કે જે તા. ૫-૧૨-૧૯૭૧ના રોજ યોજવામાં આવેલ, તેની વિગતોથી પણ વાકેફ થયા.*

*(૨) 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૫ના અંકની અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૨૭માં આપણે શ્રી કચ્છી જૈન સમાજની તા. ૨૪-૧૨-૧૯૭૨ની સામાન્ય સભાથી તા. ૧૮-૨-૧૯૭૯ની સામાન્ય સભા એટલે કે ૭ સામાન્ય સભાની મિનિટ્સનું અવલોકન કરી ગયા.*

*(૩) હવે આ અંકમાં એટલે કે 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૨૫ના અંકની અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૨૮માં આપણે આપણા ભૂતકાળની નીચેની વિગતોનું સ્મરણ કરીશું.*

*(A) 'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૧૯૭૮ (સળંગ અંક ૨૬)ના સમાજ દર્પણ વિભાગની માહિતી.*

*(B) 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૧૯૭૮ (સળંગ અંક ૨૮)ના સમાજ દર્પણ વિભાગની માહિતી.*

*(C) 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૧૯૭૮ (સળંગ અંક ૩૦)ના સમાજ દર્પણ વિભાગની માહિતી.*

*(D) 'મંગલ મંદિર'ના માર્ચ-૧૯૭૯ (સળંગ અંક ૩૩)ના સમાજ દર્પણ વિભાગની માહિતી.*

## (A) 'મંગલ મંદિર' ઓગસ્ટ-૧૯૭૮, અંક નં.-૨૬નો 'સમાજ દર્પણ' વિભાગ

### શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદના ઉપક્રમે 'ધૂપસળી' નાટક રવિવાર, તા. ૧૬-૭-૧૯૭૮ના રોજ શેઠ મંગળદાસ ટાઉન હોલમાં ભરચક પ્રેક્ષકગણ વચ્ચે આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ભજવાઈ ગયું. જેના પ્રમુખ સ્થાનેથી પ્રેરક લાક્ષણિક શૈલીમાં બોલતા શ્રી સોમચંદભાઈ ખીંયશી છેડાએ સમાજને ભવિષ્યમાં કોઈ મોટી યોજના માટે જોઈતાં નાણામાં ફાળો આપવાની પોતાની સહર્ષ તૈયારી બતાવી હતી અને સમાજ આગળ આવે એવી ભાવના સેવી હતી. ***પ્રારંભમાં સમાજના મંત્રી શ્રી પ્રભુલાલભાઈ કે. સંઘવીએ પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષનો પરિચય વિધિ કર્યા બાદ સૌનું ફૂલહારથી સ્વાગત કર્યું.*** સમાજનાં પ્રમુખશ્રી માવજીભાઈ ધારશીભાઈ ફુરિયાએ સમાજની પ્રવૃત્તિઓનો આછો ખ્યાલ આપી, તેના વિકાસ માટે સમાજની દરેક વ્યક્તિનાં સહકારની આવશ્યક્તા સમજાવી હતી. અતિથિ વિશેષ શ્રી નરેન્દ્રભાઈ ચ. શાહે તથા શ્રી પ્રેમજીભાઈ શાહે પોતાને અતિથિવિશેષ પદ આપી જે માન સમાજે આપ્યું તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. ***અને અંતમાં સહમંત્રી શ્રી ચંદ્રકાંત દેઢિયાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી અશોકભાઈ મહેતાએ સારી જહેમત ઉઠાવી હતી.***

★

શ્રી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિનાં અમદાવાદનાં પરિવારોનું એક મિનિ વસ્તીપત્રક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ભાઈઓને હજી સુધી ન મળ્યું હોય તેમણે પ્રમીલાબહેન કુરૂવા, પ્રગતિનગર એમ/૩-૧૫ અમદાવાદનો સંપર્ક કરવો.

## (B) 'મંગલ મંદિર' ઓક્ટોબર-૧૯૭૮, અંક નં.-૨૮નો 'સમાજ દર્પણ' વિભાગ

### શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ સમારંભ

રવિવાર, તા. ૧૭-૯-૧૯૭૮નાં રોજ શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદનો વાર્ષિકોત્સવ તથા 'મિચ્છામિ દુક્કડમમ્નો અને તપસ્વીઓનું બહુમાન કરવાનો એક સમારંભ સમાજનાં પ્રમુખ શ્રી માવજીભાઈ ધારશીભાઈ ફુરિયાના પ્રમુખપણા હેઠળ શ્રી સ્વામિનારાયણ ઓડિટોરિયમ - મણિનગરમાં ઉજવવામાં આવ્યો હતો. જેમાં સમાંજના સભ્યોએ સપરિવાર ખૂબ જ મોટી સંખ્યામાં ઉલ્લાસથી ભાગ લીધો હતો. સમાજનાં પ્રમુખ શ્રી માવજીભાઈ તથા માજી પ્રમુખ શ્રી બાબુભાઈ વીરમે પ્રારંભમાં સર્વે સભ્યોને ક્ષમાપનાં કરાવતાં બધા સભ્યોએ એકબીજાને 'મિચ્છામિ દુક્કડમ્' કહી ક્ષમાપના કરી હતી. બાદ પ્રો. માયાએ તેમની માયાજાળના જાદુના પ્રયોગો કરી બતાવ્યા હતા.

મંત્રી શ્રી પ્રભુલાલ સંઘવીએ સમાજનો સત્કાર કરતાં સમાજની આ વર્ષની પ્રવૃત્તિનો પરિચય આપી અને સભ્યોનાં સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને હંમેશ આવો જ સહકાર આપવા વિનંતી કરી હતી. ***વિશિષ્ટ વિદ્યાર્થી તરીકે અતુલકુમાર પી. ધરોડને સમાજ તરફથી પ્રમુખ શ્રી માવજીભાઈનાં વરદ્ હસ્તે રૌપ્યચંદ્રક એનાયત કરવામાં આવ્યો.*** તેજસ્વી વિદ્યાર્થીઓને નાની સૂટકેસ ભેટ આપવામાં આવી તેમજ અન્ય દરેક બાળ મંદિરથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના આકર્ષક ઇનામો આપવામાં આવ્યા બાદ અમદાવાદમાં વસતા કચ્છી જૈન સમાજની ટેલીફોન ડિરેક્ટરી પોકેટબુકનું ઉદ્‌ઘાટન કરતાં પ્રમુખ શ્રી માવજીભાઈએ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. ટેલીફોન પોકેટબુક ખિસ્સામાં સમાઈ શકે એવી નાની આકર્ષક પ્લાસ્ટીકનાં કવરમાં છે. આ ડિરેક્ટરી વિના મૂલ્યે સમાજનાં કાર્યાલય – સવાણી ટ્રાન્સપોર્ટમાંથી મળી શકશે. 'મંગલ મંદિર'ના તંત્રી શ્રીમતી પ્રમીલા કુરૂવાએ સભ્યોને મંગલ મંદિર માટે લખાણો અને સમાચાર મોકલવા જણાવતા બહેનોને અને યુવકોને તથા બાળકોને પોતપોતાના વિભાગ માટે પોતાની કલમ અજમાવી લેખો મોકલવા અનુરોધ કર્યો હતો.

તપસ્વી ભાઈ-બહેનોનું બહુમાન કરતાં શ્રી મુળજીભાઈ નરશી લોડાયા તરફથી સ્ટીલનાં મોટા કટોરાની લ્હાણી વહેંચવામાં આવી હતી. સમારંભના અંતે દરેકને પ્લાસ્ટીકના પેકેટમાં અલ્પાહાર આપવામાં આવ્યો હતો. અલ્પાહાર સમયે ઇનામી કૂપનોના લક્કી ડ્રો ના પરિણામની જાહેરાત થતાં ભાગ્યશાળી ૧૧ ભાઈ-બહેનોને ઇનામોની વહેંચણી કરવામાં આવી હતી. સમારંભમાં સમાજના તમામ સભ્યોએ ખૂબ ઉલ્લાસથી ભાગ લીધો હતો.

### દાતાઓ

| | | |
|---|---|---|
| રૂા. ૫૦૧/- | તપસ્વીઓને લ્હાણી | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા |
| રૂા. ૫૦૧/- | સાંસ્કૃતિક કાર્યક્રમ ખર્ચ | શ્રી પ્રેમજીભાઈ શામજી, શ્રી ભગવાનજી પ્રેમજી, શ્રી જયંતીલાલ ડુંગરશી C/o. વિસત ઓટોમોબાઈલ - સાબરમતી |
| રૂા. ૩૦૧/- | બાળ મંદિરના ઇનામો | શ્રી વિસત ઓટોમોબાઈલ - સાબરમતી |
| રૂા. ૩૦૧/- | ધોરણ બે ના ઇનામો | વિજય ટ્રાન્સપોર્ટ - અમદાવાદ |
| રૂા. ૩૦૧/- | ધોરણ ત્રણના ઇનામો | શ્રી ચકેશ્વરી ટ્રાન્સપોર્ટ |
| રૂા. ૩૦૧/- | ધોરણ ચારના ઇનામો | શ્રી વેલજી જેઠાલાલ, શ્રી ભારમલ ગોવર |
| રૂા. ૨૫૧/- | હોલ ભાડા ખર્ચ | શ્રી મીઠાપુર ટ્રાન્સપોર્ટ કું. |
| રૂા. ૨૦૧/- | ધોરણ પાંચ ના ઇનામો | શ્રી વસા ટાઈલ્સ - અમદાવાદ |
| રૂા. ૨૦૧/- | ધોરણ ૧ ના ઇનામો | શ્રી કલ્યાણજી નાનચંદ મેવાડયા |
| રૂા. ૨૦૧/- | | શ્રી હરેશ ટ્રાન્સપોર્ટ કું., હ. શ્રી દલીચંદભાઈ સોમચંદ છેડા |
| રૂા. ૧૦૧/- | | શ્રી જીવરાજ મેઘજી ડાઘા |
| રૂા. ૧૦૧/- | | શ્રી દેવેન્દ્રભાઈ કરશનજી સંઘવી |
| રૂા. ૫૧/- | | શ્રી નવભારત સાહિત્ય મંદિર |
| રૂા. ૨૧/- | | શ્રી ભોગીલાલ છગનલાલ શાહ |
| રૂા. ૫૪૫/- | | લક્કી ડ્રો ટિકિટ વેચાણ |

## (C) 'મંગલ મંદિર' ડિસેમ્બર-૧૯૭૮, અંક નં.-૩૦નો 'સમાજ દર્પણ' વિભાગ

### શ્રી સિધ્ધાચલ તીર્થે નવ્વાણું યાત્રા

શ્રી અચલગચ્છ પ્રવર્તક પ.પૂ. દાદા સાહેબની શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા.ની નવમી જન્મ શતાબ્દિ તથા આઠમી સ્વર્ગારોહણ શતાબ્દિ ઉજવણી વર્ષના ઉપલક્ષમાં પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સાહેબની શુભ પ્રેરણાથી સંવત ૨૦૩૫ના માગશર વદ-૭, ગુરૂવાર, તા. ૨૧-૧૨-૧૯૭૮થી ચૈત્ર વદ-૧ બુધવાર, તા. ૨૮-૩-૧૯૭૯ સુધી તીર્થાધિરાજ શ્રી સિધ્ધાચલ ગિરિરાજ (પાલીતાણા)ની શ્રી અચલગચ્છ ચતુર્વિધ સંઘની સામુદાયિક નવ્વાણું યાત્રા કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જોઇતા ઉપકરણો લાવવા જરૂરી છે. ઉતરવાની તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. દરેક યાત્રિકે છારી નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. ઉભય ટંક સામુદાયિક પ્રતિક્રમણ શ્રી અચલગચ્છની સમાચારી મુજબ કરવાનું રહેશે. જેમાં ભારતભરનાં શ્રી અચલગચ્છીય સંઘની દરેક વ્યક્તિ જોડાઈ શકશે. યાત્રાની શરૂઆત માગશર વદ-૭ ગુરૂવાર, તા. ૨૧-૧૨-૧૯૭૮ના રોજ થશે. તો યાત્રાળુઓએ માગશર વદ-૫ સુધી પાલીતાણા પહોંચી જવું. વિશેષ માહિતી માટે મે. ખીમજી વેલજીની કાં., ૬૨ દોન તાડ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯નો સંપર્ક સાધવો.

★

***શ્રી પૃથ્વી શાહનો*** "વણતૂટ્યા સંબંધો" નાનકડી વાર્તાઓનો નાનકડો વાર્તાસંગ્રહ સોનલ પ્રકાશન દ્વારા બહાર પડેલ છે. પ્રાપ્તિ સ્થાન : સમીર પ્રકાશન, રૂપમ સિનેમા પાછળ, રતનપોળ, અમદાવાદ-૧. કિંમત : રૂા. ૬/-

★

### સાભાર સ્વીકાર

"જય કચ્છ" સુંદર દીપોત્સવી અંક. જેમાં કચ્છનાં ગૌરવની ઇતિહાસપૂર્ણ સાહિત્યિક વિવિધ વાનગીઓ પીરસાઈ છે.

### વિદ્યાર્થીની સ્કોલરશિપ ૧૯૭૮

કુ. ગીતાબેન શામજીભાઈ લાપસીયાને રૂા. ત્રણસોની શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની સ્કોલરશિપ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આપવામાં આવી છે. સેન્ટ એન્ડ્રઝ હાઈસ્કૂલ ફોર ગર્લ્સ, પૂના વિદ્યાર્થિની તરીકે કુ. ગીતાબેન મહારાષ્ટ્ર બોર્ડની એસ.એસ.સી.ની પરીક્ષામાં ૫૮૪/૭૦૦ ૮૩.૪૨% માર્કસ મેળવેલ છે અને હાલ પૂનાની સેન્ટ મીરા કૉલેજ ફોર ગર્લ્સમાં અભ્યાસ કરે છે.

### શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજ - અમદાવાદ

અમદાવાદ અને આજુબાજુ રહેતા કચ્છી વીસા ઓસવાળ ભાઈઓનું સપરિવાર નવા વર્ષના દિવસે સ્નેહમિલન તથા ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. વળી વિક્રમ સંવત ૨૦૩૫ના માટે નવી કારોબારી સમિતિની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં નીચેના ભાઈઓ ચૂંટાઈ આવ્યા હતા :

| | | |
|---|---|---|
| *પ્રમુખ* | : | શ્રી મગનલાલ ધનજી ગડા |
| *ઉપપ્રમુખ* | : | શ્રી રતિલાલ કુંવરજી શાહ |
| *મંત્રી* | : | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| *સહમંત્રી* | : | શ્રી ટોકરશી કેશવજી શાહ |
| *ખજાનચી* | : | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા |
| *કારોબારી સભ્યો* | : | (૧) શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા |
| | | (૨) શ્રી પ્રેમજી મેઘજી નીસર |
| | | (૩) શ્રી વેલજી કરમશી ગાલા |
| | | (૪) શ્રી હીરજી તેજસી સાવલા |

## (D) 'મંગલ મંદિર' માર્ચ-૧૯૭૯, અંક નં.-૩૩નો 'સમાજ દર્પણ' વિભાગ

### તા. ૧૮-૨-૧૯૭૯ રવિવાર શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રીશ્રીનો વાર્ષિક અહેવાલ

*ભાઈઓ અને બહેનો,*

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાના પ્રસંગે ઉપસ્થિત થયેલ આપ સૌને આવકારતાં અત્યંત આનંદ અનુભવું છું. આ સાથે ૧૯૭૮ના વર્ષ દરમિયાન સંસ્થાની પ્રવૃત્તિનો અહેવાલ આપ સૌની સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

(૧) **વાર્ષિક સભ્યો :** દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાએ પોતાના વાર્ષિક સભ્યો સારા પ્રમાણમાં બનાવેલ છે. આ વર્ષે લગભગ ૧૯૦ જેટલા સભ્યો બનવા પામેલ છે.

(૨) **લગ્ન ફંડ :** આપણા સમાજના ભાઈઓએ આ વર્ષે લગ્ન ફંડમાં સારી એવી સંસ્થાને મદદ કરી છે. આ વર્ષે કુલ રૂા. ૯૨૭/- જેવી લગ્ન તથા ચાંદલાના શુભ પ્રસંગે રકમ સંસ્થાને ભેટ મળેલ છે. આવા આપના દરેક શુભ અવસરે સંસ્થાને હંમેશાં યાદ રાખવા આપ સૌને ફરીથી વિનંતી કરું છું.

(૩) **મંગલ મંદિર :** 'મંગલ મંદિર' નામના માસિક દ્વારા દર મહિને નવા નવા સ્વરૂપે લખાણો આપ સૌને પીરસવામાં આવે છે. આપણા સમાજમાંથી તથા બહારથી પણ આ માસિકને ખૂબ જ સારો આવકાર મળ્યો છે. આ વર્ષે આ માસિકનું સુંદર સંપાદન કરવા બદલ હું સંસ્થા તરફથી ***શ્રીમતી પ્રમીલાબેન કુરૂવાને*** ખાસ અભિનંદન આપું છું. આપણે આ માસિકને આગળ વધારવામાં સૌ લખાણો દ્વારા માસિકને મદદરૂપ થઈએ તેવી આશા વ્યક્ત કરું છું.

(૪) **નોટબુક પ્રવૃત્તિ :** ***આ વર્ષે શ્રી કુરૂવા સાહેબના સૂચન અને તેમના પરિશ્રમ વડે એક નવી પ્રવૃત્તિની શરૂઆત કરી. ૫૦% નુકસાન ખાઈને સંસ્થાએ પોતાનાં બાળકોને નોટબુકો આપવાની યોજના કરી.*** આ યોજનાને સર્વત્ર ખૂબ જ આવકાર મળ્યો. હકીકતમાં ધારણા કરતાં તે વધુ સફળતા પ્રાપ્ત કરતી પુરવાર થઈ. વિદ્યાર્થીઓને રાહત થઈ. સંસ્થાની ખોટને સંસ્થાના જ ભાઈઓ પૈકી દાતાઓએ રકમ ભેટ આપી સંસ્થાની ખોટમાં ઘટાડો કર્યો. રૂા. ૧૫૧/- જેટલી જ નુકસાની ફક્ત સંસ્થાને વેઠવી પડી. આશા છે કે આવી પ્રવૃત્તિ હરહંમેશ ચાલુ રાખી વિદ્યાર્થીઓને ઉપયોગી થવાની પ્રેરણા આપવા આપશ્રી સહકાર આપશો.

(૫) **નાટક "ધૂપસળી" :** સંસ્થાની સાંસ્કૃતિક કાર્યક્રમમાં વધારો કરવા એક નાટકની યોજના કરવામાં આવી. ખૂબજ ટૂંકા ખર્ચામાં આ નાટકનો કાર્યક્રમ ટાઉન હોલમાં રાખી દરેકને મનોરંજન પૂરું પાડેલ હતું.

(૬) **વાર્ષિક ઇનામ વિતરણ સમારંભ :** દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સ્વામિનારાયણ હોલમાં સમારંભ રાખવામાં આવ્યો. બાળકોને મનોરંજમ મળે એ માટે જાદુનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તપસ્વીઓ તથા વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

(૭) **ટેલીફોન ડિરેક્ટરી :** પોતાના સભ્યો માટે ટેલીફોનના નંબરો બતાવતી તથા અન્ય અગત્યના નંબરો બતાવતી એક નાજુક પોકેટ ટેલીફોન ડિરેક્ટરી પ્રગટ કરવામાં આવી હતી.

આમ, ઉપર મુજબ આખા વર્ષ દરમિયાન ઠીક પ્રમાણમાં પ્રવૃત્તિ કરવામાં આવી. જે દ્વારા સંસ્થાને સારી એવી રકમ પણ દાતાઓ તરફથી ભેટ મળી. આ રકમને બચત રૂપે સંસ્થાએ સારી એવી રકમ બચાવી બેંકમાં ડિપોઝીટ કરાવી છે. હાલમાં સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ પ્રમાણમાં ઠીક ગણાવી શકાય.

આખા વર્ષ દરમિયાન મને આપણા માનનિય પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારો તથા અન્ય સભ્યો તરફથી સંસ્થાની પ્રવૃત્તિના કામમાં સારો એવો સહકાર મળેલ છે તે બદલ સૌનો હું આ અવસરે આભાર માનું છું. આપ સૌએ આજ દિવસ સુધી મારામાં વિશ્વાસ મૂકી મંત્રી તરીકે સેવા આપવાની જે તક આપી છે તે બદલ આપ સૌનો આભાર માની વિરમું છું.

*આભાર.*

*અમદાવાદ* **લી.**

*તા. ૧૮-૨-૧૯૭૯* **પ્રભુલાલ કે. સંઘવી – માનદ્ મંત્રી**

# સવાલ અમારો... જવાબ તમારો.....

**મણકો ૩૨**

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*
*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. સમાજની સેવાકીય પ્રવૃત્તિનો સપ્ટેમ્બર મહિનામાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો હતો અને છેલ્લા ૧૨ મહિનામાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો હતો.
(૩૧,૮૪૨ / ૩૪,૭૬૯ / ૪,૧૦,૧૨૨ / ૩૬,૩૯૯ / ૫,૧૦,૧૨૨)

૨. સમાજના સ્વામિવાત્સલ્ય કાર્યક્રમના દિવસે કેન્સર નિદાન ટેસ્ટ માટે ________ રજિસ્ટ્રેશન થયા હતા.
(૧૪૦, ૧૫૦, ૨૦૬)

૩. શૂન્યતામાં ________ ફરતી રહી, પાંદડીઓ ________ થી ખરતી રહી;
ને પવનનું ________ ભીનું થઈ ગયું, ચાંદનીની ________ નીસરતી રહી.
(આંખ, પાનખર, વસ્ત્ર, આભ)

૪. ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને માઈગ્રેશન કન્સલ્ટીંગ સંસ્થામાં સમાજની બે બહેનો છે : ________ અને ________ (સીમા શાહ, લીના શાહ, બીના શાહ, પીના શાહ)

૫. રોગની રસીનો શોધક ________ હતો. (જે. વી. બાલકૃષ્ણ, પી.વી. વીડિયમ, મોરીસ હિલમેન)

૬. ગતિની દિશા માટે ________ જવાબદાર હોય છે. (પવન, સઢ, વહાણ)

૭. પાણીનું એક ટીપું સરોવરમાં પડે તો તેની કોઈ ઓળખ રહેતી નથી પરંતુ તે કમળના પાના ઉપર પડે તો ________ જેમ ચમકી ઉઠે છે. (હીરાની, મોતીની, ચાંદનીની)

૮. કલકત્તાનું કલાત્મક મંદિર શ્રી રાયબહાદુર બદ્રીદાસજીએ ________ની પ્રેરણાથી નિર્માણ કરાવેલ. (ગુરૂ, પિતા, માતા)

૯. ૧૦ ઓક્ટોબર દિવસનું નામ ________ છે.
(ડાયાબિટીસ નિવારણ દિવસ, માનસિક સ્વાસ્થ્ય દિવસ, યોગ દિવસ)

૧૦. જ્યાં પ્રેમ, સેવા ________નો દીવો પ્રગટે છે, ત્યાં જ સાચી દિવાળી ઉજવાય છે. (કરુણા, વાત્સલ્ય, લાગણી)

## • નવેમ્બર-૨૦૨૫ના અંકના મણકા—૩૧ ના સવાલોના સાચા જવાબો •

૧. તા. ૧૪-૯ના રોજ યોજાયેલ સમાજના કાર્યક્રમમાં વૈયાવચ્ચનું ટેબલ કોણે સંભાળેલ હતું? **કિન્નરીબેન** અને **કિરણભાઈ.**
૨. સમાજના સભ્યોને મેડિકલ સેન્ટરમાં **૭૫%** રાહત દરે સેવા અપાય છે.
૩. વર્ષ ૧૯૭૨માં સંસ્થાના પ્રમુખ **શ્રી હીરજીભાઈ** હતા.
૪. શ્રી કચ્છી જૈન સમાજની પ્રથમ સામાન્ય સભા તા. **૨૦-૧૨-૧૯૭૦** ના રોજ યોજાઈ હતી.
૫. મંગલ મંદિરના પ્રકાશનમાં ૧૭ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક દરેક પ્રકારની સેવા આપનાર સેવાભાવી સંપાદક હતા : **સૂરજલાલ મહેતા**
૬. સમાજના આ વર્ષના વાર્ષિક કાર્યક્રમમાં **એકાંતવાસ** નાટક ભજવવામાં આવેલ.
૭. યુવા પેઢીના કારકિર્દીના વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર આપનાર સેન્ટર - પ્રવૃત્તિનું નામ : **સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર**
૮. ઓગસ્ટ મહિનામાં જશોદાનગર મેડિકલ સેન્ટરમાં કુલ **૨૫૭૧** વ્યક્તિઓએ, પાલડી સેન્ટરમાં કુલ **૮૬૭૩** વ્યક્તિઓએ અને શાહીબાગ સેન્ટરમાં કુલ **૫૩૦૧** વ્યક્તિઓએ લાભ લીધો
૯. ફેફસાની કાર્યક્ષમતા તપાસવા **PFT** ટેસ્ટ કરવામાં આવે છે.
૧૦. જિંદગી એ **કિસ્મત**નો ખેલ છે.

***મણકા-૩૧ (મંગલ મંદિર નવેમ્બર-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. ગિરીશ ડી. પોલડિયા – અમદાવાદ
૨. નિશિતભાઈ શાહ – અમદાવાદ
૩. મુકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ
૪. હસમુખ ડી. શાહ – અડાલજ
૫. નીલમ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૬. અમરીષ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૭. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૮. પારસ હરખચંદ કુંવરજી ગોસર – સુરેન્દ્રનગર
૯. વિશાલ હરખચંદ કુંવરજી ગોસર – ન્યુ વાસણા, અમદાવાદ
૧૦. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૧. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૨. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૩. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૫. ધર્મેશ એ. સંઘવી – પાલડી, અમદાવાદ
૧૬. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૭. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૧૮. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૧૯. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૨૦. રીદ્ધિ આશિષ પારેખ – બોપલ, અમદાવાદ
૨૧. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૨૨. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૨૩. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૨૪. અલ્પાબેન એ. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૫. નરેન્દ્ર એચ. સંઘવી – નવા વાસણા, અમદાવાદ
૨૬. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૨૭. ફાલ્ગુની ડી શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨૮. સ્મિતા શાહ – પાલડી, અમદાવાદ
૨૯. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૩૦. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩૧. હેમાબેન જે. શાહ – પાલડી, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| **૧.** | **નિશિતભાઈ ડી. શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૮૨૫૦ ૨૧૪૭૦** |
| **૨.** | **સ્મિતા શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૬૮ ૪૨૦૪૪** |
| **૩.** | **અલ્પાબેન એ. સંઘવી** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૪૨૯૬ ૩૬૦૦૩** |
| **૪.** | **મુકેશ અમૃતલાલ શાહ** | **– બહેરામપુરા, અમદાવાદ** | **મો. ૯૫૩૭૬ ૩૬૦૭૮** |
| **૫.** | **નરેન્દ્ર એચ. સંઘવી** | **– નવા વાસણા, અમદાવાદ** | **મો. ૯૪૨૯૧ ૩૧૪૮૭** |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :**

*(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્યપ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા _સંચાલિત_ "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"**

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)
★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.
★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઈન્ટેલિજન્સ (Multiple Intelligence)
★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)
★ ઈમોશનલ ઈન્ટેલિજન્સ (Emotional Intelligence)
★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)
★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.
★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)
★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)
★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

*ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)*

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*
*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## કાઉન્સેલિંગ અને માર્ગદર્શનના કારણે એક કંપનીમાં જનરલ મેનેજરના પદ સુધી પહોંચી શક્યો

મારું નામ ધ્રુવ છે. મેં KJSS દ્વારા ચાલતા કાઉન્સેલિંગમાં ભાગ લીધો છે અને મારો અનુભવ કંઈક આવો રહ્યો છે.

**૧. બુક રીવ્યુ કેવી રીતે કરવો :** નોકરી શરૂ કર્યા પછી મને પુસ્તકો વાંચવાનો પૂરતો સમય મળતો નહોતો. ત્યારબાદ મને માર્ગદર્શન મળ્યું કે હું પુસ્તકોને ઓડિયો બુક થકી સાંભળી શકું અને તેનો રીવ્યુ આપી શકું. આથી વાંચનની નિયમિતતા જાળવી શક્યો છું.

**૨. મારા કાઉન્સેલિંગ દરમિયાન વોકિંગ / યોગ કરવાની સલાહ મળેલ :** આ બંનેના અભ્યાસથી મને મારી નોકરી અને શિક્ષણમાં તનાવ અને ચિંતા ઘટાડવામાં બહુ મદદ કરી.

**૩. મોબાઈલ સ્ક્રીન ટાઈમ એનાલિસિસ :** સ્ક્રીન ટાઈમનું વિશ્લેષણ કરતા મને સમજાયું કે પોતાને માટે સમય આપવો જોઈએ અને પોતાના પર્સનલ સમયમાં સુધારો કરવો જોઈએ.

**૪. વ્યક્તિગત મર્યાદા પર કામ :** મારી એક મર્યાદા – જાહેરમાં બોલી શકતો નહોતો. આ વિવિધ સેશન્સ દરમિયાન મેં શીખ્યું કે તેને કેવી રીતે જાહેરમાં બોલવાની એટલે કે વક્તૃત્વ કળાનો અભ્યાસ કરવો અને આત્મવિશ્વાસ કેવી રીતે વધારવો.

**૫. વ્યવહારીક અભિગમ :** ઘણી વખત આપણે કોઈ લક્ષ્ય નક્કી કરીએ અને તેને પાર ના પાડી શકીએ તો તણાવ અનુભવાય છે. કેટલીકવાર અવાસ્તવિક લક્ષ્યો તણાવ સર્જે છે. અહીં મારા વાસ્તવિક લક્ષ્યો રાખતા અને તેને પ્રાપ્ત કરતા મારો આત્મવિશ્વાસ વધ્યો છે.

આજે, તેમના કાઉન્સેલિંગ અને માર્ગદર્શનના કારણે હું એક કંપનીમાં જનરલ મેનેજર તરીકે કાર્યરત છું.

હું હૃદયપૂર્વક સમગ્ર KJSS કાઉન્સેલિંગ ટીમનો આભાર વ્યક્ત કરું છું.

**– ધ્રુવ મોમાયા**
**મો. ૮૭૮૦૪ ૧૧૪૨૮**

*આ જગત કોઈની ભૂલો કાઢવા કે દોષો જોવા માટે નથી.*
*ભૂલોને ગળી જાવ, દોષોને વિસારે પાડી દો.*
*સામેવાળાની સારી વસ્તુની પ્રશંસા કરો.*

# સ્વપ્નોને સાકાર બનાવતી હેતલ રેવારની પ્રેરણાદાયી યાત્રા



**હેતલબેન રેવાર**

અમદાવાદની ૩૩ વર્ષીય હેતલ રેવાર એ સાબિત કરી બતાવ્યું છે કે નવી શરૂઆત કરવા માટે ક્યારેય મોડું થતું નથી. એક સમર્પિત માતા અને પત્ની તરીકે હેતલ હંમેશાં સ્વાવલંબી બનવાનું સ્વપ્ન જોતી હતી અને પોતાના પરિવારને સહારો આપી શકે એવું કોઈ કામ કરવા માંગતી હતી. તેમના પતિ કેટરીંગ ઉદ્યોગમાં કામ કરે છે અને મહિને આશરે રૂા. ૨૦,૦૦૦/- કમાય છે. જે ઘણા વખતથી ઘર ચલાવવા અને તેમની ધોરણ ૯ માં ભણતી દીકરી માટે પૂરતું લાગતું નહોતું.

વર્ષોથી હેતલ ઘર સંભાળતી હતી પણ પોતે કંઈક કરવાનું મનમાં હતું. એ તક તેમને મળી જ્યારે તેમણે ગીતા મંદિર સ્થિત અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર વિશે જાણ્યું. તેમણે બ્યુટી થેરાપિસ્ટ કોર્સમાં પ્રવેશ લીધો. આ કોર્સમાં તેમને થ્રેડિંગ, ફેસિયલ, વેક્સિંગ, મેક-અપ અને હેર કેર જેવી સલૂન સેવાઓ અને તેના મહત્ત્વ શીખવા મળ્યા.

કોર્સ પૂરો કર્યા પછી હેતલે ઘરેથી જ બ્યુટી સર્વિસ શરૂ કરી અને ધીમે ધીમે ગ્રાહકો બનાવવા માંડ્યા. આજે તેઓ દર મહિને આશરે રૂા. ૭૦૦૦/- કમાય છે – જેના કારણે ઘરના ખર્ચા સરળ બન્યા છે અને દીકરીના શિક્ષણમાં પણ સહાય થઈ રહી છે.

હેતલ હવે પોતાનું સલૂન સ્ટુડિયો શરૂ કરવા માંગે છે અને અન્ય મહિલાઓને રોજગારીની તક આપી તેમને પણ આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ રાખે છે. અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રત્યે આભાર વ્યક્ત કરતા હેતલ કહે છે, ‘હું કરી શકી તો કોઈ પણ કરી શકે.’

ગીતા મંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયીક બંને પાસાંઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે. વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઇને મદદ કરી શકીએ છીએ.

***હોમ કેર / એટેન્ડન્ટનો / ઘરે બ્યુટી પાર્લર સંપર્ક કરવા માટે : ૭૮૬૨૨૮ ૪૩૦૯૨***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- *બેંક* : **કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ** **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- *એકાઉન્ટ નંબર* : **૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]**
- *IFSC કોડ* : **CNRB0017007**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૨૦-૧૦-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ સાહેબે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના રૂમો અને ડાયાલિસિસ સેન્ટરની મુલાકાજ લીધેલ હતી.

**તા. ૨૧-૧૦-૨૦૨૫**

- ડૉ. કેતનભાઈ શાહે ભવનની અને રૂમોની મુલાકાત લીધેલ હતી.

**તા. ૧૧-૧૧-૨૦૨૫**

- શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટર માટે PMJAY – MA Yojana નું ઓડિટ આવેલ હતું તે જરૂરી માહિતી આપી પૂરું કરવામાં આવેલ હતું.

**તા. ૧૯-૧૧-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ અને શ્રી લક્ષ્મીચંદભાઈ વીરાએ ડાયાલિસિસ સેન્ટર માટેના સ્ટોકના ઑર્ડર આપેલ હતા.

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**તા. ૨૭-૧૦-૨૦૨૫**

- દિવાળી નિમિત્તે રંગોળી કરવામાં જે બહેનોએ ભાગ લીધેલ તેમને સંસ્થા તરફથી પ્રોત્સાહનરૂપે રૂા. ૧૦૦/- દરેક બહેનને આપવામાં આવ્યા.

**તા. ૨૯-૧૦-૨૦૨૫**

- ફિઝીયોથેરાપી વિભાગમાં DTS ટેબલ કમરની કસરત માટે Lumbar Traction માટે જૂનું ટેબલ પરત કરીને રૂા. ૨,૫૫,૦૦૦ વાળું નવું ટેબલ ખરીદવામાં આવ્યું. આ ટેબલથી અલગ અલગ ખૂણેથી ટેબલને ફોલ્ડ કરીને જે તે ભાગમાં ટ્રેક્શન આપી શકાય.

**તા. ૧-૧૧-૨૦૨૫**

- દરેક સ્ટાફને નવા ઍપ્રન આપવામાં આવ્યા.

*જીવનમાં હંમેશાં એક બીજાને સમજવાનો પ્રયાસ કરો, પરખવાનો નહીં.*

**તા. ૩-૧૧-૨૦૨૫**

- બપોરના ૧૨ થી ૧.૩૦માં એક વધારાના M.D. ફિઝીશિયનને એપોઈન્ટ કરવામાં આવ્યા. તેઓ દરરોજ બપોરે ૧૨ થી ૧.૩૦ સોમવારથી શનિવારે મળે છે.

**તા. ૪-૧૧-૨૦૨૫**

- સ્કીન વિભાગમાં ડૉ. આસ્થા શાહની ઓ.પી.ડી. દર મંગળ - ગુરૂ - શુક્ર સવારે ૯ થી ૧૦.૩૦માં શરૂ કરવામાં આવી.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧૪-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને દિવાળીની રજામાં ડાયાલિસિસ સેન્ટર ચાલુ રાખવા તેમજ ૨૦-૧૦થી ૨૩-૧૦ સુધીનું શીડ્યુલ આપેલ હતું.

**તા. ૧-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.
- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.
- આજ રોજ ઓક્ટોબર - ૨૦૨૫નો મંથલી ડેટા આપેલ હતો. જેમાં ટોટલ ૬૦૫૦ દર્દીઓએ મેડિકલ સેન્ટરમાં સારવાર લીધેલ હતી તથા ૩૨૨ ડાયાલિસિસ થયેલ હતા.

**તા. ૮-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૧૦-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. જુબીન શાહ (ડર્મેટોલોજિસ્ટ) દ્વારા મંગળ - ગુરૂ – શનિવારે બોપલ ખાતે ઓ.પી.ડી. શરૂ કરેલ હતી.

**તા. ૧૧-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કપીલ ભાટીયા દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

*મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે*
*તો જીવનમાં પરીક્ષા આવી શકે પરંતુ પરાજય તો નહીં જ આવે.*

**તા. ૧૫-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કપીલ ભાટીયા દ્વારા મોતિયાના બે ઑપરેશન તથા ડૉ. ચાંદની દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૧૮-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨૮-૧૦-૨૦૨૫**

- આજ રોજ ટ્રાન્સાસિયા કંપનીમાંથી ચિરાગ ઠક્કર - રીજીઓનલ મેનેજર સેન્ટરની મુલાકાતે આવ્યા હતા અને પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં તમામ મશીનની સર્વિસ કરવાનું કામ પૂર્ણ કરેલ છે.
- આજ રોજ પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદીએ શ્યામ હોસ્પિટલ - મોરૈયા ગામ ખાતે મુલાકાત લીધેલ હતી અને ત્યાં ડૉ. જીગર પરમાર (ડાયરેક્ટર)ને મળ્યા. સેન્ટરને ચોવીસ કલાક ચાલુ રાખવા તેમજ દર્દીને દાખલ કરવા બાબતે રજિસ્ટ્રેશન માટે શું પ્રોસીજર કરવી પડે તે બાબતે ચર્ચા કરી અને પાલડી ભવન ખાતે શ્રી કિશોર ઠક્કરને રીપોર્ટ સુપરત કરેલ છે.

**તા. ૨૯-૧૦-૨૦૨૫**

- આજ રોજ શ્રી કાલી હોમ કંપનીમાંથી કારીગર સેન્ટર ઉપર આવ્યા અને કાચમાં ફ્રોસ્ટેડ ફિલ્મ લગાવી દીધેલ છે.
- આજ રોજ કે.કે. કેટરર્સ કંપનીમાંથી એક એમ્પ્લોઇનું મેડિકલ ફિટનેસ કરાવ્યું અને ફાઈલ આપવાનું કામ પૂરું કરવામાં આવ્યું છે.

**તા. ૩૧-૧૦-૨૦૨૫**

- આજ રોજ સિધ્ધિ વિનાયક વેજ ફૂડ પ્રા.લિ. કંપનીની મુલાકાત લીધી. કંપનીના HR શ્રી મનોજભાઈ સાથે ગત વર્ષ ૨૦૨૪માં કંપનીના કર્મચારીનું મેડિકલ ફિટનેસ કરાવેલ હતું એ મુજબ આ વર્ષે પણ ડિસેમ્બર ૨૦૨૫માં કંપનીના ૫૪ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું.

**તા. ૩-૧૧-૨૦૨૫**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની મુલાકાત લીધી અને મેડિસીન તેમજ પેથોલોજી ડિપાર્ટમેન્ટનો જરૂરી સામાન લીધો તેમજ જિલ્લા પંચાયત - લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં ઓક્ટોબર-૨૦૨૫ના એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરાવવાનું કામ પૂરું કર્યું.
- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી ધવલભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધી અને ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે પેશન્ટ બાબતે તેમજ કામકાજ બાબતે ચર્ચા કરી.

**તા. ૪-૧૧-૨૦૨૫થી તા. ૭-૧૧-૨૦૨૫**

- કુલ ૨૩ કંપનીના કર્મચારીઓ ઓક્ટોબર-૨૦૨૫માં સારવાર તેમજ મેડિકલ ફિટનેસ કરાવવા આવેલ હતા. તેમના બીલ જે તે કંપનીના જવાબદાર વ્યક્તિને પ્રતીક વ્યાસે આપેલ છે તેમજ દિવાળીનાં પર્વ અને નવા વર્ષની શુભ કામના પાઠવેલ છે.

**તા. ૮-૧૧-૨૦૨૫**

- આજ રોજ પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદીએ ચાચરવાડી વાસણા ગામની મુલાકાત લીધેલ અને તે ગામના જવાબદાર વ્યક્તિ પીન્ટુભાઈને મળીને ગામમાં ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ કરવા બાબતે ચર્ચા કરી અને ત્યાંના સરપંચ શ્રી પ્રવીણભાઈ સાથે વાત કરીને નવેમ્બર મહિનામાં કેમ્પ કરવા બાબતે નક્કી કરવામાં આવેલ છે.
- મેનેજમેન્ટની મીટિંગમાં થયેલ નિર્ણય મુજબ તા. ૮-૧૧-૨૦૨૫થી ચાંગોદર મેડિકલ સેન્ટરમાં રાત્રિનાં સમયે દર્દીને સારવાર આપવાનું તેમજ દર્દીને દાખલ કરવાનું સંપૂર્ણપણે બંધ કરેલ છે. સેન્ટરમાં કામકાજનો સમય સવારે ૮ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધીનો જ રહેશે જેની ખાસ નોંધ લેવાની રહે છે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૬-૧૦-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગરના સ્ટાફે સેન્ટર પર રંગોળી કરી દિવાળીની ઉજવણી કરી હતી
- આજ રોજ KJSS ના HR ખુશ્બુ મેડમે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી. એમણે સ્ટાફ મેમ્બર્સ સાથે મીટિંગ કરી. બધાને દિવાળીની શુભેચ્છા પાઠવી તથા સ્ટાફને સુંદર રંગોળી બનાવવા માટે અભિનંદન આપ્યા.

**તા. ૩૧-૧૦-૨૦૨૫**

- આજ રોજ સેન્ટરમાં સેવા આપતા ઇ.એન.ટી. સર્જન ડૉ.

કેવલ ત્રિવેદી અને આંખના ડૉક્ટર સૌરભ હિરાનીએ રાજીનામું આપેલ છે.

**તા. ૧-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. સંદીપ પટેલ (જનરલ સર્જન) દ્વારા Nail Excision ની પ્રોસીજર કરવામાં આવી.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.
- આજ રોજ ડૉ. અભિષેક બાફના (ઓર્થોપેડિક) દ્વારા I and D ની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૫-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયું તથા Chalazion ની પ્રોસીજર કરવામાં આવી.
- આજ રોજ ડૉ. હર્ષિલ પોરિયા (ઓર્થોપેડિક) દ્વારા Trigger Finger Release ની પ્રોસીજર સફળતાપૂર્વક કરવામાં આવી.

**તા. ૬-૧૧-૨૦૨૫**

- આજ રોજ સેન્ટરમાં નવા ગાયનેકોલોજિસ્ટ ડૉ. માનસી રાયકાની નિમણુંક થઈ. ડૉ. માનસી મંગળ – ગુરૂ – શનિ સવારે ૯.૩૦થી ૧૧.૦૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૧૨-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ડેન્ટલ ડિપાર્ટમેન્ટની એક Chair ના કોમ્પ્રેસરનું ફિલ્ટર ખરાબ થઈ ગયું હતું, એ એમની પરવાનગીથી બદલવાનો નિર્ણય લીધેલ હતો. આ ઉપરાંત ડૉ. હિતેન્દ્ર શાહે ૧૪મી નવેમ્બર – 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની ઉજવણી વિશેની ચર્ચા કરી.

**તા. ૧૩-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. આસ્થા શાહ (સ્કીન) ચામડીના નવા ડૉક્ટરની ઓ.પી.ડી. શરૂ થઈ. ડૉ. આસ્થા શાહ સોમ-મંગળ-બુધ-ગુરૂ સાંજે ૪.૦૦થી ૫.૩૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૧૪-૧૧-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર વિશ્વ ડાયાબિટીસ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ડાયાબિટીસના દર્દીઓનું ફ્રી ચેક-અપ તથા કન્સલ્ટેશન કરવામાં આવ્યું. નિષ્ણાત ડાયાબીટોલોજિસ્ટ ડૉ. વિપુલ ચાવડાએ ડાયાબિટીસના દર્દીઓને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું.

  આ ફ્રી કેમ્પમાં પેશન્ટ્સ માટે યોગા સેશન તથા ગેમ્સ અને એક્ટિવિટી રાખવામાં આવી હતી તથા હેલ્થી નાસ્તો અને ચા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૩ લોકોએ ભાગ લીધો હતો. આ આખા ઈવેન્ટનું કવરેજ KJSS ની ડિજિટલ માર્કેટીંગની ટીમ દ્વારા તથા દૂરદર્શનની ટીમ દ્વારા સરસ રીતે કરવામાં આવ્યું હતું.

**તા. ૧૭-૧૧-૨૦૨૫**

- આજ રોજ એડમિન સ્નેહલભાઈ ભાવસારે સેન્ટરની માહિતીવાળા સ્ટીકર અલગ અલગ મેડિકલ સ્ટોર પર લગાવીને સેન્ટરમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે લોકોને માહિતગાર કર્યા હતા.

**તા. ૧૮-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા OCT Scan ની પ્રોસીજર કરવામાં આવેલ હતી.

## જીવનની વિશેષતા

પોતાના ખિસ્સામાંથી ૫૦ રૂપિયાની નોટ પડી જાય તો રઘવાયો બની જનારો 'માણસ' પોતાના જીવનમાંથી ૫૮ વર્ષ નીકળી ગયા હોય, તોય પરિવર્તિત થતો નથી. છે ને કરુણતા!

સ્મશાનનું સિક્યુરીટીનું ચેકિંગ એટલું કડક અને જોરદાર હોય છે ને સાહેબ, કે ના પૂછો વાત! અરે, પૈસા તો બહુ દૂરની વાત છે, શ્વાસ પણ સાથે લઈને નથી જવા દેતા. ભલેને પછી તમારી ગમે તેટલી મોટી કે ઉપર સુધી ઓળખાણ જ કેમ ના હોય?

જીવનની ગાગર પર બેઠો સમયનો કાગડો, દિવસ-રાત ઉંમરને પી રહ્યો છે! ને માણસ સમજે છે, હું જીવી રહ્યો છું!

માણસ નીચે બેઠો બેઠો પૈસા અને સંપત્તિ ગણે છે : 'કાલે આટલા હતા ને આજે આટલા વધ્યા!' અને આજે ઉપરવાળો હસતા હસતા માણસના શ્વાસ ગણે છે : 'કાલે આટલા હતા ને આજે આટલા બચ્યા!'

ચાલો, જીવન જે 'શેષ' બચ્યું છે, તે 'અવશેષ' બની જાય તે પહેલાં તેને 'વિશેષ' બનાવી લઈએ!

'પાસબુક' અને 'શ્વાસબુક' બંને ખાલી થાય ત્યારે ભરવી પડે છે! 'પાસબુક'ને 'રકમ'થી અને 'શ્વાસબુક'ને 'સત્કર્મ'થી.

*એટલે જ...*

*એકબીજાનું માન રાખો.*
*ભૂલોને ભૂલી જાવ.*
*ઈગોને ઍવોઈડ કરો.*
*જિંદગી જેટલી બચી છે તેને હસતા હસતા પૂરી કરો.*

***પ્રેષક : અમરીષ સંઘવી***

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## બાયો ડીઝલ શું છે? તે શેમાંથી બને?

પેટ્રોલ અને ડીઝલ વાહનો માટેના મુખ્ય બળતણ છે. જો કે બંનેના એન્જિનમાં થોડો ફરક હોય છે. ડીઝલ પણ ક્રુડ ઓઈલમાંથી બને છે. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ રૂડોલ્ફ ડીઝલ નામના વિજ્ઞાનીએ કરેલી. ડીઝલનો હેતુ વનસ્પતિ તેલ વડે ચાલતા એન્જિન બનાવવાનો હતો. તેણે સીંગતેલ વડે ચાલતું એન્જિન બનાવેલું. શરૂઆતમાં સીંગતેલ વડે જ એન્જિન ચાલતું. પરંતુ ડીઝલે ક્રુડમાંથી ડીઝલ મેળવવાની રીત શોધી, એન્જિનમાં ડીઝલનો વપરાશ શરૂ કર્યો. ડીઝલમાં અશુદ્ધિનું પ્રમાણ વધુ હોય છે પરંતુ પેટ્રોલ કરતા પ્રમાણમાં સસ્તું હોય છે. પેટ્રોલ અને ડીઝલ બળે ત્યારે પ્રદૂષિત વાયુઓ પેદા થાય છે અને પર્યાવરણને નુકસાન કરે છે. એટલે વિજ્ઞાનીઓ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલના સ્થાને ઓછું પ્રદૂષણ કરે તેવા બળતણની શોધ કરે છે.

વનસ્પતિના તેલ ડીઝલને સ્થાને વપરાય તેને બાયો ડીઝલ કહે છે. બાયો એટલે સજીવને લગતું. વનસ્પતિ સજીવ છે. તેના તેલ બળે ત્યારે ઓછું પ્રદૂષણ થાય છે. સૂર્યમુખી, સોયાબીન, કપાસીયા વગેરેના તેલમાંથી બાયો ડીઝલ બને છે. બાયો ડીઝલમાં વધુ પ્રમાણ ડીઝલનું હોય છે. વનસ્પતિનું પ્રમાણ ૧૫થી ૨૦ ટકા જ હોય છે. પરંતુ પ્રદૂષણ ઓછું કરવા માટેનો તે સારો વિકલ્પ ગણાય છે.

## રણની રેતીની લહેરોનું વિજ્ઞાન

દરિયો પાણીથી ભરેલો છે. તેમાં મોજા અને તરંગો રચાય. પરંતુ રણની રેતીમાં પણ સમાંતર વહેતી લહેરોના આકાર જોવા મળે છે. આ લહેરો રણપ્રદેશને સુંદરતા આપે છે. રણ પ્રદેશના ખુલ્લા અફાટ મેદાનમાં વેગીલા પવનો વહેતા હોય છે. રણ પ્રદેશ એટલે રેતીના ઝીણા કણોનો પ્રદેશ. પવનની સાથે રેતી પણ ઉડે. પરંતુ ક્યાંક ક્યાંક ઉગેલા નાના ઝાંખરા, નાના ટેકરા વગેરે પવનને અવરોધે. પવન ધીમો પડે એટલે તેની સાથે ઉડેલી રેતી પણ નીચે બેસે. તેને સમાંતર લાંબી સેરમાં ગોઠવાય. ધીમે ધીમે આ ઢગલીઓ વધતી જાય અને લાંબી લહેરો રચાય છે. રણની રેતીના અબજો કણોના કદ અને વજન લગભગ સરખા જ હોય છે. વળી એકદમ લીલા અને ગોળાકાર કણો લગભગ પ્રવાહીની જેમ રેલાય છે. પવન એકાએક અટકે ત્યારે તેની સાથે ઉડતા રેતીના કણોને અચાનક બ્રેક લાગે. તે જમીન પર આવે પરંતુ પાછળના કણોને પણ ધક્કો મારે. રેતીના કણોની આ ધક્કામુક્કી નિયમિત હોય છે. એટલે કણોની એક હરોળ પછી બીજી હરોળ બને અને તે સમાંતર બને. લહેરોની રેખા ભલે વાંકીચૂકી હોય પરંતુ બંને સમાંતર હોય છે. એક હરોળ બન્યા પછી તેનો અવરોધ અને હરોળ બનાવે. આમ, રેતીની લહેરો દૂર દૂર સુધી ફેલાય છે.

## ફ્લ્યુરોસન્ટ રંગોની કમાલ

પ્રકાશ પડવાથી વધુ તેજસ્વી દેખાતા પીળા, ગુલાબી, કેસરી રંગના કાગળો અને કપડાં આપણે જોઈએ છીએ. હાઈવે પર લાઈટ પડે ત્યારે ચમકી ઉઠે તેવા સાઈનબોર્ડના અક્ષરો પણ આવા જ રંગના હોય છે. આ ફ્લ્યુરોસન્ટ રંગ ટૂંકી તરંગ લંબાઈવાળા કિરણોનું પરાવર્તન કરે છે એટલે તે વધુ ચમકે છે. આ રંગ બનાવવા માટે સાદા રંગમાં ફ્લ્યુરોસન્ટ નામનો પદાર્થ ભેળવી દેવાય છે. ફોર-ઓક્લોક નામનું એક ફૂલ સૂર્યના તડકામાં તેજસ્વી પીળું દેખાય છે. વિજ્ઞાનીઓએ આ ફૂલનો અભ્યાસ કર્યો. ફૂલની ચમકનું કારણ તેમાં રહેલા બીટાઝેન્સીન અને બિટાનીન નામના દ્રવ્યો હતા. વિજ્ઞાનીઓએ આ દ્રવ્યોને છૂટા પાડી તેમાંથી ફ્લ્યુરોસન્ટ બનાવ્યું અને તે સાદા રંગમાં ભેળવીને તેજસ્વી રંગો બનાવવાની રીત શોધી. આવા જ ગુણ ધરાવતું કૃત્રિમ રસાયણ પણ બનાવ્યું અને વિવિધ ફ્લ્યુરોસન્ટ રંગો બનવા લાગ્યા. આજે જાહેરાતો, સ્ટીકર વગેરેમાં તેનો ઉપયોગ થાય છે.

## જમ્મુ અને કાશ્મીરનું પાનગોંગ ત્સોલેક

ભારતની કાશ્મીર સરહદે એક અજાયબ તળાવ આવેલું છે. પાનગોંગનો મતલબ વિશાળ લંબગોળ તળાવ થાય છે. લગભગ ૭૦૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું આ તળાવ ભારત ઉપરાંત તિબેટ અને ચીનના વિસ્તારોને આવરી લે છે. ૫ કિલોમીટર પહોળું અને ૧૩૪ કિલોમીટર લાંબું આ તળાવ શિયાળામાં જામીને બરફની વિશાળ પાટ બની જાય છે. ભારત અને ચીન સરહદની લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ આ તળાવની વચ્ચેથી પસાર થાય છે.

હિમાલયની પર્વતમાળામાં ૧૪૨૭૦ ફૂટની ઊંચાઈએ આવેલા આ તળાવની આસપાસ વનસ્પતિ બહુ ઓછી છે.

તળાવમાં માછલી કે અન્ય જળચરોની વસ્તી નથી. ઉનાળામાં આ તળાવમાં યાયાવરી પક્ષીઓ જોવા મળે છે. લદાખના લેહથી આ તળાવ પર જઈ શકાય છે.

## મધમાખી વિશે સમજવા જેવું અવનવું

- મધમાખી એક લાખ કિ.મી. જેટલો પ્રવાસ કરી લાખો ફૂલો ઉપર જાય ત્યારે માંડ ૫૦૦ ગ્રામ મધ એકઠું થઈ શકે છે.
- મધમાખીની પાંખ એક સેકન્ડમાં ૧૧૦૦ વખત ફફડે છે અને કલાકના લગભગ ૨૨ કિ.મી.ની ઝડપે ઉડે છે.
- મધમાખીને છ પગ અને ચાર પાંખો હોય છે.
- પૃથ્વી પર મધમાખી એક કરોડ વર્ષ પહેલાથી અસ્તિત્વ ધરાવે છે.
- મધમાખી એક ટ્રીપમાં લગભગ ૧૦૦ ફૂલ ઉપરથી મધ લઈને મધપૂડામાં મૂકવા આવે છે.
- મધમાખી નૃત્ય દ્વારા સંકેત કરીને બીજી મધમાખીને ફૂલોની દિશા બતાવે છે.
- માદા મજૂર મધમાખી હોય છે. તે દરરોજ ૨૫૦૦ ઈંડા મૂકવા સિવાય કંઈ કામ કરતી નથી.
- મધમાખીના ડંખ થોડા ઝેરી હોય છે. મધ તેમજ આ ઝેરનો સારવારમાં દવા તરીકે ઉપયોગ થાય છે. તેને એપીથેરાપી કહે છે.

## ભારતીય રેલવેનું અવનવું

- નવી દિલ્હી - ભોપાલ શતાબ્દિ એક્સપ્રેસ ભારતની સૌથી વધુ ઝડપે દોડતી ટ્રેન છે. તેની ઝડપ કલાકના ૯૦થી ૧૫૦ કિ.મી.ની છે. જ્યારે સૌથી ધીમી ટ્રેન નીલગીરી એક્સપ્રેસ છે તે ૧૦ કિ.મી.ની ઝડપે દોડે છે.
- ભારતમાં રેલવેનો સૌથી લાંબો રૂટ દિબ્રુગઢથી કન્યાકુમારીનો છે. જે ૪૨૭૩ કિ.મી.નો છે જ્યારે સૌથી ટૂંકો રૂટ નાગપુરથી અજની – માત્ર ૩ કિ.મી.નો છે.
- ભારતમાં સૌથી વધુ રોકાણ (હોલ્ટ) કરતી ટ્રેન હાવરા - અમૃતસર છે, જે ૧૧૫ સ્ટેશને થોભે છે.
- મહારાષ્ટ્રના અહેમદનગરના શ્રીરામપુર અને બેલાપુર રેલવે સ્ટેશનો એક જ સ્થળે રેલવે ટ્રેકની બંને તરફ આવેલા છે.
- વેંકટ નરસિંહ રાજુવરીપેટા રેલવે સ્ટેશનનું સૌથી લાંબું નામ છે. તે ચેન્નાઈ નજીક છે. સૌથી ટૂંકું નામ ધરાવતું રેલવે સ્ટેશન 'ઓડ' ગુજરાતમાં આણંદ નજીક છે.
- રેલવેની સૌથી લાંબી ૧૧.૨૧૫ કિ.મી.ની ટનલ જમ્મુ અને કાશ્મીરની પીર પંજાબ ટનલ છે.
- ભારતીય રેલવેના ડબ્બામાં ટોઈલેટ રાખવાની પ્રથા ૧૯૦૯માં શરૂ થયેલી.

## થોડીક જાણવાજોગ વાતો

- અંગ્રેજીમાં પખવાડિયાને 'ફોર્ટ નાઈટ' કહે છે. તે ૧૪ રાત્રિનો સમયગાળો છે, ૧૫ દિવસનો નહીં.
- ભૂકંપની તીવ્રતામાં રીક્ટર સ્કેલના પ્રત્યેક આંક ૩૨ ગણી શક્તિનો ગણાય છે. પાંચની તીવ્રતાના ભૂકંપ કરતાં છ ની તીવ્રતાનો ભૂકંપ ૩૨ ગણો વદુ શક્તિશાળી હોય છે.
- પૃથ્વી પર આદિકાળમાં વસનારા પ્રાણીઓ પૈકી ૯૯.૯૯% પ્રાણી માનવીની ઉત્પત્તિ પહેલા જ નાશ પામેલા.
- ૧૦ ઈંચ બરફ વર્ષાનું પ્રમાણ ૧ ઈંચ પાણીના વરસાદ જેવું થાય.

---

### ઓક્ટોબર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૧ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. હેમલતા હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૪. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ
૫. વીણા પ્રવીણચંદ્ર વોરા – ગાંધીનગર
૬. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૭. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૯. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૦. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૧. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૨. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૧૩. મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ
૧૪. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૫. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૬. નયના ઉદય કારાણી – અમદાવાદ
૧૭. અશોક વી. શાહ – ગાંધીનગર
૧૮. ધવલ એન. શાહ – ગાંધીનગર
૧૯. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૨૦. દિપ્તી દુબે – અમદાવાદ
૨૧. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૨૨. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૨૩. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૪. અમી સંપ્રિત શાહ – અમદાવાદ
૨૫. નયના જય ગોગરી – અમદાવાદ
૨૬. અમી એચ. સંઘવી – ગાંધીનગર
૨૭. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**વિજેતા :**

(૧) જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
(૨) આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
(૩) અમી સંપ્રિત શાહ – અમદાવાદ

## NanoNine® શબ્દ રમત-૨૨૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ | ૭ | |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | | | ■ | ૧૧ | | ■ |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | | | | |
| ■ | ૧૪ | | | | ■ | ૧૫ | | | | ■ | ■ |
| ૧૬ | | ■ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | | ૧૯ |
| ■ | ૨૦ | | | ૨૧ | | ૨૨ | ૨૩ | | ■ | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | ૨૯ | ■ |
| | ■ | ૨૯A | ■ | ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | | | ૩૩ |
| ૩૪ | ૩૫ | ૩૬ | | | ■ | ૩૭ | ૩૮ | | ■ | ૩૯ | |
| ■ | ૪૦ | | ■ | ■ | ૪૧ | | | ■ | ૪૧ | ■ | |
| ૪૩ | | | ■ | ૪૪ | | | ■ | ૪૫ | | | |
| ૪૬ | | ■ | ૪૭ | | | ■ | ૪૮ | | | ■ | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. જીવન નિર્વાહ, ગુજરાન (૪)
૪. ઉજાણી, મિજબાની (અં) (૪)
૭. સર્પ, ભુજંગ (૨)
૮. ખભે બોજો ઉપાડવાની તુલા (૩)
૯. કાશી, વારાણસી (૪)
૧૧. પુરુષવાચક પ્રાણી, મનુષ્ય (૨)
૧૨. ખાવાનો પદાર્થ, ફૂડ (૩)
૧૩. રખડવું તે, ફેરા, ધક્કા (૫)
૧૪. ખ્યાતિ, નામના, મશહૂરપણું (૪)
૧૫. માથામાં નાંખવાનો ગજરો (૨)
૧૬. માનતા, આખડી, મન્નત (૨)
૧૭. માતાનો ખોળો (૨)
૧૮. ઘર કરીને રહેવું તે, ગૃહસ્થાશ્રમ (૪)
૨૦. કોલાહલ, ઘોંઘાટ (૨)
૨૨. નરસિંહ મહેતાની જ્ઞાતિ (૩)
૨૪. મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ (૨)
૨૫. પોતાનું સ્વતંત્ર - પ્રજાસત્તાક રાજ્ય (૩)
૨૭. યજમાન, યજ્ઞ કરનાર (૪)
૩૦. સૂર્યનો ગરમ પ્રકાશ (૩)
૩૨. માન, આદર, આબરૂ, પ્રતિષ્ઠા (૪)
૩૪. જીવજાન, અતિપ્રિય (૫)
૩૭. પાથરવા માટેની સાદડી (૩)
૩૯. મેળાવડો, પરિષદ, સમાજ મંડળી (૨)
૪૦. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૪૧. મુસીબત, તકલીફ, બૂમબરાડા (૩)
૪૩. સૌથી સારું, શ્રેષ્ઠ, ઉત્કટ (૩)
૪૪. ઉજ્જડ (૩)
૪૫. જામવું, જમાવટ કરવી (૪)
૪૬. શ્વાસ, શક્તિ, શ્વાસનો એક રોગ (૨)
૪૭. નરમ સ્વભાવનું, ભલુ, સરળ (૩)
૪૮. દેવું, ઋણ (૩)

### ઊભી ચાવીઓ

૧. રોકેલું નાણું, ઇન્વેસ્ટમેન્ટ (૩)
૨. શરીરનું ચેતન તત્ત્વ, પ્રાણ (૨)
૩. પાકો રસ્તો (અં) (૨)
૫. હાથ, વેરો (૨)
૬. સીડી, દાદરો (૪)
૭. સારાપણું, સજ્જનતા (૩)
૮. મરણ પાછળનું રોવું - કૂટવું (૨)
૯. વરની જાન, વરઘોડો (૩)
૧૦. નાસિકા, આબરૂ (૨)
૧૧. હરકત, વિઘ્ન (૪)
૧૨. નાની ઓરડી, ખોલી (૩)
૧૪. ઉપરા ઉપરી શોધ, ખોળંખોળા (૪)
૧૫. દુઃખ, પીડા, દર્દ (૩)
૧૮. સસરાના ઘરે સંસાર માંડી રહેનારો જમાઈ (૫)
૧૯. સોગન, સરખું, સમાન (૨)
૨૧. પ્રાચીન, જૂનું (૪)
૨૩. લંબાઈ ભરવાનું ૨૪ તસુનું માપ, હાથી, માતંગ (૨)
૨૪. મોટો સાધુ, મઠાધિકારી (૩)
૨૬. જીવ વિનાનું, સ્થૂળ (૨)
૨૮. આબરૂ, પ્રતિષ્ઠા, આદર (૨)
૨૯. પાસ ન થયેલું. (૩)
૨૯A. ઝાકળ (૪)
૩૦. શરીર, બદન (૨)
૩૧. ગાડી હાંકનાર (૪)
૩૩. ટકાવવું, નભવુંનું પ્રેરક (૪)
૩૫. ઉત્તમ પુરુષ, રાજા (૪)
૩૮. વાળ જતા રહ્યા હોય તેવો માથાનો ભાગ(૨)
૪૧. કપૂરમાં મસાલો નાંખી બનાવેલો સુગંધી પદાર્થ (૩)
૪૨. સમુદાય, મંડળી, સભા (૩)
૪૩. પાણી (૨)
૪૪. લતા (૨)
૪૫. પૈસા, નાણું, કસબ (૨)

***નોંધ*** *: "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઇનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બં | ધિ | યા | ર | | ત્રિ | વે | ણી | | સ | સ | લી |
| ડ | કા | રી | | આ | વે | ગ | | કા | ન | મ | |
| | રો | | વ | ર | દી | | મ | દ | મ | સ્ત | |
| વ | | ચો | ર | સ | | સુ | ગ | રી | | | |
| ર | ત | | સ | પ | નું | | જ | | | ર | વિ |
| સા | ક | ર | | હા | | અ | મા | સ | | | ચ |
| દ | રા | જ | | ણ | | ગ | રી | બ | | અ | ક્ષ |
| | ર | | ઘ | | વા | ર | | ર | મ | ખા | ણ |
| સ | | સ | ર | પા | વ | | સો | સ | | ત્રી | |
| જ | | | વ | ન | | જ | લ | | ગ | જ | રો |
| ની | ક | | ખ | | પા | વ | ર | | જ | | |
| | શ | બ | રી | | | લ્લે | | સ | બ | ર | સ |

*ઓક્ટોબર-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૩. વંદના તપન શાહ – અમદાવાદ
૪. મિત્તલ પટેલ – અમદાવાદ
૫. દિશા પટેલ – અમદાવાદ
૬. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૭. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૮. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૯. હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૦. છાયા પટેલ – અમદાવાદ
૧૧. દક્ષા સોમૈયા – અમદાવાદ
૧૨. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૧૩. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૧૪. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૫. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૭. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૮. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૯. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૨૦. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૨૧. પ્રવીણ જેતશીભાઈ દંડ – અમદાવાદ
૨૨. મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ
૨૩. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૨૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૨૫. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૨૬. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૨૭. દિપ્તી દુબે – અમદાવાદ
૨૮. હસ્તી સંજયભાઈ ઠાકર – ભુજ (કચ્છ)
૨૯. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૩૦. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૧. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૩૨. અમીષા દિલીપ મહેતા – અમદાવાદ
૩૩. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – મુંબઈ
૩૪. દિપીકા દિપેન શાહ – અમદાવાદ
૩૫. સ્વાતિ બી. ગાલા – અમદાવાદ
૩૬. ફાલ્ગુની ડી. શાહ – અમદાવાદ
૩૭. કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ (કચ્છ)
૩૮. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં ચાર વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

*વિજેતા* : (૧) દક્ષા સોમૈયા – અમદાવાદ
(૨) મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ
(૩) આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
(૪) દિપીકા દિપેન શાહ – અમદાવાદ

## 'શબ્દ રમત' તેમજ 'નેનો નાઈન સુડોકુ'

**જેના સાચા જવાબો સમય મર્યાદા બાદ મળેલ છે તેવી વ્યક્તિઓના નામ...**

★ **નેનો શબ્દ રમત-૨૨૨ (સપ્ટેમ્બર-૨૦૨૫)**
અભયકુમાર હીરજી હેમરાજ મોમાયા - હુબલી (કર્ણાટક)

★ **નેનો સુડોકુ - ૧૧૮૦ (સપ્ટેમ્બર-૨૦૨૫)**
ચેતના હાર્દિક મહેશ્વરી - આદિપુર (કચ્છ)

★ *જો તમે પ્રોબ્લેમ પર ધ્યાન આપશો તો વધુને વધુ પ્રોબ્લેમ દેખાતા જશે. પરંતુ જો તમે પ્રોબ્લેમના ઉકેલ લાવવાની શક્યતા પર વિચારશો તો અનેક તકો સામે આવશે.*

★ *સફળતા મગજની સાઈઝ પર નહીં પરંતુ તમારી વિચારસરણી, ઝડપી કાર્યવાહી, મક્કમતા અને તમારી કાર્ય કરવાની તાકાત પર આધારિત છે.*

## NanoNine™ Sudoku

**ઓક્ટોબર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૧ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ**

**પાના નંબર — ૨૬**

## ભારતીય વિદ્યાર્થીઓનું યુરોપના દેશોમાં જવાનું વલણ વધ્યું

★ આ વર્ષે જર્મની ભારતીય વિદ્યાર્થીઓમાં સૌથી વધુ પોપ્યુલર છે. ગયા વર્ષે જર્મનીમાં એડમિશન લેનારા કુલ વિદેશી વિદ્યાર્થીઓમાં માત્ર ૧૩.૨ ટકા ભારતીય વિદ્યાર્થીઓ હતા. તેની સામે આ વર્ષે આ આંક ૩૨.૬ ટકા જેટલો ઊંચો પહોંચ્યો છે.

★ ફ્રાન્સમાં એક વર્ષ પહેલાં ભારતીય વિદ્યાર્થીઓનો આંક ૭૩૪૪નો હતો. તેની સામે આ વર્ષે આ આંક બમણો થઈને ૧૫ હજારે પહોંચ્યો છે. ૨૦૩૦ સુધીમાં આ આંક ૫૦ હજાર સુધી પહોંચે તેવા પ્રયાસ ફ્રાન્સ કરે છે.

★ ઈટાલીમાં ૨૦૨૩માં ૯૩ હજાર વિદેશી વિદ્યાર્થીઓ આવ્યા હતા કે જેમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા માંડ ૬૧૦૦ની હતી. ૨૦૨૫માં આ આંકડો ૨૫ ટકાથી વધીને ૭૮૦૦ને આંબી ગયો છે. આવતા વર્ષે આ આંકડો ૧૨થી ૧૫ હજાર પર પહોંચે તેવી શક્યતા છે.

★ સ્પેનમાં ૨૦૨૩-૨૪ના વર્ષમાં ૧૦૮૭ ભારતીય વિદ્યાર્થીઓ ભણતા હતા. તેની સરખામણીએ ૨૦૨૫માં આ આંકડો ત્રણથી ચાર હજારને પાર ગયાનો અંદાજ છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 6 | 2 | | | 4 | |
| | 1 | 6 | 9 | | 5 | | | 2 |
| | 8 | 7 | 4 | | | 5 | | 9 |
| 7 | | 1 | | 6 | 3 | 4 | | |
| 8 | | | | | | | | 3 |
| | | 3 | 1 | 4 | | 8 | | 7 |
| 1 | | 9 | | | 4 | 2 | 5 | |
| 6 | | | 7 | | 2 | 9 | 3 | |
| | 4 | | | 9 | 6 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | | 8 | 1 | |
| 2 | | 6 | | 3 | 7 | | | 9 |
| 4 | 1 | | 8 | | 6 | 2 | | |
| | 4 | | | 1 | | 6 | | |
| | 2 | 1 | | 7 | | 3 | 5 | |
| | | 8 | | 4 | 3 | | 7 | |
| | | 2 | 4 | | | | 6 | 5 |
| 8 | | | 7 | 6 | | 1 | | 3 |
| | 7 | 9 | | | 1 | | | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | | | | 3 | | | 9 |
| | | | 7 | | 1 | 2 | | 6 |
| 7 | | 5 | 4 | | | | | 8 |
| 9 | | 7 | | 2 | 8 | | 1 | |
| | 1 | 4 | | | | 6 | 8 | |
| | 8 | | 1 | 6 | | 5 | | 7 |
| | | | | | 2 | 8 | | 5 |
| 4 | 5 | 6 | 8 | | 9 | | | |
| 8 | | | 3 | | | | 6 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 2 | | | 8 | 5 | 7 |
| | 4 | | | 7 | | | 2 | |
| 8 | 7 | | | 5 | 3 | 4 | | |
| 6 | | 4 | 5 | | 2 | | | 3 |
| | 2 | | | 8 | | | 1 | |
| | 1 | | 7 | | 9 | 2 | | 4 |
| | | 6 | 1 | | 7 | | 3 | 8 |
| | 9 | | | 3 | | | 7 | |
| 1 | 3 | 7 | | | 8 | 5 | | 2 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 4 | 5 | 2 | 8 | 1 | 3 | 9 |
| 3 | 5 | 9 | 1 | 6 | 4 | 7 | 2 | 8 |
| 2 | 8 | 1 | 7 | 3 | 9 | 4 | 6 | 5 |
| 9 | 1 | 6 | 4 | 8 | 3 | 2 | 5 | 7 |
| | 4 | 2 | 9 | 5 | 6 | 3 | 8 | 1 |
| 8 | 3 | 5 | 2 | 1 | 7 | 9 | 4 | 6 |
| 1 | 6 | 8 | 3 | 9 | 2 | 5 | 7 | 4 |
| 5 | 2 | 7 | 8 | 4 | 1 | 6 | 9 | 3 |
| 4 | 9 | 3 | 6 | 7 | 5 | 8 | 1 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 8 | 1 | 2 | 3 | 4 | 6 | 9 |
| 1 | 2 | 4 | 9 | 7 | 6 | 8 | 3 | 5 |
| 3 | 6 | 9 | 4 | 5 | 8 | 7 | 1 | 2 |
| 4 | 5 | 2 | 8 | 1 | 9 | 3 | 7 | 6 |
| 6 | 9 | 3 | 2 | 4 | 7 | 1 | 5 | 8 |
| 8 | 1 | 7 | 3 | 6 | 5 | 2 | 9 | 4 |
| 2 | 4 | 6 | 5 | 3 | 1 | 9 | 8 | 7 |
| 9 | 3 | 5 | 7 | 8 | 4 | 6 | 2 | 1 |
| 7 | 8 | 1 | 6 | 9 | 2 | 5 | 4 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 4 | 1 | 8 | 7 | 5 | 6 | 9 |
| 9 | 1 | 5 | 3 | 4 | 6 | 7 | 8 | 2 |
| 7 | 6 | 8 | 5 | 2 | 9 | 4 | 3 | 1 |
| 6 | 2 | 3 | 9 | 7 | 5 | 8 | 1 | 4 |
| 5 | 8 | 9 | 4 | 1 | 3 | 6 | 2 | 7 |
| 1 | 4 | 7 | 2 | 6 | 8 | 3 | 9 | 5 |
| 4 | 9 | 6 | 8 | 5 | 1 | 2 | 7 | 3 |
| 8 | 5 | 1 | 7 | 3 | 2 | 9 | 4 | 6 |
| 3 | 7 | 2 | 6 | 9 | 4 | 1 | 5 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 8 | 9 | 3 | 5 | 2 | 7 | 4 |
| 7 | 3 | 2 | 6 | 4 | 8 | 5 | 9 | 1 |
| 4 | 9 | 5 | 1 | 7 | 2 | 6 | 3 | 8 |
| 1 | 8 | 7 | 2 | 9 | 3 | 4 | 6 | 5 |
| 5 | 4 | 6 | 8 | 1 | 7 | 3 | 2 | 9 |
| 3 | 2 | 9 | 4 | 5 | 6 | 8 | 1 | 7 |
| 9 | 7 | 3 | 5 | 6 | 4 | 1 | 8 | 2 |
| 8 | 6 | 4 | 7 | 2 | 1 | 9 | 5 | 3 |
| 2 | 5 | 1 | 3 | 8 | 9 | 7 | 4 | 6 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

*જય જિનેન્દ્ર.*

*સ્મિતાના વંદન.*

હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ (KJSS)ની દીકરી છું અને બેંગ્લોર પરણી છું. કુટુંબ સાથે ત્યાં સુખેથી રહું છું.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ...***

અમદાવાદ KJSSના ફાલ્ગુની અને હિરેન કુંવરજી, સોનલ અને નવદીપ કુંવરજી (અડાલજ) તથા સુલુ અને જલદીપ કુંવરજી – એ ત્રણ મારા મોટા ભાઈઓ છે. અમે બધા હળીમળીને પ્રસંગો ઊજવીએ છીએ અને ખૂબ જ સરસ રીતે KJSSની બધી જ સગવડોનો પણ લાભ લઈ રહ્યા છીએ. જ્યારે અમદાવાદ આવું ત્યારે અહીં ફૂલ બોડી ચેક અપ ખૂબ સસ્તા ભાવે સારામાં સારા ડૉક્ટર પાસે કરાવી લઉં છું. બેંગ્લોરમાં તો ખૂબ દૂર સુધી જવું પડે અને પાછો આખો દિવસ જાય...

> *પ્રસંગો ઊભા કરી શકાય અને એ બહાને કુટુંબો એકબીજા સાથે પણ સંબંધ બનાવી શકે... નહિંતર આજકાલની જિંદગીમાં બાળકો પોતાની ત્રીજી પેઢીને પણ ઓળખે છે?*
>
> *– સ્મિતા પંકજ ધરમશી (બેંગ્લોર)*

આજે મારે વાત કરવી છે આ KJSSના પાલડી ભવન વિશે અને અમે કરેલા તેના એક યુનીક ઉપયોગ વિષેની...

આ અમારા ભાભી સુલુબેનને એક વિચાર આવ્યો કે આપણા પિતાજી કુંવરજી પાશ્વીર નાગડા – જે વર્ષ ૨૦૦૦માં અરિહંત શરણે ગયાં, તેમની આ જન્મ શતાબ્દી છે. તે નિમિત્તે આપણે બધાં જ – ચારેય ભાઈઓ અને બહેન, ભેગા થઈ તેને ઉજવીએ!

વળી ભાઈ હિરેને એક નવો આઈડિયા ઉમેર્યો... કે આપણે પિતાજીના ભાઈઓ અને તેમના કુટુંબીજનોને બોલાવીએ. આપણી પાસે તો ભવન છે જ ને? રહેવા-જમવાની વ્યવસ્થા કરી લઈશું. કાર્યક્રમ પણ હોલમાં થઈ જશે. તો બધાએ આ આઈડિયાને વધાવી લીધો.

આમ નવદીપભાઈ, કે જે ગુજરાતી ફિલ્મોના ડાયરેકટર રહી ચૂક્યાં છે, તે કહે કે હું પપ્પા ઊપર એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવી દઈશ. સુલુ ભાભી કહે, હું બધાં જ ટંક જમવાની વ્યવસ્થા કરી દઈશ. બધું ફટાફટ નક્કી કરી દીધું. દિવસ નકકી થયો તા. ૦૯-૧૧-૨૦૨૫ અને આમંત્રણો બનવા મંડ્યા. છેક ૫ પેઢીના ભાઈ-બહેનોને શોધવા લાગ્યાં અને બધા જ અમારા સીધા કઝીનો કે બીજી ત્રીજી પેઢીના કઝીન ભાઈ બહેનો... જોતજોતામાં ૨૦૦ જણનું લીસ્ટ બની ગયું. તેમાંથી કોચીન કે મહારાષ્ટ્ર કે અમદાવાદ કે વિદેશમાં રહેતાં લોકોનો સંપર્ક કર્યો, ભાઈ હિરેન અને મેં...

૯૦-૧૦૦ જણના જવાબ "હા" માં આવ્યા કે કુંવરજીભાઈ જી જન્મ શતાબ્દી આય? આંઊ ત અચીંધો અને હજી તો ઘણાનાં સંપર્કમાં કોઈ નજીકનું કુટુંબી ન હોવાથી તેઓ સુધી પહોંચી પણ ન શક્યા.

ખેર છેવટે ૭૫/૮૦ જણ આવી શક્યાં. બીજીવાર આના કરતાં મોટી ઉજવણી કરવી છે. ત્યાં સુધીમાં શોધી પણ લઈશું...

ભાઈ હિરેને (તમારો HK) બહારગામથી આવનારાને બે મહિના પહેલા તારીખો નક્કી કરવામાં આવે તો જ ટ્રેઈનની ટિકિટ બુક કરાવી શકાય. તેથી છેક જુલાઈ મહિનામાં બધું નક્કી કરી લીધું. ભવનમાં હોલ અને ચોથા માળે રૂમ બુક કરાવી દીધા, એડવાન્સ પૈસા ભરી દીધા. આવનાર-જનારની ટિકિટો મુજબ કાર્યક્રમની વિગત એક-એકને પૂછી લીધી અને તે મુજબ ચેક-ઈન ચેક-આઉટના ચાર્ટ બનાવી દીધા. તેમની જરૂરિયાત, ઉંમર અને સગવડ અગવડ અને તેમની આદત મુજબ રૂમોની ફાળવણી પણ કરી દીધી. અને તે ચાર્ટ ભવનમાં પણ આપી દીધો અને આવનારા મહેમાનોને પણ. અગાઉથી જ તેમનાં આધાર કાર્ડ મંગાવી લીધાં જેથી આવે કે તરત રૂમ મળી જાય, રાહ ન જોવી પડે...

આમ આવી ગઈ તા. ૬-૧૧-૨૫. અમારા મહેમાનો આવવાના શરૂ થયાં. એક એક રૂમ અપાતી ગઈ. કેન્ટીનમાં સરસ નાસ્તો, જૈન સાદુ જમણ અને અમદાવાદની જોવાલાયક જગ્યાઓની મુલાકાત, મહુડી દર્શન કે શંખેશ્વર, અંબાજીની સફર કે સગાંવહાલાંની મુલાકાત અને ખબર-અંતર પૂછવાની નાની નાની વિઝીટ... આમ આવનાર મિત્રોએ આ મુલાકાત વસુલ કરી લીધી. આમ આવ્યો મુખ્ય દિવસ ૯-૧૧. જ્યારે પેલી ફિલ્મ જોવાની સાથે સાથે પપ્પાના સંભારણાં બધાંએ કહ્યાં. જૂની વાતો યાદ કરીને કેટલાંક ખૂબ હસ્યાં તો કેટલાંક ખૂબ રડ્યાં પણ ખરાં. પછી ઓળખાણ આપવાનો દોર ચાલ્યો. ચાર ચાર પેઢીના વડીલો હાજર અને દિકરાનો વહુઓ સાથે તેમનાં દિકરા-દિકરીઓ-જમાઈઓ અને તેમનાં પણ બાળકો







આવેલાં . દરેકે આપેલી માહિતી દરમિયાન સાંભળેલી તેમની સિધ્ધિઓ માટે ગૌરવ થાય તેવું ખાસ બન્યું અને જેને માત્ર ભાખોડિયાં ભરતાં જોયાં હતાં, તેઓ આટલી મોટી સફળતાના સ્વામિ બની ગયાં તે જાણી ખૂબ આશ્ચર્ય અને આનંદ થયો..

આમ, આ એક અભૂતપૂર્વ સંમેલન બની ગયું.

નવી પેઢીને પોતાનાં કઝીનો સાથે દોસ્તી કેળવતી જોઈને આંખો ખુશીથી ભરાઈ ગઈ.

આપણાં નાનપણના બાંધેલાં અભિપ્રાયોને લીધે કંઈ કેટલીયે વ્યક્તિઓને વરસો સુધી ન મળાયું હોય અને આમ વરસો પછી આ અધકચરાં અભિપ્રાયોની સામે તેમણે બીજાં માટે કરેલી સેવાઓ વગેરે સાંભળી ખૂબ જ સારું લાગ્યું કે ચાલો હવે કોઈ મનદુ:ખ કે ગેરસમજ વિના બાકીની જિંદગી તે બધાં જ કુટુંબીએ સાથે જીવવાનો નવો મોકો જિંદગીએ આપણને આપી દીધો. મોકાનો લાભ લઈ કોઈ પણ જૂનાં બાયસ વિના જિંદગી જીવવાની નવી નેમ લઈ સૌ છૂટાં પડ્યા.

મારે ખાસ વાત કરવી છે કે KJSSના આપણા વડીલોએ આવી મોકાની જગ્યાએ પાલડીમાં બનાવેલું, સમાજના દરેક વ્યક્તિને અત્યંત ઉપયોગી સાબિત થાય તેવું આ કચ્છી ભવન – જેમાં ચોથા માળે હવા ઉજાસવાળા તથા એર કન્ડિશન અને પંખો, ટી.વી., ઈન્સ્ટન્ટ ગીઝર, બે બેડ સાથે એક્સ્ટ્રા બેડવાળા પંદરેક રૂમો છે. બધા રૂમોની વચમાં ચા નાસ્તો અથવા જમણ પણ કરી શકાય અને ગરબા પણ રમી શકાય. કે ખુરશીમાં બેસીને બધાં સાથે મળીને વાતો પણ કરી શકાય તેવી ખૂબ જ મોટી, ખાલી, ખુલ્લી પણ કવર્ડ જગ્યા છે જે અનોખી છે. જ્યાં પાણીનું કૂલર પણ છે. અહીંનો સ્ટાફ ખૂબ જ મદદરૂપ છે અને સરસ રીતે સેવા કરે છે.

બીજા માળે કેન્ટીન છે જેમાં શુદ્ધ જૈન ચા-નાસ્તા, જમણની વ્યવસ્થા છે જે ગેટ-ટુ-ગેધરમા ખૂબ જ ઉપયોગી તથા એકલા રહેવું હોય અને બહાર જવું ન પડે તે માટે પણ આશીર્વાદરૂપ છે. અહીં પહેલા માળે ખૂબ જ અદ્યતન મોટો હોલ છે. જેમાં નાના મોટાં પ્રસંગો ભેગા મળીને ઉજવી શકાય અને હોલમાં જ જમણ પણ થઈ શકે તે રીતે વ્યવસ્થા કરવામાં આવી છે. પાર્કિંગની પણ સગવડ છે, વોકિંગ ડિસ્ટન્સ પર દેરાસર આવેલું છે.

અહીં મેડિકલ સેન્ટર પણ ચાલે છે જેમાં પેથોલોજી લેબ પણ છે અને ખૂબ જ વ્યાજબી દરે સમાજ તથા અન્ય વર્ગ માટે નિષ્ણાંત ડોકટરો સેવા આપી રહ્યાં છે. જેથી સારવાર અર્થે રોકાવા માટે પણ ઉત્તમ જગ્યા છે. બીજા માળે નવા અદ્યતન રૂમો બનાવેલ છે. આમ, આ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ગૌરવ સમાન શ્રી કચ્છી જૈન ભવન સાચે જ વ્યાજબી અને સગવડતાભર્યું તથા અમદાવાદમાં એક આશીર્વાદરૂપ જગ્યા છે.

મારી તો બે સલાહ છે મારા સમાજ નાં લોકોને... કે આવી સગવડને લીધે આવા નાના પ્રસંગો ઊભા કરી શકાય અને એ બહાને કુટુંબોએ એકબીજા સાથે પણ સંબંધ બનાવી શકે... નહિંતર આજકાલની જિંદગીમાં બાળકો પોતાની ત્રીજી પેઢીને પણ ઓળખે છે?

***સ્મિતા પંકજ ધરમશી - બેંગ્લોર***

## ભારતીય વિદ્યાર્થીઓનું અમેરિકા - કેનેડાની કોલેજોમાં એડમિશન ઘટ્યું

★ અમેરિકામાં ગયા વર્ષે બાઈડન પ્રમુખ હતા ત્યારે અમેરિકામાં ૧૧ લાખ વિદ્યાર્થીઓએ એડમિશન મેળવ્યા હતા. ૨૦૨૫માં સવા ત્રણ લાખ વિદ્યાર્થીઓના જ એડમિશન થયા હતા. અમેરિકા જતા ભારતના વિદ્યાર્થીઓમાં જ ૪૫ ટકા જેવો માતબર ઘટાડો થયો છે.

★ ૨૦૨૩માં ૨૦,૯૦૦ ભારતીય વિદ્યાર્થીઓએ કેનેડા જવા અરજી કરી હતી. તેની સરખામણીએ ૨૦૨૫માં માત્ર ૪૫૧૫ વિદ્યાર્થીઓએ જ વિઝા માટે અરજી કરી હતી. કેનેડાના ઈમિગ્રેશન વિભાગે પણ ભારતીય સ્ટુડન્ટ્સની અરજીઓ મોટા પ્રમાણમાં રીજેક્ટ કરીને તેમને પોતાના દેશમાં આવતા રોક્યા છે. એક વર્ષ પહેલા રીજેક્શન રેટ ૩૨ ટકા હતો, જે વધીને ૭૪ ટકા થયો.

# પ્રતિભાવ

નવેમ્બર-૨૦૨૫નો 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર પાનખરની ઋતુ, લહેરાતી પાંદડીઓ તથા ઋતુને અનુરૂપ કાવ્યપંક્તિ પ્રશંસનીય છે. સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારનાં શુભેચ્છા સંદેશમાં નિર્દેશિત વાક્યો સચોટ છે. થોડામાં ઘણો સંદેશ આપી જાય છે. તંત્રીલેખમાં સમાજની પ્રવૃત્તિઓની જે રૂપરેખા આપી છે તે દર્શાવે છે કે સમાજે જ્ઞાતિ પૂરતી મર્યાદિત પ્રવૃત્તિઓ ન રાખતા સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારેલ છે. અમદાવાદના વિવિધ એરિયામાં ૪ જગ્યાએ કિફાયતી દરના મેડિકલ સેન્ટર, ૩ જગ્યાએ ડાયાલિસિસ સેન્ટર, ૩ જગ્યાએ અતિથિ ભવન, એક જગ્યાએ વિવિધ પ્રવૃત્તિઓ માટે વિશાળ હોલ કાર્યરત છે. આ ઉપરાંત છેલ્લા ૧૨ મહિનામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લેનાર કુલ ૪,૧૦,૪૨૨ વ્યક્તિઓ છે; જે સેવાકીય પ્રવૃત્તિઓનો ઊંચો ગ્રાફ દર્શાવે છે. અતીતના ઓવારેથી લેખમાં સંસ્થાની (૧) તા. ૪-૮-૧૯૬૮, (૨) તા. ૨૫-૧૧-૧૯૬૮, (૩) તા. ૨૬-૧૧-૧૯૬૯ અને (૪) તા. ૨૮-૧૨-૧૯૬૯ની સામાન્ય સભાની કાર્યવાહી નોંધથી વાકેફ થવાય છે. તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભામાં 'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ'ના બદલે 'શ્રી કચ્છી જૈન સમાજ' રાખવાનું નક્કી થયું જેવી પાયાની જાણકારી મળે છે. શ્રી હરખચંદ કુંવરજી સાવલા સંચાલિત સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ તથા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર દ્વારા ચાલતી વિવિધ વ્યક્તિત્વ ઘડતર તથા જીવન ઘડતરની માહિતી પ્રેરકબળ બની રહે છે. 'સફળતાના શિખરે' નામની જીવનમાં સંઘર્ષ કરતા સફળતાની કેડી પર પોતાનો ધ્યેય હાંસલ કરનારાઓની કથા રજૂ કરવા બદલ તંત્રી મંડળને અભિનંદન. પ્રથમ લેખમાં જ સીમા શાહ અને બીના શાહની IAEC EDUCATION તથા MIGRATION બાબતે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવા ધોરણો પ્રસ્થાપિત કરેલા છે. સમાજના યુવાનોને માર્ગદર્શક બની રહેશે. શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદની દૈનિક ડાયરી પર નજર નાંખતા વિવિધ મેડિકલ સેન્ટરમાં અપાતી તબીબી સુવિધાઓ / સેવાઓની જાણકારી મળે છે. શ્રી કે.ડી. શાહ દ્વારા વિલ અંગે ઘર ઘરમાં સોનેરી સૂરજ ઉગી ઉઠે તે માટેના સૂચનો થોડામાં ઘણું કહી જાય છે. જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતીમાં ડિજીટલ પેનની ટેકનોલોજી, લીફ્ટ, ૪૦ રસીઓના શોધક મોરીસ હિલમેન, સાપની કાંચળી તથા ખાંડની શોધ બાબતે અવનવી રસપ્રદ માહિતી મળે છે. જે વૈવિધ્યપૂર્ણ હોવાથી વાંચકોને જકડી રાખે છે. તીર્થદર્શન શ્રેણીમાં શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ જ્યાં પ્રભુ મહાવીરે જીવનના ૩૦ વર્ષો ગાળ્યા હતા તેમજ શ્રી કલકત્તા તીર્થ તેની કોતરણી, મીનાકારી, તળાવ, લીલાછમ બગીચા ધરાવતું આ તીર્થ "Beauty of Bengal" તરીકે ખ્યાતનામ છે તે જાણી આનંદ થયો. આ અંકમાં જીવન ઘડતરમાં પ્રેરક બને તેવી લેખમાળા, સમાજની પ્રવૃત્તિઓની રૂપરેખા, વિવિધ સ્પર્ધાઓ, પ્રસંગને અનુરૂપ તસવીરી ઝલક, સમાજના તમામ સભ્યો, વાંચકોમાં તેની લોકપ્રિયતા અકબંધ જળવાઈ રહેલ છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

# કચ્છડો લીલોછમ્મ

કચ્છમાં આ વખતે ધોધમાર વરસાદ પડ્યો છે. એને કારણે હજારો એકર જમીન તો એવી, જેમાં એના માલિકોએ પહેલીવાર વાવણી કરી છે. હાજીપીરથી કાળા ડુંગરના રસ્તે આવી નવવિકસિત કેટલીક ખેડ જોવા મળે છે. એ સિવાય પણ સમગ્ર કચ્છમાં હરિયાળી છવાયેલી છે. કચ્છની ભૂગોળ એક યુગયુગાંતરના આરાવારામાં ફરતી રહેતી ભૂગોળ છે. કચ્છની પ્રજા માટે સંઘર્ષ એક જ સ્થિર છે, બાકી બીજું બધું પરિવર્તનશીલ છે. એક પ્રચલિત માન્યતા છે કે આગામી પચીસેક વરસમાં અરબી સમુદ્ર સફેદ રણ પર ફરી વળશે. સમગ્ર ગુજરાતમાં કચ્છડો બારેમાસ માફક આવે એવું ફક્ત કચ્છ માટે કહી શકાય છે. કચ્છ ગુજરાતના બધા જિલ્લાઓમાં વડીલ જિલ્લો છે. મોટા ભાઈ જેવો કચ્છ બાકીના ગુજરાતના નાના ભાઈ સમા જિલ્લાઓને પાકિસ્તાનથી સુરક્ષિત રાખે છે. રણની ગરમી અને દરિયાની ખારાશ પચાવીને બેઠેલો કચ્છ ખરા અર્થમાં વડીલપણાને લાયક છે.

સફેદ રણ, પીળું રણ, યાયાવર પક્ષીઓના વેકેશન હાઉસ જેવા રમણીય સરોવરો અને પ્રાણીઓનાં અભયારણ્ય બધું એક જ જિલ્લામાં છે. એક નાના દેશની જે લાક્ષણિકતાઓ હોય અને એમાં જે વૈવિધ્ય હોય એ બધું કચ્છમાં છે. શિયાળામાં ઠરી જતો અને ઉનાળામાં તપી ઉઠતો કચ્છ ભારે નાટકીય છે. છતાં પણ એ વિસ્તારની સાદગી અને પીઢતા દિલને સ્પર્શી જાય તેવી છે. અહીંના લોકજીવનની સૌથી મોટી સમસ્યા એ છે કે સરકાર દર વરસે લોકહિતનાં કાર્યો માટે જે અનુદાન ફાળવે છે તેમાંની મહત્ રકમ તો વપરાયા વિના કેન્દ્ર અને રાજ્યની તિજોરીમાં પાછી ફરે છે. એનો નિયમિત ઉહાપોહ ચાલુ હોય છે પણ ફેર કંઈ પડતો નથી. આ વરસે કચ્છમાં એટલો વરસાદ થયો છે, હજુય રસ્તાની બંને બાજુ છલકછાલક મેઘજળ ભરેલા છે. હતા તે બધા સરોવર છલકાયેલા છે. ઉપરાંત કેટલીક પડતર અને ખરાબાની જમીનોમાં નવા સરોવરો અસ્તિત્વમાં આવ્યા છે.

કચ્છનું ભૂસ્તર ભૂકંપ પછી સંપૂર્ણ બદલાઈ ગયેલું છે. એ હતું એનાથી તો ક્યાંય અધિક ફળદ્રુપ થઈ ગયું છે. ભૂકંપ પહેલાના વરસોમાં કચ્છની કેરીને કોઈ ઓળખતું ન હતું, પણ પછી તો કચ્છી કેસરે દેશ અને વિદેશમાં પોતાનો એક અલગ જ ચાહક વર્ગ ઊભો કર્યો. ભૂકંપ પછી કચ્છના ખાદ્ય કૃષિ ઉત્પાદનોની ગુણવત્તામાં એકાએક વધારો થયો. કચ્છી શાકભાજીનો ટેસ્ટ પણ અપગ્રેડ થઈ ગયો. કચ્છમાં દૂધાળા પશુઓની સંખ્યા પણ નાનીસૂની નથી. ઘાસચારો પણ બદલાયો છે. એને કારણે દૂધની મીઠાશ પણ વધી. કચ્છની કૃષિમાં કેટલાક ચમત્કારિક ફેરફારો થયા છે પણ એ એક અલગ પ્રકરણ છે.

અહીં રણ છે પણ રેતી નથી. આ વખતના વારંવારના વરસાદને કારણે કચ્છના વિખ્યાત સફેદ રણમાં અત્યારે વરસાદી જળ ભરાઈ ગયા છે. આ જળ સૂકાતાં હજુ એકાદ મહિનો લાગશે. સફેદી કી ચમત્કાર અત્યારે નામશેષ થઈ ગઈ છે. સામખિયાળીનો પુલ આઠ લેનનો કરવાની જૂની દરખાસ્ત હજુ એમને એમ પડી છે. કામ ચાલે અને ન પણ ચાલે. એને કારણે બહુ જ લાંબા પુલ પર સદાય ટ્રાફિક જામ રહે છે. અત્યારે જ અંતરિયાળ વિસ્તારમાં નાના તળાવોની ચારેકોર પ્રવાસી પંખીઓના ઉડ્ડયનો છે. શિયાળો પંખીઓની પ્રવાસી મોસમ છે. આ શિયાળામાં કચ્છમાં લાખો પંખીઓના અવતરણ થશે. કચ્છનું હવામાન હવે બદલાઈ ગયું છે. કચ્છના ભૂસ્તર, જળવાયુ કે વન્યસૃષ્ટિ પર ધ્યાન આપવામાં ગુજરાત સરકાર ઘોર ઉદાસીન છે. ખુદ કચ્છના નેતાઓનો ફ્લોપ શો કચ્છી પ્રજાએ અનેકવાર જોયો છે અને હજુ પણ જુએ છે.

કચ્છ ફિનિક્સ પંખી જેવું છે. રાખમાંથી બેઠું થાય એવું. ભૂકંપે જમીનદોસ્ત કરી નાખેલું કચ્છ આજે વિશ્વભરમાંથી પ્રવાસીઓ અને ખાસ કરીને વ્યાપારીઓને આકર્ષે છે. ઇ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી બિલ ક્લિન્ટને કચ્છની મુલાકાત લીધી હતી. તેઓ જો આજે ફરીથી એ પ્રદેશની મુલાકાત લે તો ઓળખી જ ન શકે. કચ્છે અદ્‌ભુત પ્રગતિ કરી છે. કોઈ પણ પ્રદેશના વિકાસ માટે પાણી અનિવાર્ય તત્ત્વ છે. જળતત્ત્વ હંમેશાં કચ્છ પ્રદેશથી રિસાયેલું રહ્યું છે. છતાં પણ કચ્છ હરણફાળ ભરતું રહે છે. અરબી સમુદ્ર, પાકિસ્તાન સાથેની સરહદ અને કચ્છના અખાત વચ્ચે આવેલા આ પ્રદેશ પોતાની અંદર ભાતીગળ સંસ્કૃતિ સાચવીને બેઠો છે. કચ્છી ભાષાને પોતાનું આગવું લાવણ્ય છે. કચ્છી માડુને મળતા પોતીકાપણું મહેસૂસ થાય છે. સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી આજ સુધી કચ્છ વિવિધ માનવોની વસાહતનું સાક્ષી રહ્યું છે. કચ્છી કહેવત અને લોકગીતોમાં અગ્રેસર છે. કચ્છમાં રહેવું એક લહાવો છે. ત્યાંની ગ્રામ્ય સંસ્કૃતિ બાકીના ગુજરાત કરતાં અલગ પડે છે.

***"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી***

# શીળો છાંયડો આપતા વડીલો સાથે વૃક્ષોની થતી ઉમદા સેવાને સલામ!

જગદીશચંદ્ર છાયા

રાજકોટ 'સદભાવના વૃદ્ધાશ્રમ'ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ સ્તુત્ય છે. ત્યાં વડીલો અને વૃક્ષોના લાભાર્થે તા. ૨૩ નવેમ્બર થી ૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન મોરારીબાપુની કથા યોજાઈ હતી. એ માટે મારો રાજીપો વ્યક્ત કરું છું.

આજે વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે ત્યારે એ સંદર્ભે સકારાત્મક અને નકારાત્મક બન્ને પાસાની ચર્ચા થાય એ સ્વાભાવિક છે.

એક સમયે હું વૃદ્ધાશ્રમનો કટ્ટર વિરોધી હતો. હવે વરિષ્ઠ વયે હું એનો સમર્થક બની ગયો છું. એમ થાય છે કે કદાચ હવે મારી વિચારશક્તિ પુખ્ત બની હશે.

આ સંદર્ભે એક અનુભવ રજૂ કરું. અમારી શાળાના પ્રવાસ દરમિયાન, વચ્ચે એક વૃદ્ધાશ્રમની મુલાકાત પણ લેવાનું થયું. વિઝીટ લીધા બાદ શાળાના આચાર્ય તરીકે મને વિઝીટ બુકમાં 'નોંધ' લખવા કહેવાયું. મેં મોકો ઝડપ્યો. એમાં મેં મારાં મનની વાત લખી જ નાખી. મેં ત્યાંની વિઝીટ બુકમાં લખ્યું : 'આ સંસ્થાની સંખ્યા સતત ઘટતી રહે એવી શુભેચ્છા!'

જી. મારી શાળાના શૈક્ષણિક પ્રવાસ દરમિયાન એક વૃદ્ધાશ્રમની વિઝીટ બુકમાં ભલે મેં મારાં મનની વાત લખી હતી પણ જો હવે કોઈ વૃદ્ધાશ્રમમાં વિઝીટ બુકમાં લખવાની મને તક મળે તો લખું કે : 'આ સંસ્થાની સંખ્યા ઘટતી રહે પણ સંસ્થાને ક્યારેય કાયમી તાળા ન લાગે.'

આમ લખવા પાછળ કારણ છે – સમાજનાં બે ચિત્રો...

નિરાધાર વડીલોની હાલત કફોડી છે એમના માટે તો વૃદ્ધાશ્રમ આશીર્વાદરૂપ જ છે. પણ ઘરમાં તોછડાઈ, નફરત, તુંકારો, અપમાન સહન કરતાં ફિક્ષ થાળી જમતાં વડીલોની સંખ્યા ઓછી નથી. આવું કષ્ટ સહન કરવાની એમની ઉંમર નથી. આ રીતે નર્ક જેવાં ઘરમાં ગોંધી રખાતાં એવાં વડીલોને શોધી શોધીને 'અપનાઘર' જેવાં વૃધ્ધાશ્રમમાં લાવવા સેવાભાવી સંસ્થાઓ આગળ આવે એ આજના યુગની માંગ છે. એમને વૃદ્ધાશ્રમમાં સ્થાન આપશો, સેવા કરશો તો ખરેખર સાચી સેવા થશે. સંસ્થાનો હેતુ સાર્થક થશે.

તો બીજી બાજુ એવાં સમજુ વડીલો પણ છે, જેમને ઘરમાં કોઈ જ તકલીફ ન હોવા છતાં, નવી પેઢીને મોજથી રહેવાનો માર્ગ સરળ કરવા માટે તેઓ સામેથી વૃદ્ધાશ્રમમાં જવા માગે છે. પણ ઘરનાં સભ્યો એમને રોકે છે. ઉલટું કહે છે, 'આપની સારસંભાળમાં અમારાથી કોઈ ચૂક રહી ગઈ હોય તો જણાવો, અમે એ દૂર કરીશું. પણ આપ રહો અમારી સાથે, અમારાં આંખ માથાં પર, આપ તો ઘરનું તાળું છો, ઘરની છત્રછાયા છો. વૃદ્ધાશ્રમમાં જવાનો ક્યારેય વિચાર સુદ્ધાં ન કરશો. અમે આપની સેવામાં અખંડ હાજર જ છીએ.' પણ પોતાનાં પરિવારજનોને બંધનમાં નહિ રાખવાનો ઉચ્ચ વિચાર ધરાવતા વડીલો વૃધ્ધાશ્રમના સમવયસ્કો સાથે સદ્ભાવનાથી રહેવા માગતા હોઈ આશ્રમની નિઃશુલ્ક સેવા લેવા ઈચ્છતા નથી. એવા વડીલો માટે ખાસ નિયમો બનાવીને આશ્રમમાં જો જગ્યા ઉપલબ્ધ હોય તો – આવકારવા જોઈએ.

નિરાધાર, બીમાર, ગરીબ, ઉપેક્ષિત સાથે સ્વેચ્છાએ આવતા વડીલોનાં કલ્યાણ માટે વૃદ્ધાશ્રમોની વ્યવસ્થા ચાલુ રહેવી જોઈએ. દાતાઓએ પણ ઉદાર દિલથી ત્યાં દાનનો પ્રવાહ વહેતો મૂકવો જોઈએ. વડીલ અને વૃક્ષોની ઉમદા સેવાને સફળતા વરે એ તો નિશ્ચિત છે. આગળ વધો.

વડીલો 'છાયા' સાથે 'ફળ' પણ આપે છે.

ભલે કહેવાય છે, વડીલો 'ફળ' નહીં, ફક્ત 'છાયા' જ આપે છે.' આ વિધાનમાં કેટલું તથ્ય છે? વડીલની ગત પેઢીની આ વાત નથી, આજના વડીલોની વાત છે. આ પેઢીના જે વડીલો સરકારી દીકરી જમાઈ હતા, પેન્શનર હતા. એમને તો આજે બેઠે બેઠે તગડું પેન્શન મળે છે. એ વર્ગ આર્થિક દષ્ટીએ નિશ્ચિત છે. એટલે તો એ લોકો આ 'પેન્શનર ઓટલા' પર બેસીને નિરાંતે ભૂતકાળ વાગોળે છે. આ 'પેન્શનર ઓટલો' વાસ્તવમાં વરિષ્ઠોનો મેળાવડો છે. એટલે અહીં અનેક અનુભવી વડીલોને પોતાનાં મનની વાતો મોકળાશથી વાગોળવાની પૂરતી તક મળશે એવી અપેક્ષા રાખીએ. કેટલાક પેન્શનરો પગ વાળીને બેઠા છે એમ કેટલાક નોકરિયાત નહોતા એવા વડીલો યુવાવસ્થામાં એટલું કમાયા છે કે એમને તગડું વ્યાજ મળે છે અથવા બિઝનેસનો મજબૂત પાયો નાખ્યો છે. આજે ય એમનાં સંતાનો એમાંથી કમાય છે.

અરે, કદાચ કોઈને નવાઈ લાગશે પણ હકીકત છે કે કેટલાંક ઘરો તો ફક્ત વડીલોની આવકથી જ ચાલે છે. તેથી, ઘરનાં સંતાનોની મોટા ભાગની કમાણીની બચત થતી હોય છે. એવાં 'વડીલ આધારિત આર્થિક સ્તંભ' પર નિર્વાહ ચલાવતાં પરિવારોની સંખ્યા ઓછી નથી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)

# ‘પંજાબ કેસરી’ તરીકે જાણીતા જૈનાચાર્યનું જન્મ સ્થળ વડોદરા છે

મનીષ જોશી ‘મૌન’

## *યુગવીર જૈનાચાર્ય વલ્લભસૂરીશ્વરજી મહારાજના ઘડિયાળી પોળ પીપળા શેરીના “વલ્લભ સ્મૃતિ”માં ગુરૂ મંદિર બનશે, પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ*

વિક્રમ સંવત ૧૯૨૭નો કારતક મહિનો એટલે કે વર્ષ ૧૮૭૦ના ઓક્ટોબર માસમાં જૂના વડોદરાના હાર્દ સમા સૂરસાગર તળાવનું સ્વચ્છ પાણી નિરભ્ર આકાશને નીરખી વહ્યા કરતું હતું. સુદ બીજ અને ૨૬મી તારીખે નજીકની ઘડિયાળી પોળમાં આવેલી પીપળા શેરીમાં રહેતા કાપડનો વેપાર કરતા દીપચંદ શાહ અને ઈચ્છાબાઈને ઘરે બાળકનો રડવાનો ‘ઉંવા.. ઉંવા..’ અવાજ સંભળાયો. અને પાડોશી અને સગા વ્હાલાઓએ વધામણા આપ્યા. બાળકનું નામ પડ્યું છગન. બાળકનો ચહેરો તેજોમય હતો. છગન સમજણો થાય તે પૂર્વે જ તેના માતા ઈચ્છાબાઈ અને પિતા દીપચંદભાઈએ મોટા ગામતરાની વાટ પકડી. એ પછી મામાની સાથે છગનભાઈ મોટા થવા લાગ્યા. ગુજરાતી સ્કૂલમાં સાત ધોરણ સુધી ભણ્યા. તેઓ નિયમિત જૈન મહારાજને મળતા. દેરાસરમાં પૂજા અર્ચના કરતા. દરમિયાન જાની શેરીમાં આવેલા ઉપાશ્રયમાં તેમની મુલાકાત જૈન સાધુ વિજયાનંદસુરી સાથે થઈ. અને સાધુ મુનિના સ્પર્શથી છગનભાઈ પુલકિત બની ગયા. હવે તેમને ચોપડિયા જ્ઞાનમાં રસ ન રહ્યો. એમને અગમ વિજ્ઞાન સુગમ લાગવા લાગ્યું હતું. ૧૭ વર્ષની વયે એટલે કે ૧૮૮૭ના મે માસની પાંચમી તારીખે શ્વેતાંબર વિજયાનંદસૂરી (આત્મારામ) મહારાજ પાસે ઉત્તર ગુજરાતના રાધનપુરમાં જૈન સાધુ મુનિ વલ્લભવિજય દીક્ષા લઈ પરમાર્થના કામ માટે ચાલી નીકળ્યા. તેઓ વિચરણ માટે પંજાબ પહોંચ્યા. પંજાબમાં સાધર્મિક અને શૈક્ષણિક સહિતના સદ્કાર્યો શરૂ કર્યા. તેને કારણે પંજાબના જૈન સંઘે તેમને ‘પંજાબ કેસરી’નું હુલામણું નામ આપ્યું.

પંજાબથી તેઓ સમાજ સેવા કરવા માટે છેક લાહોર સુધી જતા. માગશર સુદ ૫, વિક્રમ સંવત ૧૯૮૧ના રોજ સુમતિવિજય મહારાજે લાહોરમાં તેમને આચાર્યની પદવી આપી. બાદ જૈન સંઘ દ્વારા તેમને પટ્ટધર તરીકે પણ સન્માનિત કરવામાં આવ્યા.

એ અરસામાં ભારતના બે ભાગલા પડી ગયા હતા. વર્ષ ૧૯૪૭માં વલ્લભસૂરીજી ચાતુર્માસ માટે પાકિસ્તાનના ગુજરાનવાલા શહેરમાં હતા. બંને દેશો વચ્ચે કોમી રમખાણ ફાટી નીકળ્યું હતું. મહારાજને ભારત લાવવા ભારત સરકારે વિમાની સેવા આપવા જણાવ્યું. પરંતુ તેઓએ વિનમ્રતાથી કહ્યું કે જૈન સાધુઓ વાહનનો ઉપયોગ કરતા નથી. બાદ ગુજરાનવાલાના અન્ય જૈનો સાથે વાઘા સરહદ સુધી વિના વિઘ્ને પગપાળા પ્રવાસ કરી ભારતમાં પ્રવેશ્યા હતા.

મહારાજ સાહેબે જીવનકાળમાં શિક્ષણ પર ભાર મૂક્યો હતો. શૈક્ષણિક સંસ્થાઓ બનાવવા માટે જૈનોને પ્રેરીત કર્યા હતા. તેમની નિશ્રામાં જ મુંબઈ, વડોદરા અને પુણેમાં મહાવીર જૈન વિદ્યાલય, ફાલનામાં પાર્શ્વનાથ ઉમેદ મહાવિદ્યાલય, અંબાલા અને મોલેરકોટલામાં આત્માનંદ જૈન કોલેજ, લુધિયાણા, અંબાલા, માલેરકોટલા, બગવાડા, હોંશિયારપુર, જાંડિયાલામાં ગુરૂ આત્માનંદ જૈન હાઈસ્કૂલ સહિતની અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. હિંદી, ગુજરાતી, પંજાબી ભાષામાં કેટલાક પુસ્તકો અને ધાર્મિક ગ્રંથો લખ્યા. ઉપરાંત આત્માનંદ જૈન સભાની સ્થાપના કરી હતી. મહાત્મા ગાંધીની ભારતના સ્વતંત્રતા માટેની અહિંસક ચળવળને પણ તેમણે ટેકો આપ્યો હતો. આવા શિક્ષણપ્રેમી સંત વર્ષ ૧૯૫૪ના સપ્ટેમ્બર માસની ૨૨મી તારીખ અને મંગળવારે (આસો વદ ૧૧, વિક્રમ સંવત ૨૦૧૧)ના ૮૪ વર્ષની વયે મુંબઈના ભાયખલ્લામાં કાળધર્મ પામ્યા હતા. તે સ્થળ પર તેમનું એક સ્મારક બાંધવામાં આવ્યું હતું.

વલ્લભસૂરી મહારાજની ૭૧મી પુણ્યતિથિ ભાદરવા વદ અગિયારસ એટલે કે વર્ષ ૨૦૨૫, ૧૭ સપ્ટેમ્બર અને બુધવારના રોજ હતી. યુગવીર આ જૈનાચાર્યના પીપળા શેરીના જન્મસ્થળ “વલ્લભ સ્મૃતિ”માં ત્રણ પેઢી બાદ રહેતા ડૉ. પ્રમોદભાઈએ ધાર્મિક મહત્ત્વ સમજીને એ મકાન જૈન સંઘને અર્પણ કર્યું. તેથી વલ્લભસુરી સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ધર્મધૂરંધરસુરી મહારાજે ગુરૂ મંદિર બનાવવાનું નક્કી કર્યું. અને એ સ્થળે પંચધાતુની ગુરૂ મૂર્તિની વિધિવિધાન સાથે અને દેશ-વિદેશના ભાવિકોની ઉપસ્થિતિમાં સ્થાપના કરવામાં આવી. શિક્ષણ ક્ષેત્રે અલખ જગાવનારા મહાન સંતને કોટી કોટી વંદન.

- **સંવેદના :**

*જબ તક સૂરજ ચાંદ રહેગા,*
*વંદનીય સંત તેરા નામ રહેગા.*

*‘મેઘવર્ષા’, ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઈ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૯૦

### શ્રી કામ્પિલ્યપુર તીર્થ
### (શ્રી વિમલનાથ ભગવાન)



કાયમગંજ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા કમ્પિલપુર ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીવિમલનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ ભૂમિ તેરમા તીર્થંકર શ્રી વિમલનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ જ્ઞાન – આ ચાર કલ્યાણકોથી પાવન બનેલી છે. અહીંના મંદિરોમાં કુશાન અને ગુપ્તકાલીન પ્રતિમાઓની કલાત્મકતાના દર્શન થાય છે. આ ભૂમિમાં રાજા શ્રી પદ્મનાભ થઈ ગયા, જેમણે દીક્ષા ધારણ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પ્રતાપી અને ચક્રવર્તી શ્રી હરિષેણ જેવા ધર્મનિષ્ઠને જન્મ આપવાનું સદ્ભાગ્ય આ ભૂમિને સાંપડ્યું છે. બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં રાજા દ્રુપદની આ રાજધાની હતી. દ્રૌપદીનું આ જન્મસ્થાન. આમ એક સમયે વીસેક માઈલના ઘેરાવામાં પથરાયેલી દક્ષિણ પાંચાલ દેશની આ એક સમૃદ્ધ અને વિરાટ નગરી હતી. અહીંથી પ્રાપ્ત થતા અવશેષો દર્શાવે છે કે અહીં અનેક જૈનમંદિરો હતા. જોકે આજે તો કમ્પિલપુર એક નાનકડું ગામ જ છે. અહીંના મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૦૪માં થઈ હતી. દર વર્ષે પોષ સુદ છઠ્ઠે અહીં મેળાનું આયોજન થાય છે. મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમાની ડાબી બાજુ ભગવાન શ્રી મલ્લીનાથની પ્રતિમા અને જમણી બાજુ ભગવાન શ્રી શાંતિનાથ તેમજ શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત છે. વચલી વેદિકા પર ચાર જોડી પગલાં છે અને મંદિરના કોટના ચારેય ખૂણે કલ્યાણકોની યાદ આપતી ચાર પાદુકાની સ્થાપના કરેલી છે.

## તીર્થ દર્શન-૯૧

### શ્રી બનારસ તીર્થ
### (શ્રી પાર્શ્વનાથ ભગવાન)



બનારસ શહેરના ભેલુપુર મહોલ્લામાં આ તીર્થ આવેલું છે. આ શહેર વારાણસી અને કાશીના નામથી પણ જાણીતું છે. અહીંની 'વરણા' અને 'અસી' નામની બે નદીઓના સંગમની સ્મૃતિ 'વારાણસી' નામમાં જળવાયેલી છે. દિલ્હીથી ૭૬૫ કિ.મી., આગ્રાથી ૫૬૫ કિ.મી. અને લખનૌથી ૨૮૬ કિ.મી. દૂર પરમપાવન ગંગા નદીને કિનારે આ શહેર આવેલું છે. આ ભૂમિ ભગવાન પાર્શ્વનાથના ચાર કલ્યાણકોની ભૂમિ હોવાથી એનો વિશેષ મહિમા છે. જૈન અનુશ્રુતિઓ પ્રમાણે તો અતિ પ્રાચીન કાળમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો જન્મ અહીં થયો હતો. નજીકમાં આવેલી ચંદ્રપુરીમાં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનો અને સિંહપુરીમાં શ્રી શ્રેયાંસનાથ ભગવાનનો જન્મ થયો હતો. ઈ.સ. પૂર્વે નવમી સદીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ થયો હતો. આમ અહીં કુલ સોળ કલ્યાણકો થયેલાં છે. ભગવાન મહાવીરના સમયમાં આ મલ્લ રાજાઓની રાજધાની હતી. પ્રાચીન સમયમાં અહીં અનેક વિશાળ જિનમંદિરો હતાં, પરંતુ કાળના સપાટામાં એમાંનાં કેટલાક નષ્ટ થઈ ગયાં. જોકે પુરાતત્ત્વ ખાતાના સંશોધનને પરિણામે આજે એ ભૂતકાળની માહિતીઓ ઉપલબ્ધ થઈ છે. અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે અને ભીજી પ્રતિમાઓ પણ મળે છે. આ ઉપરાંત અત્યારે બાર જેટલાં શ્વેતાંમ્બર જૈનમંદિરો છે. આ સ્થળ એ હિંદુ ધર્મનું પ્રસિદ્ધ તીર્થ છે. આ નગરી શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાનની ઉપદેશવાણીથી પાવન બનેલી છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*સમયની સાથે ચાલવુ જરૂરી નથી, સત્યની સાથે ચાલો. એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.*

# પિત્તાશય તથા પથરી : સવાલ અને જવાબ

ડૉ. તપન શાહ

***પિત્તાશય અને પથરીને લગતા દરેક પ્રશ્નો માટે સરળ અને સ્પષ્ટ જવાબો – જે સમજવા માટે અનુકૂળ હોય.***

*૧. પિત્તાશયનું મુખ્ય કાર્ય શું છે અને તે પાચનમાં કેવી રીતે મદદરૂપ થાય છે?*

➤ પિત્તાશય (Gall blader) યકૃત (Liver) દ્વારા બનેલું પિત્તરસ (Bile) સંગ્રહ કરે છે અને તેને નાના આંતરડા (Small intestine)માં છોડે છે. પિત્તરસ ચરબીના પાચન માટે જરૂરી છે.

*૨. પિત્તાશયમાં પથરી થવાના સૌથી સામાન્ય કારણો શું છે?*

➤ કોલેસ્ટેરોલનું વધારે સ્તર, પિત્તરસમાં બીલીરૂબીનનું વધવું, પિત્તાશય ખાલી ન થવું, અનિયમિત ખાવા-પીવાની ટેવો.

*૩. પુરુષો કરતા મહિલાઓમાં પથરી કેમ વધુ જોવા મળે છે?*

➤ સ્ત્રીઓમાં હોર્મોનલ ફેરફાર (ઇસ્ટ્રોજન), ગર્ભાવસ્થા, કન્ટ્રાસેપ્ટીવ પિલ્સ વગેરે પિત્તરસમાં કોલેસ્ટેરોલ વધારે છે, જે પથરીનું કારણ બને છે.

*૪. પિત્તાશયની પથરીના મુખ્ય લક્ષણો શું હોય છે?*

➤ પેટના જમણા ભાગમાં તીવ્ર દુઃખાવો, ઉલટી, બ્લોટિંગ, મળમાં ફેરફાર, ખાધા પછી તકલીફ.

*૫. પિત્તાશયની પથરીને પાચન તંત્રના બીજા રોગોથી કેવી રીતે અલગ ઓળખી શકાય?*

➤ દુખાવો ખાસ કરીને ભોજન પછી શરૂ થાય છે. ઉપરી જમણા પેટે કેન્દ્રિત હોય છે અને અલ્ટ્રાસાઉન્ડ દ્વારા સ્પષ્ટપણે પથરી જોઈ શકાય છે.


*૬. પથરી નિદાન માટે કયા ટેસ્ટો જરૂરી છે? શું સોનોગ્રાફી, એ પૂરતી માહિતી આપે છે?*

➤ હા. અલ્ટ્રાસાઉન્ડ (સોનોગ્રાફી) મુખ્ય અને પહેલો ટેસ્ટ છે. ક્યારેક CT Scan, MRCP અથવા ERCP પણ જરૂર પડે.

*૭. પિત્તાશયની પથરીના મુખ્ય પ્રકારો કયા છે?*

➤ (૧) કોલેસ્ટેરોલ પથરી, (૨) પિગમેન્ટ પથરી (બીલીરૂબીન આધારીત), (૩) મિક્સ્ડ પથરી.

*૮. દરેક પ્રકારની પથરીનો ઉપચાર શું અલગ હોય છે?*




➤ મોટાભાગે ઉપચાર સરખો હોય છે – ઑપરેશન. પણ કેટલાક પિગમેન્ટ પથરીમાં ચેપ વધુ થવાની શક્યતા હોવાથી વધુ નજર રાખવી પડે છે.

*૯. પથરીમાં ચેપ લાગવાની સંભાવના ક્યારે વધી જાય છે?*

➤ જ્યારે પથરી ગળાવમાં અટકી જાય છે અથવા લાંબા સમય સુધી રહે છે. પિત્તાશયમાં સોજો આવે ત્યારે ચેપ થાય છે (Cholecystitis).

*૧૦. જો પથરી મોટા Duct (Common Bile duct) માં ફસાઈ જાય તો તેના પરિણામ શું થઈ શકે?*

➤ પાચનતંત્ર બંધ થઈ શકે છે. જોન્ડિસ, પેન્ક્રિયાસનો સોજો (Pancreatitis) અથવા જીવલેણ ચેપ (Sepsis) થઈ શકે.

*૧૧. પિત્તાશયની પથરી માટે કયા પ્રકારનું ઓપરેશન સૌથી સલામત માનવામાં આવે છે?*

➤ Laparoscopic Cholecystectomy – તે સરળ, ઝડપી અને ઓછા કાપાવાળું ઑપરેશન છે "Gold Standard."

***૧૨. Laparoscopic Cholecystectomy શું છે અને તે Open surgery કરતા કેવી રીતે લાભદાયક છે?***

➤ નાના છિદ્રો દ્વારા કેમેરા અને સાધનથી પિત્તાશય દૂર કરવાનું ઓપરેશન. આમાં ● ઓછી પીડા, ● ઓછી રાહતગાહ સમય, ● ઓછો ઈન્ફેક્શન, ● વહેલી રીકવરી થાય છે.

***૧૩. ERCP શું છે અને તે ક્યારે અને કેમ કરવામાં આવે છે?***

➤ Endoscopic Retrograde Cholangio - Pancreatography – એક પદ્ધતિ છે જેમાં ડક્ટમાં પથરી હોય તો એ કાઢી શકાય છે. જ્યારે CBDમાં હોય ત્યારે ઉપયોગ થાય છે.

***૧૪. જો દર્દીને સ્વાદુપિંડમાં સોજો હોય તો સારવાર કેવી રીતે બદલાય છે?***

➤ પહેલા પેન્ક્રિયાસનો સોજો (Pancreatitis) કંટ્રોલ કરવો જરૂરી હોય છે. ત્યારબાદ પિત્તાશયનું ઑપરેશન કરવામાં આવે છે. તરત ઑપરેશન કરવું જોઈએ નહીં.

***૧૫. ડાયાબિટીસ ધરાવતા દર્દીઓમાં પિત્તાશયના ચેપ માટે ખાસ કઈ કાળજી લેવી જોઈએ?***

➤ ● તત્કાલ સારવાર ● એન્ટીબાયોટીક સમયસર ● ઑપરેશનમાં મોડું ન કરવું, ● બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવું.

***૧૬. ક્યારે દવાઓના બદલે તરત સર્જરી જરૂરી બને છે?***

➤ ● પથરી વારંવાર તકલીફ આપે, ● ચેપ થાય, ● પથરી ડક્ટમાં હોય, ● પેન્ક્રિયાસ અથવા યકૃતને અસર થાય.

***૧૭. લોકોમાં એવી માન્યતા છે કે પથરી હોય તો સારવાર માટે કિડની ડૉક્ટર પાસે જ જવું જોઈએ – આ ભૂલ કેવી રીતે સુધારી શકાય?***

➤ જનજાગૃતિ દ્વારા સમજાવવું કે પિત્તાશય પાચન અંગ છે અને તેમાં પથરી માટે સર્જનને જ બતાવવું જોઈએ.

***૧૮. શું પિત્તાશયની પથરીને ઘરગથ્થુ ઉપાયથી નિયંત્રિત કરી શકાય છે?***

➤ નહીં. એકવાર પથરી બની જાય પછી ઘરગથ્થુ ઉપચાર અસરકારક નથી. તે માત્ર લક્ષણો ઓછા કરી શકે છે, પથરી દૂર ન થઈ શકે.

***૧૯. પથરી અટકાવવા માટે જીવનશૈલીમાં શું ફેરફાર કરવો જરૂરી છે?***

➤ ● નિયમિત ભોજન લેવું, ● ઓઈલી અને ફાસ્ટ ફૂડ ટાળવું, ● વજન નિયંત્રણમાં રાખવું, ● શારીરિક વ્યાયામ.

***૨૦. રોગ ટાળી શકાય એવો હોય છે. તો લોકો શું પૂર્વ સાવચેતીઓ લઈ શકે?***

➤ ● આરોગ્યદાયક આહાર, ● વધુ કોલેસ્ટેરોલવાળો અને ઓઈલી ખોરાક ટાળવો, ● નિયમિત તપાસ, ● લક્ષણો આવે તો તત્કાલ સારવાર કરાવવી.

---

## શીળો છાંયડો આપતા વડીલો...

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

અને આજની પેઢીનાં જે યુવા ભાઈ બહેનો સારી કમાણી કરે છે એમને કોઈ આર્થિક પ્રશ્ન નડતો નથી પરંતુ જેમની આવક માર્યાદિત છે એમના માટે તો આવાં વડીલો ફક્ત 'છાયા' જ નહિ 'ફળ' પણ જરૂર આપે છે..! 'જીવનમૂડી'નું ફળ! એવાં પરિવારોમાં આવા 'કમાઉ' વડીલો 'આડા' નથી આવતાં. પરંતુ 'આડાં દેવા' કામ આવે છે એ હકીકત સ્વીકારવી રહી.

અને જે વડીલો આજે પરાધીન છે એમણે પણ આખી જિંદગી જાત ઘસી નાખી છે અને પછી 'બાગબાં' બન્યા છે. તેમ છતાં ઘણાં વડીલો સંજોગવશ આશ્રિત પણ હોય છે તો શું થયું? દરેક વડીલને સ્વમાનભેર જીવવાનો જન્મસિદ્ધ અધિકાર' છે અને એમાં જ પરિવારની શોભા છે અને કલ્યાણ પણ.

*અને છેલ્લે....*

*વડ જેવી છાયા આપે એ વડીલ;*<br>
*ઘરેડને વળગી રહે એ ઘરડો,*<br>
*જ્ઞાનમાં વૃદ્ધિ ન કરે એ વૃદ્ધ;*<br>
*અન્યના દોષો જુએ એ ડોસો.*

★

*કહું છું જવાનીને પાછી ન આવે.*<br>
*('ગળપણ' જેવા) ઘડપણનું સુખ મને ફાવી ગયું છે;*<br>
*મનને ના ગમતું (૨) ઘડપણનું 'ડહાપણ', પણ...*<br>
*'વય', તારી સમજણ વધી રે રહી છે !*<br>
*– વધતી વયથી વડીલ થવું ફરજિયાત છે, ઘરડા નહીં.*

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

# ફિટ – વાઈ – એપિલેપ્સી

*"આ બીમારી અન્ય બીમારી જેવી જ છે. અન્ય બીમારીના પ્રમાણમાં દૈવી કે પવિત્ર નથી. કારણ વિશે જાણકારી ન હોવાથી આપણે એને દૈવી શક્તિ માનીએ છીએ."*

*– હિપોક્રેટસ આધુનિક તબીબી વિજ્ઞાનના ભીષ્મ પિતામહ "એન સેક્રેડ ડિસીઝ" પુસ્તકમાં ૨૪૦૦ વર્ષો પહેલા.*

- **ફીટ - એપિલેપ્સી**

ફીટની બીમારી ન્યુરોલોજીકલ - બ્રેઈનની બીમારી છે જેમાં ઓચિંતી ફીટ - આંચકી આવે છે. મોટા ભાગના દર્દીઓ થોડા કલાકો બાદ પૂર્વવત નોર્મલ થાય છે.

- **ફીટની બીમારી કોને થાય?**

ફીટની બીમારી દુનિયાના દરેક દેશોમાં, દરેક સંસ્કૃતિમાં, ગરીબ - તવંગરના ભેદ વિના, શહેર તથા ગામડામાં, પુરૂષ અને સ્ત્રી બંનેમાં, નાની કે મોટી ઉંમરના બાધ વગર સૈકાઓથી પ્રચલિત છે.

- **વ્યાપ અને વિસ્તાર :**

સંશોધન - રીસર્ચ પ્રમાણે વિશ્વમાં ફીટની બીમારીના ૭ કરોડ લોકો છે. જેમાંથી ૧.૨ કરોડ એટલે કે છઠ્ઠા ભાગના લોકો ભારતમાં છે. અન્ય સર્વેક્ષણ મુજબ દર એક લાખની વસ્તીમાં ૨૦થી ૫૦ નવા કેસ ઉમેરાય છે.

- **રાષ્ટ્રીય એપિલેપ્સી દિવસ :**

ફીટની બીમારી એક જાહેર આરોગ્ય માટે મહત્ત્વની છે તથા ૭ કરોડ લોકોને આ બીમારી છે. તેથી એપિલેપ્સી દિવસ તરીકે મનાવવાનું નક્કી થયેલ છે.

ભારતમાં દર વર્ષે ૧૭ નવેમ્બર "રાષ્ટ્રીય એપિલેપ્સી દિવસ" તરીકે મનાવાય છે (આંતરરાષ્ટ્રીય એપિલેપ્સી દિવસ દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના બીજા સોમવારે ઉજવાય છે.)

- **રાષ્ટ્રીય એપિલેપ્સી દિવસ શા માટે?**

૧. ફીટની બીમારી વિશે વૈજ્ઞાનિક જાણકારી આપી જાગૃતિ લાવવા.
૨. નકારાત્મક વલણ બદલી સકારાત્મક વલણ અપનાવવા.
૩. ફીટની બીમારી વિશે ગેરસમજ દૂર કરવા.
૪. સકારાત્મક વલણ અપનાવી યોગ્ય સારવાર માટે દર્દી તથા કુટુંબીજનોને પ્રોત્સાહિત કરવા.
૫. યોગ્ય સારવારથી ફીટની બીમારીથી દર્દી પર થતી નકારાત્મક અસરો અટકાવવા.

- **એપિલેપ્સીમાં બ્રેઇનમાં થતા ફેરફારો :**

મનુષ્યના બ્રેઈનના મુખ્ય ત્રણ ભાગ છે : (૧) સેરેબ્રમ, (૨) સેરેબેલમ તથા (૩) બ્રેઈન સ્ટેમ.

સેરેબ્રમના ૪ ઉપવિભાગો છે : (૧) ફ્રન્ટલ લોબ, (૨) પેરાઇટલ લોબ, (૩) ટેમ્પોરલ લોબ, (૪) ઓક્સિપીટલ લોબ.

દરેકના કાર્યો અલગ અલગ છે. આ કાર્યો નિયમિત પ્રમાણે લયબધ્ધ રીતે થતા હોય છે. મગજના સૂક્ષ્મ ભાગ - ન્યુરોન છે. બ્રેઈનના દરેક ભાગોના ન્યુરોન (જ્ઞાનતંતુઓ) બીજા ન્યુરોન જોડે સંદેશાઓની આપ-લે કરતા હોય છે. દરેક ભાગ એકબીજાના સંપર્કમાં હોય છે. જો એક પણ ભાગના ન્યુરોન વ્યવસ્થિતપણે કાર્ય ન કરે તો એની નકારાત્મક અસર એના કાર્યો પર તો થાય જ છે પરંતુ બીજા વિભાગના કાર્યો પર પણ નકારાત્મક અસર થાય છે.

ફીટની બીમારીમાં ક્ષતિગ્રસ્ત ન્યુરોનમાંથી અનિયમિત સંદેશાઓ મોકલાય છે. જેના કારણે એ ભાગ તથા અન્ય ભાગો પર નકારાત્મક અસર થાય છે. જેના લીધે ફીટની બીમારીના લક્ષણો જોવા મળે છે. જે ભાગો પર અસર થાય એ પ્રમાણેના લક્ષણો જોવા મળે છે. જેવા કે (૧) જાગરૂકતા પર અસર (બેશુધ્ધપણું, અર્ધજાગરૂકતા), (૨) સ્નાયુઓ પર અસર (સ્નાયુઓ ખેંચાવાનું, અલગ અલગ સ્નાયુઓ ખેંચાય તથા થોડા સમયમાં ઢીલા પડી જાય, ફરીથી સંકોચાવાનું તથા ઢીલા પડવાની પ્રક્રિયા ચાલુ રહે. (૩) ઉર્મિતંત્રના લક્ષણો, (૪) ઇન્દ્રિયોમાં અલગ અલગ સંવેદનાઓ, (૫) વર્તણુંક પર અસર.

થોડા સમય બાદ ક્ષતિગ્રસ્ત ન્યુરોનથી ફરીથી નોર્મલ સંદેશાઓ મોકલાય છે. જેથી ઉપરોક્ત લક્ષણો કાબૂમાં આવે છે અને દર્દી પૂર્વવત નોર્મલ થાય છે.

- **કેસ સ્ટડી :**

૩૩ વર્ષની ગૃહિણી થોડા થોડા સમયમાં બેશુધ્ધ થઈ જતી હતી. થોડી મિનિટો બાદ શુધ્ધિમાં આવી જતી. મહિનામાં બે-એક વખત ગૃહિણીને બેશુધ્ધિના હુમલાઓ આવતા હતા. વચ્ચેના સમયમાં ગૃહિણી એકદમ નોર્મલ હતી. વચ્ચેના સમયમાં પોતાનું કામકાજ તથા જવાબદારીઓ

વ્યવસ્થિત રીતે નિભાવતી હતી.

ફેમિલી ડૉક્ટરને બતાડ્યું. બધી તપાસ કરાવી. સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન માથાનું કર્યું. બધું જ નોર્મલ આવ્યું.

કુટુંબીજનોને લાગ્યું કે કોઈ દેવીની અસર છે. ભુવાની વિધિ કરાવી. કાંઈ ફરક ન પડ્યો. એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સક (લેખક)ને કન્સલ્ટ કર્યા.

મનોવૈજ્ઞાનિક રીતે ઊંડાણમાં જતા નીચેની ઉપયોગી માહિતી મળી.

બેશુધ્ધ થવાની શરૂઆતમાં આંખોની સામે અંધારા આવતા તથા દુર્ગંધ આવતી. આ બાદ ગૃહિણી બેશુધ્ધ થઈ જતી. જ્યારે હોશમાં આવે ત્યારે આજુબાજુમાં કુટુંબીજનોને જોઈને આશ્ચર્યચકિત થાય. માથું તથા શરીરમાં ત્યારે કળતર થતી હોય.

પતિ તથા સાસુ પાસેથી માહિતી મળી કે તે નીચે પડી જાય પછી જોરથી હાથ-પગ હલાવે. અમારા કાબૂમાં ન રહે. ત્યારબાદ બેશુધ્ધ થઈને પડી રહે. થોડીવારમાં પોતાની રીતે શુધ્ધિમાં આવે. ક્યારેક કાંદા સુંઘાડીએ કે ચપ્પલ સુંઘાડીએ. પછી શુધ્ધિમાં આવે. બેશુધ્ધ થવા તથા શુધ્ધિમાં આવવા વચ્ચેના સમયમાં આજુબાજુ શું થાય છે તેની ગૃહિણીને ખબર ન હોય, યાદ પણ ન હોય.

ઘણી વખત આ દરમિયાન (૧) કપડામાં પેશાબ થઈ જાય. (૨) બે-એક વખત દાંત વચ્ચે જીભ કચડાઈ ગયેલ તથા જીભમાંથી લોહી નીકળેલ. (૩) રાત્રે ભર ઊંઘમાં પણ આવા બેશુધ્ધિના હુમલા આવ્યા છે. (૪) માસિક આવવાના બે દિવસ પહેલા પણ આ પ્રમાણે થયું છે. (૫) એક વખત માથામાં જોરદાર પલંગ વાગ્યો હતો તથા માથામાંથી લોહી નીકળ્યું હતું.

શારીરિક તપાસ (નાડીના ધબકારા, બી.પી., અન્ય તપાસ) નોર્મલ હતી.

બેશુધ્ધિના હુમલાના બીજા દિવસે ઇ.ઇ.જી. (બ્રેઇનનો કાર્ડિયોગ્રામ) કરાવેલ. જે એબનોર્મલ હતો.

- **નિદાન**

ઉપરોક્ત માહિતી, શારીરિક, તપાસ, ઇ.ઇ.જી. પરથી ફીટ - એપિલેપ્સીનું નિદાન કર્યું.

- **સારવાર**

ફીટ માટેની દવાઓ (એન્ટી એપિલેપ્ટીક દવાઓ) શરૂ કરી. દર્દી તથા કુટુંબીજનોનું સાઈકો એજ્યુકેશન કર્યું. કુટુંબીજનોના વલણમાં યોગ્ય ફેરફારો થયા.

છેલ્લા છ મહિનાથી એક પણ હુમલો આવ્યો નથી.

*(ક્રમશઃ)*

## છાતીમાં દુઃખાવો : હૃદયરોગ કે ભ્રમણા

**(અનુસંધાન : પાના નં.– ૪૧ ઉપરથી ચાલુ)**

★ હૃદયની નળીઓમાં ક્ષાર કે ચીકાશ ના ચોંટે તેનું ધ્યાન રાખવાનું છે. Lipid Profile NORMALના સૂચકાંક બદલાઈ ગયા છે.

★ ડિજીટલ યુગમાં અંધશ્રદ્ધા નહીં પરંતુ શ્રદ્ધા જ આપણી તંદુરસ્તી ટકાવી રાખશે.

***હવે હૃદયરોગ વિશેની ચર્ચા ચાલી છે તો છેલ્લા ૪૫ વર્ષમાં દર્દીઓ સાથેના અનુભવો જોઈએ.***

**દર્દી-૧ :** મારા પિતાશ્રીની ઉંમર ૭૫ વર્ષ. બ્લડ પ્રેશર, ડાયાબિટીસ પાંચ વર્ષથી. છેલ્લા ૪-૫ દિવસથી ૫૦૦ મીટર જેટલું ચાલતા પણ છાતીમાં દુઃખાવો થાય. જમ્યા પછી પણ થાય. હૃદયરોગના નિષ્ણાંતને તપાસી, ઈસીજી, ઈકોનો રીપોર્ટ કરી એન્જિયોગ્રાફીની સલાહ. ત્રણે નળીઓ ૯૦% ઉપરાંત બ્લોક. બાયપાસની સલાહ. સાહેબ આ ઉંમરે? ઈકોના રીપોર્ટમાં હૃદયના સ્નાયુઓને નુકસાન ન થયું હોય તો ઉંમર સાથે લેવા દેવા નથી. આર્થિક રીતે પોષાઈ શકે, વીમાના કવચ દ્વારા બાયપાસ કરાવી લો. બીજા વીસ વર્ષ તંદુરસ્ત જીવન જીવી શકશો.

**દર્દી-૨ :** મારી માતાની ઉંમર ૮૨ વર્ષ. ડાયાબિટીસ, બી.પી ૧૦ વર્ષથી. ફિઝીશિયનને બતાવતા, ઈ.સી.જી. જોઈ હૃદયરોગના નિષ્ણાંત પાસે મોકલ્યા. બાને કોઈ તકલીફ? ના. કેટલું ચાલે? ૨-૩ કિ.મી. ન તો દુઃખાવો, ન શ્વાસની કોઈ તકલીફ. એન્જિયોગ્રાફી થઈ. ત્રણે નળીઓ બ્લોક. તાત્કાલિક દાખલ કરી દો. મેં કીધું તેમને કોઈ તકલીફ નથી તો? અનુભવી હૃદયરોગના નિષ્ણાંતને બતાવ્યું. TMT કર્યો. દર્દી છાતીમાં દુઃખાવા, શ્વાસ ચઢવા સિવાય ટાર્ગેટ હાર્ટ રેટ – ૯૦% ઉપરાંત પસાર કર્યો

***નિર્ણય :*** તમારે બાયપાસની જરૂર નથી. જે વ્યકિત ૩૦ મિનિટ ચાલે, શ્વાસ ન ચઢે, છાતીમાં દુઃખાવા, ચકકર ન આવે તેને કોઈ સર્જરીની જરૂર નથી; માત્ર દવાઓ...

***છેલ્લે...***

*નજર કો બદલો, નજારે બદલ જાએગા,*
*સોચકો બદલો, સિતારે બદલ જાએગા.*
*દષ્ટિયાં બદલને કી જરૂરત નહીં હૈ,*
*દિશા બદલો, કિનારા બદલ જાયેગા.*

*ખોઈ દે પછી શોધ્યા કરે છે. બસ, આજ રમત લોકો જિંદગીભર રમ્યા કરે છે. પછી એ 'પ્રેમ' હોય કે 'પૈસો', 'સંબંધ' હોય કે 'વિશ્વાસ'.*

# છાતીમાં દુઃખાવો : હૃદયરોગ કે ભ્રમણા

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

સાહેબ, મારો છાતીનો દુઃખાવો મટાડી દો! હું ખૂબ હેરાન થઈ ગયો છું. ઘણા ડૉકટરને બતાવ્યું. બધા રીપોર્ટ નોર્મલ છે છતાં દુઃખાવામાં રાહત નથી. બધી વાતો ધ્યાનથી સાંભળ્યા પછી કહ્યું, ભાઈ, તમારી વાત સાચી છે. ત્રણ ચાર ફાઈલો લઈને આવ્યા હતા. ઉપર ઉપરથી બધા કાગળો, રીપોર્ટ જોઈ બીજે દિવસે નિરાંતે સાંજે સાડા સાત પછી આવવાનું કહ્યું. તો પ્રશ્ન કયો છે? સમજી લઈએ...

૧. બધા જ છાતીના દુઃખાવા હૃદયરોગ - હાર્ટઍટેક હોતા નથી.
૨. વિજ્ઞાનને સમજી, સારા ડૉક્ટર ઉપર ભરોસો રાખી જીવન જીવતા શીખવું પડશે.
૩. સારા ડૉકટરની હવા સમાજમાં હોય છે એટલે સિક્કા મારવાની જરૂર નથી.
૪. ખિસ્સામાં Sorbitrate ની ગોળી નહીં પરંતુ DISPRIN ની ગોળી સાવધાની માટે રાખી શકાય.
૫. હાર્ટઍટેકનો દર સમાજમાં યુવાન વયે વધુ પ્રર્વતમાન છે તેના કારણે મૃત્યુ પણ તે વાસ્તવિકતા છે.
૬. છાતીના દુઃખાવાને હૃદયરોગની ભ્રમણા લઈ ફરવાની જરૂર નથી. બધા રીપોર્ટ નોર્મલ હોય તો તે મોટાભાગે માત્ર ને માત્ર સ્નાયુ, પાંસળીના કારણે થતા હોય છે.
૭. સારા હૃદયરોગના નિષ્ણાંતને કારણ વિનાની એન્જિયોગ્રાફી, બલુન, સ્ટેન્ડ કે બાયપાસ માટે સમય જ નથી કારણ કે તેઓ –
   - ★ એવા શ્રીમંત છે, જે ઉદાર છે; એવા શકિતશાળી છે, જે નમ્ર છે.
   - ★ એવા બુદ્ધિશાળી છે, જે ખૂબજ સરળ, સામર્થ્યવાન અને દયાળુ છે.
   - ★ જી હા, સમાજમાં હજી દીવો બળે છે. બધા જ પ્રોફેશનલ માણસો હલકટ અને લુચ્ચા નથી.
   - ★ તમે તમારી જાતને પણ તપાસી જોઈ લેજો. પછી બીજાને વાત કરજો કે અભિપ્રાય આપશો. નહિંતર સૂકા ભેગું લીલું બળી જશે.

*જરાક આ પંકિતઓને સમજી લઈએ.*

*વિચારું છું કદી મારા વિશે તો એમ લાગે છે*
*કે હું મારા જ પોતાથી ય ક્યાં પૂરો પરીચિત છું?*

આજકાલ હૃદયરોગના ડૉકટરો ઑપરેશનો વધારે કરતાં લાગે છે. મારા મિત્રએ હોસ્પિટલની બહાર લોનમાં / બાંકડા ઉપર બેસતાં જ હૈયા વરાળ કાઢી. અરે યાર જલસા છે, છાતીમાં દુઃખાવો થયો નથી કે ફટાફટ આઈ.સી.સી.યુ.માં ભરતી; કાર્ડિયોગ્રામ જોઈ એન્જિયોગ્રાફી કરવાની વાત થાય. ડૉક્ટર સમજાવે કે કેટલી નળી બ્લોક છે, હૃદયના સ્નાયુઓને કેટલું નુકસાન થયું છે, એન્જિયોગ્રાફી (બલુન, સ્ટેન્ડ) કે બાયપાસ કરાવવી પડશે – હાલ સમય છે. WINDOW પીરિયડ હૃદયરોગ થયા પછી ૧૨૦ મિનિટમાં હૃદયની નળીમાં થયેલો ગઠ્ઠો જેલી સ્વરૂપમાં હોય તે દૂર કરવાથી જાણે હૃદયરોગ થયો નથી. જે તે હૃદયના સ્નાયુ જીવંત થાય તો હૃદયનું પમ્પિંગ સારું થાય અને તંદુરસ્ત જીવન જીવી શકાય.

પહેલાં તો આઈ.સી.યુ.નો ખર્ચ – એન્જિયોગ્રાફી, બલુન, સ્ટેન્ડ – બાયપાસ સર્જરી, ને હવે તો MICA બાયપાસની વાત – ખર્ચ ક્યાં સુધી પહોંચે?

હવે સારી રીતે જીવવું હશે તો તમારો ઈન્સ્યુરન્સ, ઓછામાં ઓછી બે પોલીસી - નોર્મલ ને ટોપ અપ એટલે રૂા. ૧૦,૦૦,૦૦૦/- સુધી હોવી જોઈશે / જે તે રાજયનું આયુષ્યમાન કાર્ડ તો ફરજિયાત છે.

તો શું સાહેબ, આ બધી શોધખોળો નહોતી થઈ તે પહેલાં હૃદયરોગના દર્દીઓ આ સિવાય જીવતા ન હતા? જીવતા હતા પરંતુ...

- ★ હૃદયરોગની પૂરતી સમજણ આવ્યા પછી મૃત્યુ દર ઘટ્યો છે.
- ★ અચાનક મૃત્યુની સંખ્યામાં ઘટાડો થયો છે. જીવન જીવવાની પદ્ધતિમાં બદલાવ (SCD) દર્દી રોજબરોજની ક્રિયાઓ સારી રીતે કરી શકે છે.
- ★ નિયમિત દવાઓ, ખાવાની ટેવોમાં સુધાર, યોગ, નિયમિત ચાલવાના સૂચનોથી દર્દીઓને ઘણો ફાયદો થયો છે (QUALITY OF LIFE).
- ★ હૃદયના સ્નાયુઓને સાચવવાના છે.
- ★ મલાઈ, મીઠાઈ, મોરસ, માખણ, મીઠું (Salt)નો મોહ છોડવાનો છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૦ ઉપર)

# તો રામ રાજ્યની કલ્પના જરૂરથી સાકાર થાત

પ્રભુલાલ એમ. સંઘવી

તમે કદી એ વિચાર્યું છે ખરું કે દુઃખ દર્દોની વણઝાર આ દુનિયામાં આવે છે ક્યાંથી? ક્યારેક એવો વિચાર પણ કર્યો છે ખરો કે આ ધરતી પર દુઃખ અને મુસીબતના પહાડો ખડકાતા જાય છે તેનું જનરેટીંગ પોઇન્ટ ક્યાં છે?

જ્યાં સુધી તેના મૂળને પકડી શકીએ નહીં ત્યાં સુધી આપણા દુઃખની દવા ક્યારેય કારગત નિવડશે નહીં તે દીવા જેવું સ્પષ્ટ છે.

ત્રીજા વિશ્વના અનેક દેશો આજે કારમી ગરીબીમાં સબડે છે અને વિકાસ પામતા દેશોમાં પણ ગરીબી કંઈ ઓછી નથી.

ગરીબી બીજા અનેક અનિષ્ટોને નોંતરે છે. ચોરી, લૂંટફાંટ, ગુનાખોરી અને એવી બીજી અનેક સામાજિક પ્રવૃત્તિના મૂળમાં ગરીબી અને શિક્ષણનો અભાવ મુખ્યત્વે કારણભૂત હોય છે.

આ બધું જોઈને કેટલાક લોકો અણસમજમાં બોલી ઉઠતા હોય છે કે : “ઈશ્વર ઈન્સાનને આટલું બધું દુઃખ શા માટે આપતો હશે?” – આવું કહેવું, વિચારવું એ એક સરાસર ગેરસમજ અને ભૂલભરેલું છે.

આપણે સનાતન સત્યને સમજી લેવું ઘટે કે પ્રભુ તો આપણા જીવનમાત્રનો પ્રેમાળ પિતા છે અને એ નાતે તે કદી પોતાના સંતાનો પર દુઃખના ડુંગરો ખડકે જ નહીં.

જે કંઈ દુઃખ-દર્દ, યાતનાઓનો અનુભવ થાય છે, તે માનવસર્જિત છે. માનવીના કૂકર્મોનું પરિણામ માત્ર છે અને ઈશ્વરની આજ્ઞાઓને ન અનુસરવાનું પરિણામ છે.

આ કોઈ લેખકની કલ્પના નથી, નરી વાસ્તવિક્તા છે, હકીકત છે. ઈશ્વર કદી કોઈને લાચાર - ગરીબ બનાવતો નથી. ચોર, ડાકુ, ખૂની, ગુનેગાર, અપરાધી બને છે.

આજની એકવીસમી સદી વટાવવાની આરે ઊભેલી માનવજાત ઈશ્વરને વિસરી જવાથી - તેની ઉપસ્થિતિને નજરઅંદાજ કરવાથી ગમે તેવા કૂકર્મ કરતા સહેજે ખચકાતી હોતી નથી.

ઈશ્વર હાજરાહજૂર છે. તે સઘળું નિહાળે છે. તેનાથી કશું અજાણ નથી. કણકણમાં ભગવાનનો વાસ છે – વગેરે વગેરે ઈશ્વરના અસ્તિત્વ વિશે આપણે કહેતા હોઈએ છીએ. પરંતુ અત્યંત ખેદ સાથે કહેવું પડે છે કે આ બધું કહેવા ખાતર કહેતા હોઈએ છીએ.

ગુના કરતી વખતે તેના અસ્તિત્વ હોવા વિશે આંખ આડા કાન કરી દેતા જરાય ખચકાતા નથી.

ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા મજબૂત હોતી નથી.

માનવી પોતાના રોજિંદા વ્યવહારમાં જે કાર્યો કરતો હોય છે ત્યારે તેને કદી એવો વિચાર આવે છે ખરો કે ઈશ્વર આપણા દરેકે દરેક કૃત્યોને નિહાળી રહ્યો છે? જો આવી અનુભૂતિ કરતા હોઈએ તો આજે ગુનેગારોનું સામ્રાજ્ય ન હોત!

**બોધ :**

- ★ ઈશ્વરે શ્રીમંતોને નાણાંનો સંગ્રહ કરવાની ના પાડી છે.
- ★ દાન - દયા ધર્મ કરતા રહેવાની આજ્ઞા કરી છે.
- ★ તમે જેટલું કમાવ તેમાંથી તમારા સામાજિક મોભા પ્રમાણે અંગત અને કુટુંબ માટે ખર્ચ કરો અને બાકી રહેલા નાણાં ભલે લાખોના હિસાબે હોય તે ઈશ્વરના દાખવેલા પરોપકારના માર્ગમાં ખર્ચ કરો. આ નિયમ દરેક વ્યક્તિ, કુટુંબ, સમાજના નાના-મોટા દરેક વર્ગને સ્પર્શે છે.

જરા શાંત ચિત્તે વિચારો... શું ઈશ્વરની આ આજ્ઞાને આપણે માન્ય રાખી છે ખરી?

અને જો આ આજ્ઞા પર અમલ થતો હોય તો આ ધરતી પર ભીખ માંગતો કોઈ કરતા કોઇ ભિક્ષુક નજરે પડત ખરો? નિઃશંક નહીં જ...!

તો રામ રાજ્યની કલ્પના જરૂર સાકાર થાત...

*ઘાટકોપર, મુંબઈ*
*મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬*

## મુસ્લિમ વસ્તી ધરાવતા દેશો

જે દેશોમાં મુસ્લિમોની વસ્તી વધુ હોય તેવા ૫૭ દેશો આ દુનિયામાં છે.

જ્યાં મુસ્લિમોની સંખ્યા વધુ હોય તેવા દેશો નીચે મુજબ છે (ક્રમાંકમાં અગ્રેસર દેશો)

| | | |
|---|---|---|
| ઈન્ડોનેશિયા | : | ૨૪.૪ કરોડ |
| પાકિસ્તાન | : | ૨૪.૦ કરોડ |
| ભારત | : | ૨૦.૦ કરોડ |
| બાંગ્લાદેશ | : | ૧૫.૦ કરોડ |

# યુવા પેઢીને શીખ

તરુલતા નરેન્દ્ર શાહ

દીકરીઓ અને દીકરાઓ, તમે તમારા ક્ષેત્રમાં સફળ છો. સારી કેરિયર બનાવી છે, ભગવાને આપેલ કે નસીબથી મળેલ સંબંધો અને સ્વબળે મહેનતથી મળેલ ડિગ્રીનો ઉપયોગ કરો છો. લગ્ન થતા જ બધા જ સંબંધો સાસુ-સસરા, કાકાજી-મામાજી, ફોઈજી, દેરાણી-જેઠાણી, નણંદ-દિયર – આ દરેક સંબંધો મનથી કે ફરજ સમજીને સ્વિકાર્યા.

પણ ભગવાને આપેલી તમને એક વિશિષ્ટ ભેટ - દરજ્જો (દીકરીઓ માટે) 'મા'નો હજી સ્વિકાર્યો નથી. એના તરફ ધ્યાન - બેધ્યાન કરી દીધું છે – કેરિયરને કારણે!

દીકરીઓ, આ જ 'મા'નો હોદ્દો તમને તમારા સમકક્ષ અને પુરુષોથી તમને બે હાથ ઊંચે લઈ જશે. 'મા' બન્યા વગર જિંદગી અધૂરી છે. એ એક અહેસાસ છે. બધાથી અલગ આનંદ સંતોષની ચરમસીમા સમ છે. માનવજન્મની સ્ત્રી અવતારની પૂર્ણતા છે. માનવ અવતાર ઘડી ઘડી નથી મળતો. મીઠો મધુરો દિલથી જોડાયેલ સંબંધ છે. વળી જૈનોની સંખ્યાની દૃષ્ટિએ કે જનસમાજનો રાજકીય રીતે પણ સંખ્યાબળમાં તમારો ફાળો એક સારા-સમજુ નાગરિક તરીકે જરૂરી છે. આપણા સૌની જવાબદારી છે. માટે કેરિયરમાં સમાધાન કરીને આ બાબત પર ચોક્કસથી વિચારવું પડશે. આજે છોકરીઓ કેરિયર પાછળ ઘર, મા-બાપ, સંતાન – દરેક પ્રત્યેની ફરજ ચૂકી જાય છે.

કેરિયર અને ઘર વચ્ચે સંતુલન સાધો એ જ તમારું સાચું ભણતર ને ગણતર. છોકરીઓને પણ બિચારા બનાવી દીધા છે. પહેલા જે અમારી પેઢી સંભાળતી, એ કામ જેવા કે છોકરા સંભાળવા, ઘરકામમાં મદદ કરવી, રજાઓમાં કમ્પલસરી બહારગામ જવું - જમવું – એ બધું તમે પતિ બનનાર છોકરાઓ પર નાંખી દીધા છે.

લગ્ન પછી છોકરાઓની જવાબદારી ઘટી નથી. નવા જમાનાના નિયમ સાથે વધી ગઈ છે. તેઓ ઘર - પરિવારને સુખી કરવા ડબલ મહેનત કરે છે, રાત-દિવસ એક કરે છે અને છોકરીઓ સમાનતાના નામે ઘરમાં કંકાસ કરે છે. છોકરો મા-બાપ અને પત્ની વચ્ચે પીસાય છે. આ શરમજનક બાબત છે. આનાથી ઘર તૂટે છે. કુટુંબવ્યવસ્થા ખોરવાઈ જાય છે. ભારતમાં સંસ્કૃતિ - ધર્મ - રીતિ-રિવાજ બધાનો પાયો જ કુટુંબ વ્યવસ્થા છે. માટે તમારા ભણતર-ગણતર-સંસ્કાર વગોવાય નહીં પણ દીપી ઊઠે એવું વર્તન કરો.

દુનિયામાં શ્રેષ્ઠ ગણાતી આપણી કુટુંબ વ્યવસ્થાનું જતન કરો. તમે હવે ૨૫-૨૭ વર્ષ પછી પૂર્ણ મેચ્યોરીટીની ઉંમરે લગ્ન કરો છો. તો પોતાને મળેલ સાસરિયાના ઘર પ્રમાણેનું વર્તન કરો. એને પોતીકું ઘર બનાવો. એમાં કોઈ મિત્ર કે મા-બાપની વારંવાર થતી કે અપાતી સલાહને અવગણીને તમારી બુદ્ધિ - ઘરના વાતાવરણ પ્રમાણે મન-વચનથી કર્મ કરો.

*બસ, એજ...*
*સમજુ-શાણા દીકરા-દીકરીઓને (ખાસ) શીખ...*

## રાજા મહારાજાને લગતી પ્રેરક સત્ય ઘટના

દેશ જે દિવસે 'આઝાદ' થયો ત્યારે પહેલી 'સહી' 'ભાવનગરના મહારાજા'એ કરી. ગાંધીજી પણ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયેલા. ૧૮૦૦ પાદર ગામ સૌથી પહેલા આપનારા એ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી.

ભાવનગર મહારાજે વલ્લભભાઈ પટેલને પૂછ્યું, વલ્લભભાઈ મને પાંચ મિનિટનો સમય આપશો?

વલ્લભભાઈએ મહારાજાને કહ્યું કે, પાંચ મિનિટ નહીં બાપુ, તમે કહો એટલો સમય આપું.

ભાવનગર મહારાજે વલ્લભભાઈને વાત કરી કે, આ રાજ તો મારા બાપનું છે, મારું છે. સહી કરું એટલી વાર છે. દેશ આઝાદ થઈ જશે, પણ મહારાણીનો જે કરિયાવર આવ્યો છે એનો હું માલિક નથી. મારે મહારાણીને પૂછાવવું છે કે એ સંપત્તિનું શું કરવું?

એક માણસ મહારાણીને પૂછવા ગયો.

માણસે મહારાણીને કહ્યું કે, મહારાજ સાહેબે પૂછાવ્યું છે કે પોતે સહી કરે એટલી વાર છે. રજવાડાં ખતમ થશે, દેશ આઝાદ થશે. પણ તમારા દાયજાનું શું કરવું?

ત્યારે ગોહિલવાડની આ રાણીએ જવાબ આપ્યો કે, મહારાજને કહી દો કે આખો હાથી જતો હોય ત્યારે એનો શણગાર ઉતારવાનો ના હોય, "હાથી શણગાર સમેત આપો તો જ સારો લાગે.

આરપાર : દેશ આઝાદ થઈ ગયો પછી મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ મદ્રાસનું ગવર્નર પદ શોભાવ્યું, અને એ પણ ૧ રૂપિયાના માનદ્ વેતનની શરતે."

ભગવદ્ ગીતા મુજબ વ્યક્તિની મહાનતા સત્તા, સંપત્તિ કે સૌંદર્યમાં નહીં પણ સુકાર્યોમાં છે

# "ગામનો ઓટલો"

દિનકર ખીમજી ગડા

ઘર એટલે હૂંફ, લાગણી, શાંતિ, સલામતી, પ્રેમ, એકતાનો મઘમઘતો બગીચો. આવા જ એક ઘરની બહાર અડીખમ ઊભો ચોકીદાર એટલે ઓટલો. સૌને પ્રેમથી, ભાવથી આવકારતો હોઉં છું.

બચપણમાં એ બાલુડા તલક પડછાયો રમતા રમતા મારા માથા ઉપર સવાર થઈ ઉછળકૂદ કરતા સવાર થઈ જાય છે. એમનો એ ભાર પણ મને વહાલો લાગે છે. વિજેતા ભેરૂની એ ઉછળકૂદ મને ગલીપચી કરતું લાગે છે. બાલુડાઓની એ ખુશીનો હું સાક્ષી છું.

આંગણામાં ઉભેલા એ લીમડા અને મારી વચ્ચે ભલે ઓસરીએ બાઉન્ડરી મારી છે પણ છીએ તો અમે બંને મુસાફરોને મીઠી નીંદર આપનારા. અમે બંને સખત તડકા છાંયા, ઠંડીની માર ખાધી છે છતાં અમે છીએ તો માલિકના વફાદાર ભેરૂ.

ઘરરર કરતી મોટર અને છકડાની સ્પીડને રોકવા ક્યારેક મારે RTO ની ભૂમિકા પણ ભજવવી પડે છે. મારી ગોદમાં વીયાણી એ કૂતરી અને ગલુડિયાને ઓથ આપી જીવદયાનું કરી આપવું મારા જીવનની સાર્થકતા છે.

મારા ખૂણે એ યાદીની ભીરૂતા મને સ્પર્શી જાય છે. ચાડિયાનો એંઠવાડ ખાતી ગાય મારા પર પૂંછડી પટપટાવી આશીર્વાદ આપતી જાય છે. વરસાદ હોય કે તડકો, મારી ગોદમાં કૂતરા મીઠી અધૂકડી નીંદર માણી લે છે, શાંતિની શોધ અહીં પૂરી થાય છે.

રેલવે ટ્રેકની જેમ સામેની બાજુએ મારો પાડોશી ઓટલો ધરતીકંપમાં ધરબાઈ ગયો. શું થાય? જેવા એના કર્મ! આમેય હવે નવી પેઢી બંગલા બંધાવે છે ત્યારે મારું તો હવે બહાર સ્થાન જ નથી રહ્યું. ઘરનો હું ચોકીદાર. નથી લેતો પગાર કે નથી લેતો ઘરની વહેંચણીમાં મારો ભાગ. સમયની થપાટોમાં હવે તો હું પણ ખંડેર થઈ ગયો છું.

ઠાકોર કોમનો વરરાજા પસલી માટે મારી પાસે આવે છે ત્યારે મારી શાન પણ વધી જાય છે. નવરાત્રિની એ ગોરાણીઓના ગીતથી મારું દિલ પણ છલકાઈ જાય છે. એ પંચાત સભા ભરાતી એ ગરીમાની યાદગાર ક્ષણ, કઈ કેટલી સંવેદના વાગોળવાનું મન થાય છે. કરશનકાકા બકાલો લઈ મારી સાથે બે ઘડી ગોષ્ઠિ કરી લે છે. ગોધૂલ ટાણે ગાયોના ટોળા ઉડાડતી ધૂળથી હરખાઈ જાઉં છું. ક્યારેક વર્ષોથી બંધ પડેલી ડેલીના કમાડ ઉઘડે ત્યારે મારા રૂંવાડા ઊભા થઈ જાય છે. સાંજ પડે ને વિદાય લેતા અજવાળાને જોઈ હું પણ સૂનકારની ઓઢણી ઓઢી સૂઈ જાઉં છું.

ચોમાસે વરસતા નેવા ને નળિયા મારી સાથે તાળી મિત્ર બની જાય છે. મારા માલિકના કેટલાય સુખ-દુઃખનો હું સાક્ષી છું. ઘણીવાર ઝઘડાની જમાવટ હું સાક્ષીભાવે જોયા કરું છું. કેટલીક ઘટનાનો હું સાક્ષી છું. જે બારણે દીકરીએ લીલા તોરણ લટકાવીને આખા ઘરને હરિયાળું કર્યું હોય છે, એ દીકરીની વસમી વિદાયનું હું સાક્ષી છું. કોઈ નવયુગલના આગમનની ઉજવણીમાં મારી છાતી ફૂલાઈ જાય છે. દિવાળીના દિવસે મારા મુકુટે દીવડા ટમટમે છે. દરેક મહેમાનોને આવકારતા અતિથિઓના દરેક પગલાનો હિસાબ મારી પાસે છે.

જૂની સ્મૃતિના પટારાને ખોલીને ફળિયામાં ઊભા ઓટલાની જિંદગીના થોડાક સ્મરણો ઝાંખી થયેલી દીવાલ પર ચીતરવા જેવા છે. આજે જ્યારે ઓટલા ગાયબ થતા જાય છે ત્યારે માત્ર જગ્યા ઓછી નથી થતી, પણ એક આખી જીવંત સંસ્કૃતિ ભૂંસાતી જાય છે. આલીશાન એપાર્ટમેન્ટની અટારીએથી બહાર જોવા ટેવાઈ ગયેલી આંખોને ઓટલાના ખૂણે ઉગેલા ફૂલના દર્શન કરવા ક્યારેક તો આવો મને મળવા...!

*મુલુંડ, મુંબઈ.*
*મો. ૯૮૬૭૩ ૩૧૬૨૮*

## પાણી તારા કેટલા નામ...

*આકાશથી પડે તો.... વરસાદ*
*આકાશ તરફ જાય તો.... વાદળ*

*જો જામીને પડે તો.... કરા*
*પડીને જામે તો તો.... બરફ*

*ફૂલ પર હોય તો.... ઝાકળ*
*એક જગ્યાએ એકઠું થાય તો.... સરોવર*
*વહે તો.... નદી*

*સીમાઓમાં રહે તો.... જીવન*
*સીમાઓ તોડે તો.... પ્રલય.*

*આંખોથી નીકળે તો.... આંસુ*
*શરીરમાંથી નીકળે તો.... પરસેવો*
*અને જો ભગવાનના ચરણ સ્પર્શ કરીને નીકળે તો... ચરણામૃત.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

આ જિંદગી એક ટૂંકો પ્રવાસ છે,
ઓછા સમયમાં
વધુ જીવવાનો પ્રયાસ છે.
સાચવવા જેવી ચીજ મનની મીઠાશ છે
અને ભૂલવા જેવી ચીજ
સંબંધોની કડવાશ છે.

સમયને ઓળખતા,
પ્રસંગને સાચવતા,
માણસને સમજાવતા અને
તકને ઝડપતા આવડી ગયું
તો સમજજો કે
"જિંદગી જીતી ગયા અને જીવી ગયા."

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)



JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
NABL
36 Years Of Trust
Dr. Jivraj Mehta Hospital Parivar wishes you a
Chinta-Free Diwali and a Prosperous New Year
JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
24 x 7 EMERGENCY DEPARTMENT
1Lac+ Operations
21Lac+ Patients Treated
350+ Doctors
205+ Hospital Beds
OPD: Mon-Sat, 9 AM – 5 PM | For Appointments, Call +91 6357188191
079 2663 6363
jivrajhealthcare.org
info@jivrajhealthcare.org
Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007
Follow us on:
24/7 EMERGENCY SERVICES

Since 1985

# INDOTEX PAINTS

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

**PRODUCTS** • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

**Contact No.: 9825033596 • 9712133596 • 9909444598**
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

*With Best Compliments From*

# Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

# શાંતિનાથ ડેકોરેટર્સ

(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

• શુભેચ્છા સહ •

પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions

ડૉ.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Speed up ur Business

ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**